પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૮-૦૩-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૮૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# હોર્મુઝ સ્ટ્રેટ ખોલાવવા અમેરિકા દ્વારા નિર્ણાયક જંગ

## અમેરિકાએ ૨૨૦૦ કિલોનો બંકર બસ્ટર બોંબ ઝીંકતા વળતા પ્રહારમાં ઈરાને કલસ્ટર મિસાઈલો વરસાવી

નવી દિલ્હી, તા. ૧૮

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચે ચાલી રહેલા યુધ્ધમાં હવે વધુ ભયાનક અને ખતરનાક ઘટનાક્રમો સર્જાવા લાગ્યા છે. યુધ્ધ અટકાવવા માટે ઝુકવાનો ઈરાને ઈન્કાર કરતા અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઈરાનની મિસાઈલ સાઈટ પર ૨૨૦૦ કિલોનો બંકર બસ્ટર બોમ્બ ઝીંક્યો હતો. બીજી તરફ ખામેનેઈ બાદ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રમુખ અલી લારીજાનના મોતનો બદલો લેવા ઈરાને ઈઝરાયેલ પર કલસ્ટર મિસાઈલનો વરસાદ વરસાવ્યો હતો.

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું છે તે ખોલાવવા અમેરિકાએ અન્ય સાથી દેશોને પોતાના યુધ્ધ જહાજો મોકલવા આહવાન કર્યું હતું પરંતુ બીજા દેશોએ જવાબ નહીં આપતા હવે અમેરિકાએ એકલા હાથે ઝનૂનપૂર્વક આક્રમણ શરૂ કર્યું છે.મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધ વધુ ભયાનક બન્યું છે. અમેરિકાએ ઈરાનના દરિયાકાંઠાના મિસાઈલ ઠેકાણાઓ પર ૫૦૦૦ પાઉન્ડના બોમ્બ વર્ષાવીને તેમને તબાહ કરી દીધા છે.

અમેરિકન સેનાએ હોર્મુઝની ખાડી નજીક ઈરાની તટરેખા પર આવેલા મજબૂત મિસાઈલ બેઝ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો હતો.અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ ઓપરેશનમાં ૫૦૦૦ પાઉન્ડ (આશરે ૨૨૬૭ કિલોગ્રામ) ના અત્યંત શક્તિશાળી બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે ઊંડે સુધી જઈને તબાહી મચાવવાની ક્ષમતા ધરાવે છે. આ ઠેકાણાઓ પર રહેલી એન્ટિ-શિપ ક્રૂઝ મિસાઈલો આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માટે મોટું જોખમ હતી, જેને અમેરિકાએ સફળતાપૂર્વક ખતમ કરી દીધી છે.

હોર્મુઝ સુરક્ષિત રાખવા માટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નાટો અને અન્ય સાથી દેશો પાસે મદદ માંગી હતી, પરંતુ તમામ મુખ્ય દેશોએ આ યુદ્ધમાં જોડાવાનો ઈનકાર કરી દીધો છે. ટ્રમ્પે આ અંગે ભારે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, તેઓ દુનિયાની ભલાઈ માટે આ યુદ્ધ લડી રહ્યા છે, પરંતુ કોઈ દેશ તેમને સાથ આપવા તૈયાર નથી.

તેમણે સાથી દેશો પર 'અહેસાન ફરામોશ' હોવાનો આરોપ લગાવતા કહ્યું કે, યુક્રેન યુદ્ધમાં આ દેશોએ અમેરિકા પાસેથી અબજો ડોલરની મદદ લીધી હતી, પણ આજે જ્યારે અમેરિકા અને ઈઝરાયલને જરૂર છે ત્યારે તેઓ પાછળ હટી રહ્યા છે.

### હોર્મુઝ સ્ટ્રેટ નજીકની ઈરાની મિસાઈલ સાઈટનો કચ્ચરઘાણ

# રાજ્યસભાના ૩૭ સભ્યો માનભેર વિદાય કરાઈ

### દેવગૌડા, ખડગે, પવાર પાસેથી નવા સાંસદોએ શીખવું જોઇએ : મોદી




નવી દિલ્હી, તા. ૧૮

રાજ્યસભામાં બુધવારે પીએમ મોદીએ નિવૃત્ત થઈ રહેલા ૩૭ સાંસદોને વિદાય ભાષણ આપ્યું. તેમણે કહ્યું કે, આ સદનમાંથી જે પણ સભ્યો વિદાય લઈ રહ્યા છે, તેમાંના કેટલાક સભ્યો એવા છે જેમને સદન દરમિયાન જ વિદાય મળી રહી છે. આ વિદાય લેતા માનનીય સભ્યોનું મોટું યોગદાન છે. હું કહીશ કે આદરણીય દેવગૌડાજી, ખડગેજી, શરદ પવારજી એવા લોકો છે, જેમના જીવનની અડધાથી વધુ ઉંમર સંસદીય કાર્યપ્રણાલીમાં વીતી છે.

આટલા લાંબા અનુભવી સભ્યો પાસેથી નવા સભ્યોએ શીખવું જોઈએ. સમાજ પ્રત્યે જે જવાબદારી રહી છે, તેના પ્રત્યે સમર્પિત રહેવું એ આ નેતાઓ પાસેથી શીખવા જેવું છે. હું તેમના યોગદાનની પ્રશંસા કરું છું. આટલો લાંબો કાર્યકાળ નાનો હોતો નથી. દિવસ છે. એક દિવસ પહેલા જ, પ્રથમ તબક્કા દરમિયાન જે ૮ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, તેમનું સસ્પેન્શન પાછું ખેંચી લેવામાં આવ્યું છે. રાજ્યસભામાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે સભ્યોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ત્યારબાદ તેમણે વિનિયોગ વિધેયક સદનમાં રજૂ કર્યું હતું.નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સરકારના ?૨.૦૧ લાખ કરોડના વધારાના ખર્ચના પ્રસ્તાવને મંજૂરી આપી દેવામાં આવી છે. રાજ્યસભાએ ચર્ચા બાદ વિનિયોગ વિધેયક ૨૦૨૬ને 'વોઈસ વોટ' થી પસાર કરીને લોકસભાને પરત મોકલી આપ્યું છે.લોકસભામાં રેલવે મંત્રાલયની અનુદાન માગણીઓ પર ચર્ચા અને મતદાન થયું હતું. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સભ્યોના સવાલોના જવાબ આપતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં અભૂતપૂર્વ વિકાસ થઈ રહ્યો છે.

સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ વોઈસ વોટથી આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ અગાઉ કોંગ્રેસના મુખ્ય દંડક કે. સુરેશે કેટલાક સાંસદો દ્વારા 'અજાણતા થયેલી ભૂલ' બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસ્તાવને સમાજવાદી પાર્ટીના ધર્મેન્દ્ર યાદવ અને દ્રઝ (શરદ પવાર જૂથ)ના સુપ્રિયા સુલેએ સમર્થન આપ્યું હતું.પીએમ મોદીએ જણાવ્યું કે, "મને પૂરો વિશ્વાસ છે કે જે નવા સાંસદો આવશે તેમને પણ આ અનુભવ અને વારસો મળશે. જીવનમાં કે સામાજિક જીવનમાં જ્યારે કોઈ

અનુસંધાન પાના ૭ પર

# વિધાનસભા ગૃહને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## સવારે ગૃહનું કામકાજ શરૂ થતા મળેલા ધમકીના ઈ-મેલ બાદ સંકુલ ખાલી કરાવાયું

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતમાં હાઈકોર્ટથી સરકારી કચેરીઓ, શાળાઓથી પોસ્ટ ઓફીસ અને શાળાઓને મળી રહેલી બોમ્બ ધમકી બાદ હવે આજે સવારે રાજય વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા જ પુરૂ વિધાનસભા સંકુલ ખાલી કરાવીને તમામ ધારાસભ્યોને સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે આવેલા દ્વારીકા હોલમાં સલામત કરીને પુરા વિધાનસભા સંકુલની પોલીસની બોમ્બ તથા ડોગસ્કવોડ મારફત તપાસ શરૂ કરવામાં આવી છે.

સબ સલામતનો સંદેશ મળ્યા બાદ જ વિધાનસભાનું કામકાજ શરૂ થશે. આજે વિધાનસભાના બજેટ સત્રના ૨૧માં દિવસે ગૃહનું કામકાજ સવારે ૯ વાગ્યે શરૂ થયું હતું અને મોટાભાગના ધારાસભ્યો ગૃહમાં ધસી ગયા હતા.

દેવામાં આવશે તેમાં એક ધમકી ભર્યો ઈ-મેલ મળ્યા હોવાની જાણ સુરક્ષા વિભાગને થતા જ તુર્તજ સલામતી રૂપે તમામ ધારાસભ્યો, વિધાનસભા અધિકારીઓ તથા કર્મચારીઓને સંકુલની બહાર જવા જણાવાયુ હતું. ધારાસભ્યોને સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે આવેલા દ્વારીકા હોલ ખાતે સલામત કરાયા હતા.



ગાંધીનગર પોલીસના ઉચ્ચ અધિકારીઓ ડોગ તથા બોમ્બ સ્કવોડ સાથે દોડી આવ્યા હતા તથા સમગ્ર સંકુલની તલાશી શરૂ કરી હતી. આ ઈ-મેલ કયાંથી કોને મળ્યો તે અંગે હજુ માહિતી જાહેર થઈ નથી તથા ઓલ કલીયરનો સંદેશ મળ્યા બાદ ગૃહની કામગીરી શરૂ કરાશે.પોલીસે આસપાસના જ સ્વર્ણિમ સંકુલ-૧ જયાં મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી સહિતના કેબીનેટ મંત્રીઓની ઓફિસ આવેલી છે તે તથા સ્વર્ણિમ સંકુલ-૨ની પણ તપાસ શરૂ કરી છે. અમદાવાદ પોલીસ પણ તેમાં જોડાઈ છે.તો બીજી તરફ સાયબર ક્રાઈમ પોલીસે ઈ-મેલનું પગેરુ મેળવવા માટે તપાસમાં જોડાઈ છે. ગઈકાલે જ કર્મયોગી ભવનને પણ આ જ રીતે બોમ્બની ઉડાવી દેવાની ધમકી મળી હતી.

આજે ગાંધીનગરમાં વિધાનસભા સંકુલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ અમદાવાદમાં મેમનગર-ઘાટલોડીયા ક્ષેત્રની જાણીતી મહારાજા અગ્રસેન, ઉપરાંત કેલોરેકમ અને શાંતિ-એશિયાટીક સહિતની પાંચ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ

અનુસંધાન પાના ૭ પર

# ભારતમાં ૪૦ ટકા સ્નાતકો બેરોજગાર માત્ર ૭ ટકા ગ્રેજ્યુએટને મળી નોકરી

### ઉચ્ચ શિક્ષણમાં પુરુષોની ભાગીદારી ઘટી : આઈટીઆઈમાં પછાત વર્ગના છાત્રો વધ્યાં

નવી દિલ્હી, તા. ૧૮

એક બાજુ ભારત વિકસીત બનવાનું સપનું જોઈ રહ્યું છે ત્યારે બીજી બાજુ શિક્ષણ હજુ પણ યુવાનોને રોજગારી નથી આપી શકયુ છે. દેશમાં ૪૦ ટકા જેટલા ગ્રેજયુએટસ બેરોજગાર હોવાનો સનસનીખેજ રિપોર્ટ બહાર આવ્યો છે. દેશમાં દર ત્રણ ગ્રેજયુએટમાંથી બે ગ્રેજયુએટ બેકાર હોય છે.

ભારતમાં ૨૦થી૨૯ વર્ષના ૯.૩ કરોડ ગ્રેજયુએટસમાંથી લગભગ ૧.૧ કરોડ બેરોજગાર છે. અજીમ પ્રેમજી યુનિવર્સિટીનો 'સ્ટેટ ઓફ વર્ક'ગ ઈન્ડીયા'નો રિપોર્ટ બતાવે છે કે ગ્રેજયુએશન બાદ એક વર્ષમાં ૭ ટકા ગ્રેજયુએટસને જ નિયમિત વેતન વાળી નોકરી મળી છે.

જયારે ૧૫થી૨૫ વર્ષના યુવાનોમાં બેરોજગારી દર ૪૦ ટકા અને ૨૫થી૨૯ વર્ષના યુવાનોમાં ૨૦ ટકા છે. જો કે ભારતે છેલ્લા ચાર દાયકાઓમાં યુવાઓ માટે ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચવામાં ઘણી પ્રગતિ કરી છે. જેથી તેમને ખેતીથી ઈન્ડસ્ટ્રી અને સર્વિસ સેકટર તરફ આગળ વધવામાં મદદ મળી છે.ઉચ્ચ શિક્ષણમાં નામાંકન દર ૨૮ ટકા છે. જે સમાન આવકવાળા દેશોની બરાબર છે. જેન્ડર-જાતિ સાથે સંકળાયેલી અસમાનતાઓમાં ઘટાડો થયો છે. હાલના વર્ષોમાં ગ્રેજયુએટની સંખ્યા ઝડપથી વધી છે. આથી રોજગારીની સમસ્યા વધુ ગંભીર થઈ છે.દેશમાં આઈટીઆઈની સંખ્યામાં લગભગ ૩૦૦

અનુસંધાન પાના ૭ પર

# મધ્ય-પૂર્વ યુદ્ધને પગલે ડામર, લુબ્રીકેટરના કાચા માલની અછત

### હાઈવેના કામમાં વિલંબ થતા દંડાત્મક જોગવાઈ રદ કરવા માંગ

નવી દિલ્હી, તા. ૧૮

ઈરાન યુદ્ધના કારણે પેટ્રોલીયમ ક્ષેત્રમાં જે સંકટ સર્જાયુ છે તે એક બાદ એક ઉદ્યોગ અને મોટાપાયે રોજગારીને અસર કરી રહ્યું છે અને ગેસ આધારિત ઉદ્યોગો અને જે ઉત્પાદનમાં પેટ્રોલિયમ પેદાશોનો ઉપયોગ કરે છે તેઓને હવે અછતનો સામનો કરવો પડી રહ્યો છે જેના કારણે આ ઉદ્યોગોના ઉત્પાદન કામ કરવો પડી રહ્યો છે અથવા કારખાનાઓને તાળા મારવા પડયા છે.જેના કારણે રોજગારી પર મોટી અસર થઈ રહી છે તે વચ્ચે હવે દેશમાં માર્ગ બાંધકામ સહિતના ઈન્ફ્રાસ્ટ્રકચર અને રિયલ એસ્ટેટ ક્ષેત્ર સુધી તેની અસર દેખાવા લાગી છે. જેમાં હવે હાઈવે નિર્માણ સાથે જોડાયેલી કંપનીઓએ નેશનલ હાઈવે ઓથોરિટીને પત્ર લખી હાઈવે પ્રોજેકટને ફોર્સ- મેજપોર-અણધારી ઘટના કે પાવતીની કક્ષામાં મુકીને નિર્માણમાં થનારા વિલંબ બદલ જે પેનલ્ટી સહિતની જોગવાઈ છે જે સ્થગીત કરવા માંગ કરી છે તથા પ્રોજેકટના વધી રહેલા ખર્ચ, કાચા માલની સપ્લાય અને અન્ય પરિબળો જે સર્જાયા છે તે સંબંધમાં કોન્ટ્રાકટ, શરતોમાં પણ ફેરફારની માંગ કરી છે.

અનુસંધાન પાના ૭ પર

# મેડિકલ ઈન્ડસ્ટ્રી પર યુદ્ધની અસર દવા, તબીબી સાધનોના ભાવમાં વધારો

### દવા તથા સર્જીકલ સાધનોના ભાવ ૨૦ થી ૨૫ ટકા વધ્યા

નવી દિલ્હી, તા. ૧૮

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધની અસર હવે ભારતના દવા બજાર પર પડી રહી છે. કાચા માલના વધતા ભાવ તાવ અને એન્ટિબાયોટિક દવાઓથી લઈને સર્જિકલ સાધન સપ્લાય સુધીની દરેક વસ્તુના ભાવમાં વધારો થવાનો ભય છે. વેપારીઓના મતે, દવાઓ અને સર્જિકલ વસ્તુઓના ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો થઈ શકે છે, જેના કારણે દવા બજારમાં હલચલ મચી ગઈ છે.

દવા ઉત્પાદક અને નિકાસકાર વેપારી જણાવે છે કે, દવાના ઉત્પાદનમાં વપરાતા ઘણા આવશ્યક કાચા માલ, જેમ કે રાસાયણિક ઘટકો, પ્લાસ્ટિક અને એલ્યુમિનિયમના ભાવમાં તાજેતરમાં વધારો થયો છે. જેની સીધી અસર દવા કંપનીઓના ખર્ચ પર પડી રહી છે.

હકીકતમાં, ગોળીઓ અને સિરપના ઉત્પાદનમાં તેમજ તેમના પેકેજિંગમાં પ્લાસ્ટિક અને એલ્યુમિનિયમનો ભારે ઉપયોગ થાય છે. વધતી કિંમતો કંપનીઓના ઉત્પાદન ખર્ચમાં વધારો કરી રહી છે, જેની અસર હવે દવાના ભાવ પર પડી રહી છે.એક રિપોર્ટમાં જણાવાયું છે કે, સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી પ્રિસ્ક્રિપ્શન દવા પેરાસીટામોલના કાચા માલમાં પણ આશરે ૪૭% નો વધારો થયો છે. પીડા નિવારક ડાયક્લોફેનાકમાં ૫૪% અને ડાયક્લોફેનાક પોટેશિયમમાં ૩૩% નો વધારો જોવા મળ્યો છે.એન્ટિબાયોટિક્સ પણ બચી નથી.

અનુસંધાન પાના ૭ પર

# મૃત વ્યક્તિના બેંક ખાતા વિશે વારસદારોને ખબર હોતી નથી

### દાવા વિનાના બેંક ખાતાઓની માહિતી વારસદારોને કેમ ન આપી શકાય ? સુપ્રિમનો સવાલ

નવી દિલ્હી, તા. ૧૮

ભારતની બેંકોમાં જમા હજારો કરોડો રૂપિયાના કોઈ દાવેદાર નથી. રિઝર્વ બેન્કે ખાતેદારના વારસોને દાવા કરવા માટે યોજના જાહેર કરી જ છે ત્યારે સર્વોચ્ચ અદાલતે એવું મહત્વનો સવાલ ઉઠાવ્યો છે કે વારસદારોને ખબર ન હોય તો બેંક સામે આવીને તેમને કેમ જાણ ન કરી શકે?આ મામલે ચાર સપ્તાહમાં જવાબ માંગવામાં આવ્યો છે. સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને એવો સવાલ કર્યો હતો કે મૃત ખાતેદારોના ખાતાની જાણ તેમના વારસદારોને કેમ કરવામાં આવતી નથી જેના આધારે તેઓ દાવા વિનાના ખાતા-નાણાં વિશે દાવા પેશ કરી શકે.જસ્ટીસ વિક્રમનાથના નેતૃત્વ હેઠળની બેંચે ૨૦૨૨માં દાખલ જાહેર હિતની અરજી પર સુનાવણી કરી હતી. બેંક ખાતાઓમાં દાવા વિનાના નાણાં પડ્યા છે તે વિશે તેમના વારસદારોને જાણ કરવામાં આવતી ન હોવાનો મુદ્દો અરજીમાં ઉઠાવવામાં આવ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

# કારમાં ચાર્જીંગ વખતે શોર્ટ સર્કિટ થતા સિલીન્ડરો ફાટયો : ૭નાં મોત

### ઈન્દોરમાં વ્હેલી સવારે આખો વિસ્તાર ધણધણી ઉઠયો

નવી દિલ્હી, તા. ૧૮

ઈન્દોરમાં આજે વ્હેલી સવારે સર્જાયેલા ભીષણ અગ્નિકાંડમાં સાત લોકોના મોત થયા હતા. ઈલેકટ્રીક કાર ચાર્જ થઈ રહી હતી તે દરમિયાન શોર્ટ સર્કિટથી આગ લાગી હતી તે દરમિયાન શોર્ટ સર્કિટથી આગ લાગી હતી જે મકાનમાં પ્રવેશતા અંદર સીલીન્ડરો તથા અન્ય કેમીકલ્સના પ્રચંડ વિસ્ફોટથી સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો.



ઈમારતમાં લોકો ફસાઈ ગયા હતા. ઈમારતનો એક ભાગ પણ ધસી ગયો હતો. દુર્ઘટનામાં સાત લોકોના મોત નિપજયા હતા. સમગ્ર વિસ્તારમાં અફડાતફડી મચી હતી. કલેક્ટર-પોલીસ કમિશ્નર સહિતના ઉચ્ચ અધિકારીઓ દોડી ગયા હતા.

મધ્યપ્રદેશના ઈન્દોરના બ્રિજેશ્વરી એનેક્સ વિસ્તારમાં વહેલી સવારે એક હૃદયદ્રાવક ઘટના બની છે. એક બહુમાળી મકાનમાં લાગેલી ભીષણ આગમાં સાત રહેવાસીઓએ જીવ ગુમાવ્યા છે. ઘટનાની જાણ થતા જ જિલ્લા મેજિસ્ટ્રેટ શિવમ વર્મા અને પોલીસ કમિશનર સંતોષ કુમાર સિંહ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પોલીસ કમિશનરના જણાવ્યા અનુસાર, આ મકાનની બહાર એક ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જ થઈ રહ્યું હતું. ચાર્જિંગ પોઈન્ટમાં અચાનક વિસ્ફોટ થતા આગ લાગી હતી. આ આગ ઝડપથી મકાનમાં ફેલાઈ ગઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

# અલી લારીજાની માર્યા ગયા ઈરાને પણ અંતે સમર્થન આપ્યું

### ઉતરીય તહેરાનમાં પુત્રીના નિવાસે હુમલામાં લારીજાની સાથે તેના પુત્રનું પણ મોત

નવી દિલ્હી, તા. ૧૮

ઈરાન સામેના આક્રમણના પ્રથમ ૨૪ કલાકમાંજ આ દેશના સર્વોચ્ચ વડા અયાતુલ્લાહ ખામેનેઈની હત્યા કરી મોટો ફટકો માર્યા બાદ ઈરાનના શીર્ષના નેતૃત્વને ટાર્ગેટ કરવાની ઈઝરાયેલની ચાલુ રહેલી આક્રમક નીતિમાં હવે ઈરાનની સલામતી અને અણુ નીતિના મુખ્ય રચીયતા ગણાતા દેશની સલામતી કાઉન્સીલના વડા અલી લારીજાનીને પણ ખત્મ કરાયા છે.

ગઈકાલે જ ઈઝરાયેલે લારીજાની માર્યા ગયો હોવાના અહેવાલ આપ્યા હતા. હવે ઈરાને પણ તેની પુષ્ટિ કરી છે. લારીજાની તહેરાનમાં તેના પુત્રીના નિવાસે હતા તે સમયે ઈઝરાયેલે તે ઈમારત પર એક શક્તિશાળી મિસાઈલ દાગીને આ ઈમારતને ધ્વંશ કરી હતી.જેમાં લારીજાની ઉપરાંત તેનો પુત્ર તથા એક બોડીગાર્ડ માર્યા ગયા છે. લારીજાનીની હત્યા એ ઈરાન

અનુસંધાન પાના ૭ પર

# કુરુક્ષેત્ર સ્મશાન ગૃહમાં નિઃશુલ્ક અંતિમ સંસ્કાર સેવા ચાલુ રહેશે

## ગુજરાત ગેસ કંપનીને હાલની વ્યવસ્થા જાળવી રાખવા ટ્રસ્ટ દ્વારા અપીલ કરાઈ

સુરત, તા.૧૮

દક્ષિણ ગુજરાતની પ્રથમ ગેસ આધારીત શબશૈયાનો ઉપયોગ સૌ પ્રથમ સને ૧૯૯૭-૯૮માં શ્રી કુરુક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. સુરત મહાનગર પાલિકાના તત્કાલીન ડે.કમિશનરશ્રી આર.પી.સીન્હા, ગુજરાત ગેસ કુંનાં એમ.ડી. શ્રી સીન્હા અને ગુજરાત સરકારનાં પર્યાવરણ મંત્રીશ્રી ભગુભાઈ પટેલનાં પ્રયત્નો અને પર્યાવરણ લક્ષી અભિગમને કારણે મંહદ અંશે મોરાભાગળ પછીનો બીન રહેઠાણ વિસ્તાર હોવા છતાં જહાંગીરપુરા સ્મશાન સુધી ગેસ પાઈપલાઈન નાખવી, ગેસ બીલની ચુકવણી કરવા "સેતુ" સોશીઓ ઈકોનોમીકલ ટ્રાન્સફોમેશન એન્ડ યુપ્લીફીમેન્ટ સોસાયટી, જી.એસ.પી.સી ભવન, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧. ના સહયોગથી ગુજરાત ગેસ કું દ્વારા કરાર કરવામાં આવ્યાં હતાં. એક મુતઆત્માને ગેસ સંકુલમાં અગ્નિ સંસ્કાર માટે અંદાજીત ૪૦ થી ૪૫ યુનીટ ગેસ આજનાં ભાવે રૂ.૨૫૦૦ થી ૨૭૫૦ અને ડીઝલ, વીજળી અને મેન્ટેનન્સ પેટે રૂ. ૧૬૦૦ થી ૧૭૫૦નો ખર્ચ સાથે કુલ્લે રૂ.૪૩૦૦ થી ૪૫૦૦ નો ખર્ચ થાય છે. ગુજરાત ગેસ કું, સેતુ સંસ્થા અને કુરૂક્ષેત્ર ટ્રસ્ટ્રનાં પર્યાવરણ અને સમયની બચત પ્રત્યેનાં અભિગમને લઈને કુરુક્ષેત્ર ટ્રસ્ટ્ર દ્વારા આજદીન સુધી એક પણ રૂપીયાની વસુલાત અગ્નિ સંસ્કાર માટે કરવામાં આવી નથી. જે સીલસીલો અન્ય સ્મશાનભુમિ ટ્રસ્ટ્ર દ્વારા પણ જાણવામાં જાળવવામાં આવ્યો છે. તારીખ ૨૨/૦૮/૨૦૨૫નાં પત્રથી સેતુ સંસ્થા દ્વારા આ કરાર અંતર્ગત સને ૨૦૨૬-૨૭નાં વર્ષ માટે ગેસબીલનાં ૭૫% સને ૨૦૨૭-૨૮નાં વર્ષ માટે ગેસ વપરાશ બીલનાં ૫૦% અને સને ૨૦૨૮-૨૯નાં વર્ષ માટે ગેસ વપરાશ બીલનાં ૨૫% ચુકવી શકવાની ટ્રસ્ટ્ર અને ગુજરાત ગેસ કુંને જાણ કરવામાં આવી છે. ટ્રસ્ટ્ર દ્વારા ૧૫/૦૯/૨૦૨૫નાં રોજથી ગુજરાત ગેસ કું અને સેતુ સંસ્થાને આ નાણાકીય સહાય જાળવી રાખવા માટે અપીલ કરવામાં આવી છે. અગ્નિ સંસ્કારની વ્યવસ્થા મુશ્કેલ બનશે, ગરીબ અને મધ્યમ વર્ગનાં કુટુંબોને મુશ્કેલી પડશેની આશંકા વ્યકત કરવામાં આવે છે જે વ્યર્થ છે. ઈતીહાસ સાક્ષી થયો છે હિન્દુ સનાતન ધર્મ સમાજ હંમેશા પરીવર્તન શીલ રહયો છે, જેમણે અગ્નિ સંસ્કાર માટે પણ ટેકનોલોજીનાં સ્વીકાર સાથે લાકડા ઉપરાંત ગેસ અને વિજળીનો વિકલ્પ સ્વીકાર્યો

અનુસંધાન પાના ૭ પર



# વશીયર પાસે ઈનોવા ગાડીમાંથી રૂા. અઢી લાખનો દારૂ ઝડપાયો

## પોલીસની તપાસમાં ગાડીની નંબર પ્લેટ પણ નકલી નીકળી

સુરત, તા.૧૮

વલસાડ ના વશીયર પાસે પોલીસ ની નાકા બન્ધી દરમ્યાન એક ઈનોવા કાર માં રૂપિયા અઢી લાખ નો ઈંગ્લીસ બનાવટ નો દારૂ લઈ જતી એક મહિલા નામ ખુશી જય રાણા રાણા રહેવાસી દમણ ની જેની પાસે થી એક સોસીયલ મીડિયા ની ઓળખ પત્ર મળી, દારૂ લઈ જતી કાર ઉપર ની નમ્બર પ્લેટ પણ ડુપ્લીકેટ હોવાની વાત સામે આવી, પોલીસ અધિકારી ઓ દ્વારા કાર સાથે મુદ્દામાલ રૂપિયા આંઠ લાખ અને સાંઠ હજાર જપ્ત કરી આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી. અત્રે ઉલ્લેખનીય વાત એમ છે કે? આ મહિલા સાથે બીજા બે શખ્સ હતા, જે અંધારા નો ફાયદો ઉઠાવી ભાગી જવામાં સફળ બન્યા. દમણ થી ગુજરાત માં દારૂ ની ખેપ યેનકેન પ્રકારે મોટી માત્રા લઈ જવાતી હોય છે. પોલીસ કર્મીઓ દ્વારા ચેકીંગ કરવા છતાં ગુજરાત માં દારૂ લઈ જવા પાછળ નુ કારણ આજ સુધી અકબન્ધ છે. હાલ એ તપાસ નો વિષય છે.

# લિંબાયત પોલીસ મથક દ્વારા શાંતિ સમિતિની બેઠક મળી

## રમઝાન ઈદ, ગુડી પડવો, ચેટીચાંદ વગેરે તહેવારો શાંતિથી ઉજવવા અપીલ



સુરત, તા.૧૮

લિંબાયત પોલીસ સ્ટેશન અંતર્ગત આવનાર હિંદૂ અને મુસ્લિમ ધર્મ ના તહેવારો જે પૈકી રમઝાન, ગુડિપાડવા, ઉગાધી, ચેટ્ટી ચાંદ તહેવારો ને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક આયોજન કરવામાં આવેલ સદર કાર્યક્રમ માઁ સેક્ટર ૧ અડડિશનલ કમિશનર મીના સાહેબ, ડીસીપી ઝોન ૨ દેસાઈ સાહેબ તથા એસીપી જાડેજા સાહેબ મુખ્ય અતિથિ તારીખે હાજર થયેલ. સદર શાંતિ મિટિંગ માઁ મીના સાહેબ પોતાના ભાષણ આપતાં જણાવેલ કે હિંદૂ મુસ્લિમ લોકો પોતાના પરિવાર સાથે ભાઈચારા તથા શાંતિ, હર્ષ ઉલ્લાસ સાથે ઉજવણી કરે એવી આશા અને શુભેચ્છા સાથે અને પોલીસ અડીખમ તમારી સાથે છે. પ્રજાને કોઈપણ તકલીફ પડે તાત્કાલિક પોલીસ નો સંપર્ક કરે તેવી વિંનતી કરું છું, વધુ માઁ જણાવેલ કે આ મારું પ્રથમ મુલાકાત છે લીબાયત ના લોકો સાથે સારું પ્રતિસાદ મળવા બદલ અને ટૂંકા સમયમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા બદલ આભાર વ્યક્ત કરું છું. લીબાયતના નીડર પોલીસ ઈન્સ્પેક્ટર સાહેબ કામળીયા સાહેબ લીબાયત પ્રજાને આભાર વ્યકત કરેલ છે. સદર મીટીંગમા મુસ્લિમ સમાજના ધર્મગુરુ સય્યદ બાપુ, રાપોલું બુચીરામુલું, બબ્બુ શેખ, રતનલાલ જૈન, રવિન્દ્ર પાટીલ, વકીલ શ્રી સાગર વેલ્ધી, નાસિર સિમેન્ટ વાલા, રાઈસ શેખ, અફઝલ પટેલ, સંતોષ શર્મા, કેસર અલી વગેરે હાજરી આપેલ છે.



# કાર્યકારી આચાર્ય સપના પાઠકજી સારસ્વત એવોર્ડથી સન્માનીત

## રાજ્યની ૧૧ પ્રતિભાઓને એવોર્ડ અર્પણ કરાયા

સુરત, તા.૧૮

ભગવાન મહાવીર કોલેજ ઓફ લીગલ એજ્યુકેશન ના કાર્યકારી આચાર્ય સપના પાઠકજીને અમદાવાદમાં " સારસ્વત ઍવોર્ડ " આપીને સન્માનીત કરવામાં આવ્યાં. અચલા એજ્યુકેશન ફાઉંડેશન ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગુજરાતમાંથી ૧૧ પ્રતિભાવંતોને "સારસ્વત એવોર્ડ-૨૦૨૬ " આપવામાં આવ્યો છે . શ્રીમતી સપના સુગીત પાઠકજી એક શિક્ષણવિદ, કાનૂની સંશોધક અને કાનૂની વ્યવસાયિક છે. તેઓ હાલમાં ભગવાન મહાવીર કોલેજ ઓફ લીગલ એજ્યુકેશન, સુરતમાં I/C પ્રિન્સિપાલ અને સહાયક પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેઓ હાલમાં પી.એચ.ડી. કરી રહ્યા છે. તેમના શૈક્ષણિક રસના મુખ્ય ક્ષેત્રોમાં સંવિધાન કાયદો, માનવ અધિકારો, લૈંગિક ન્યાય, અને સામાજિક-કાનૂની અભ્યાસ નો સમાવેશ થાય છે. તેમણે યુનિફોર્મ સિવિલ કોડ (Unifrom Civil Code) વિષય પર એક પુસ્તક લખ્યું છે અને વિવિધ સ્તરે અનેક જર્નલોમાં અનેક સંશોધન લેખો પ્રકાશિત કર્યા છે. તેઓએ વિવિધ સ્તરે પરિષદોમાં પણ સક્રિય રીતે ભાગ લીધો છે તેમજ યુનિવર્સિટીઓ, એન.જી.ઓ અને સંસ્થાઓ દ્વારા આયોજિત કાર્યક્રમોમાં મુખ્ય વક્તા તરીકે નિષ્ણાત વ્યાખ્યાનો અને તાલીમ સંબંધિત કાર્યક્રમો આપ્યા છે. તેમનું કાર્ય મુખ્યત્વે સંવિધાનિક જાગૃતિ, કાનૂની સાક્ષરતા અને પછાત તથા વંચિત વર્ગો માટે સામાજિક ન્યાયને પ્રોત્સાહિત કરવા માટે સમર્પિત છે. પોતાના શૈક્ષણિક કાર્યોસાથેસાથે તેઓ સામાજિક સંપર્ક અને સમુદાય જાગૃતિ કાર્યક્રમોમાં પણ સક્રિય રીતે જોડાયેલા રહે છે. જ્યારે જરૂરી હોય ત્યારે તેઓ પ્રગતિશીલ સંસ્થાઓ અને નાગરિક સમાજ જૂથો સાથે મળીને સમાજમાં કાનૂની જાગૃતિ, સંવિધાનિક મૂલ્યો અને સામાજિક ન્યાયને પ્રોત્સાહિત કરવા માટે સહકાર આપે છે.

# પોદ્દાર પ્રેપ સ્કૂલમાં કિન્ડરગાર્ટન ગ્રેજ્યુએશન દિવસની ઉજવણી




સુરત, તા.૧૮

પોદાર પ્રેપ સ્કૂલે કિન્ડરગાર્ટન ગ્રેજ્યુએશન ડે ખૂબ ઉત્સાહ અને આનંદ સાથે ઉજવ્યો. આ ખાસ પ્રસંગ અમારા નાનકડા વિદ્યાર્થી માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન હતો, કારણ કે તેઓએ પોતાના પ્રાથમિક શૈક્ષણિક વર્ષો પૂર્ણ કરીને શિક્ષણના આગળના તબક્કામાં પ્રવેશ કરવા તૈયારી કરી.

આ કાર્યક્રમ આનંદ અને ઉત્સાહથી ભરેલો હતો. બાળકો ગ્રેજ્યુએશન કેપ અને ગાઉન પહેરીને આત્મવિશ્વાસપૂર્વક સ્ટેજ પર જઈને પોતાના ગ્રેજ્યુએશન સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યા. તેમની આનંદભરી રજૂઆતો, ગીતો અને સુંદર પ્રસ્તુતિઓએ કાર્યક્રમને સૌ માટે યાદગાર બનાવી દીધો. માતાપિતા અને દાદા-દાદી પણ આ ઉજવણીમાં જોડાયા અને નાનકડા ગ્રેજ્યુએટ્સના પ્રયત્નોની પ્રશંસા કરી. કાર્યક્રમ દરમિયાન બાળકોના સમગ્ર વર્ષ દરમિયાન થયેલા વિકાસ, સર્જનાત્મકતા અને શૈક્ષણિક અનુભવોને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા. પોદાર પ્રેપ સ્કૂલનો કિન્ડરગાર્ટન ગ્રેજ્યુએશન ડે ખરેખર ગૌરવ અને આનંદનો પ્રસંગ રહ્યો, જ્યાં અમારા નાનકડા વિદ્યાર્થીઓના સફળતાના પળોને ઉજવી તેમની ઉજ્જવળ ભવિષ્ય તરફના પ્રથમ મોટા પગલાની ખુશી મનાવવામાં આવી.

# અઠવા પાર્ટી પ્લોટ પર સિંધી સમાજ દ્વારા ઝુલેલાલ જયંતિની ઉજવણી

## ચેટીચાંદની ઉજવણીમાં ભંડારાનું આયોજન

સુરત, તા.૧૮

પૂજ સુરત સિંધી પંચાયતના કારોબારી સભ્યશ્રી મુરલીધર લીલાણી યાદીમાં જણાવે છે કે તા. ૨૦-૦૩-૨૦૨૬, શુક્રવારે પૂજ સુરત સિંધી પંચાયત, સુરત સિંધી કલોથ એશોસિએશન, સિંધુ સેવા સમિતિ (ટ્રસ્ટ), ઝૂલેલાલ સિંધૂ સેવા યાત્રા સમિતિ (ટ્રસ્ટ), સિંધી સમાજ ટ્રસ્ટ સુરત ડાયરેકટરી પરિવાર સાથે ચેટીચંડ ની ઉજવણી કરશે. કાર્યક્રમ સવારે ૧૧.૦૦ કલાકે પંચાયતની ઓફિસે કારોબારી સભ્યો સાથે પંચાયતના પ્રમુખશ્રી વાસુદેવ ગોપલાણી મંત્રીશ્રી ઘનશ્યામભાઈ ખટ્ટર અને કમિટિ સભ્યો જુલેલાલ ભગવાનની પુજા અર્ચના કરી જયોત પ્રગટાવશે ત્યાર બાદ હાથ પ્રસાદી બાદ સિટીલાઈટ પ્રેમ પ્રકાશ આશ્રમે જયોત લઈ જવામાં આવશે. ૧૧.૦૦ કલાકે સુરત સિંધી કલોથ એશોસિએશન ગોપી માર્કેટમાં પ્રમુખશ્રી હરીશ લાલવાણી ઝુલેલાલ જયોત પ્રગટાવીને હાથ પ્રસાદી બાદ જયોત પ્રેમ પ્રકાશ આશ્રમ લઈ જશે ત્યાં ભંડારો રાખેલ છે. સાંજે ૫.૦૦ પહેલા બન્ને જયોતને અઠવા પાર્ટી પ્લોટ પર મોટો ડોમ બનાવેલ તેમાં બન્ને જયોત દર્શન માટે રાખવામાં આવશે સાંજે ૫ થી રાત્રે ૯ વાગ્યા સુધી આંતરરાષ્ટ્રીય કલાકાર રોક સ્ટાર નીલ રંગારંગ કાર્યક્રમ રહેશે, સાંજે ૭ વાગ્યે ભાંડારો રાત્રે ૯ કલાકે શણગારી ઝાંકીઓ બન્ને જયોત બેન્ડ બાજા સાથે સરઘસ (શોભાયાત્રા) પાર્ટીપ્લોટથી ચોપાટી અઠવા, ટીમલીયાવાડ નાનપુરા નાવડી ઓવારે રાત્રે ૧૦.૦૦ વાગે પહોચી પૂજા અર્ચના કરીને




અનુસંધાન પાના ૭ પર




# સુરતમાં કમોસમી વરસાદની આગાહીનેપ ગલે ખેડૂતોને સૂચના

## ખેતરમાં ખુલ્લામાં પડેલો પાક સલામત સ્થળે ખસેડી લેવો

સુરત, તા.૧૮

રાજ્યના હવામાન વિભાગે તા. ૧૮ માર્ચ થી તા.૨૧ માર્ચ દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લાઓ સહિત સુરત, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપીમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે તકેદારીનાં પગલા લેવા અનુરોધ કરાયો છે. જેમાં કમોસમી વરસાદથી થતા પાક નુકસાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવો અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવો અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું.

જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ ટાળવો, ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહી તે મુજબ સુરક્ષિત રાખવો, એ.પી.એમ.સી.મા વેપારી અને ખેડુતોએ કાળજી રાખવી. એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો ઢાંકીને અથવા શેડ નીચે રાખવા. એ.પી.એમ.સી.મા વેચાણ અર્થે હાલપૂરતી ન લાવવી હિતાવહ છે. આ અંગે વધુ જાણકારી

અનુસંધાન પાના ૭ પર

# શૈક્ષણિક સંકુલો પાસે તમાકુ પ્રોડક્ટ વેચનાર ૧૩૫ દંડાયા

## નિયમના ભંગ બદલ ટોબેકો કન્ટ્રોલ સેલે ૨૭ હજારનો દંડ વસુલ કર્યો

સુરત, તા.૧૮

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૪ મુજબ જાહેર સ્થળે ધ્રુમપાન કરવા પર પ્રતિબંધ, કલમ–૬(અ અને બ) મુજબ સગીર વયની વ્યક્તિને તેમજ શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણકરવા પર પ્રતિબંધનો ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જે અંતગત તા. ૧૭/૦૩/૨૦૨૬નાં રોજ રાંદેર ઝોનમાં કુલ ઈસમો ૧૬પાસે કુલ રુપિયા ૩૨૦૦, સેન્ટ્રલ ઝોનમાં કુલ ઈસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦, કતારગામ ઝોનમાં કુલ ઈસમો ૧૭ અને કુલ રુપિયા ૩૪૦૦, વરાછા–એ ઝોનમાં કુલ ઈસમો ૧૪ પાસે કુલ રુપિયા ૨૮૦૦, વરાછા–બી ઝોનમાં કુલ ઈસમો ૧૪અને કુલરુપિયા ૨૮૦૦, ઉધના – એ ઝોનમાં કુલ ઈસમો ૧૬ પાસે કુલ રુપિયા ૩૨૦૦, ઉધના–બી ઝોનમાં કુલ ઈસમો ૧૦ અને કુલ રુપિયા ૨૦૦૦, અઠવા ઝોનમાં કુલ ઈસમો ૧૪ અને કુલરુપિયા ૨૮૦૦, લિંબાયત ઝોનમાં કુલ ઈસમો ૧૫ પાસે કુલ રુપિયા ૩૦૦૦, સાથે સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન મળીને કુલ ઈસમો ૧૩૫ પાસે કુલ ૨૭,૦૦૦ રુપિયાનો દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

# ચમ્બર દ્વારા ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટ ફેસિલિટેશન સેન્ટર અંગે રોડ શો

## એમએસએમઈ એક્ષ્પોર્ટર્સને માર્ગદર્શન આપવા સુરત કેન્દ્ર મહત્વપૂર્ણ સાબિત થશે

સુરત, તા.૧૮

સુરત ભારત સરકારના ટેક્ષ્ટાઇલ મંત્રાલય હેઠળની ટેક્ષ્ટાઈલ્સ કમિટી દ્વારા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સાથે મળીને સોમવાર, તા. ૧૬ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૩૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સુરત ઈન્ટરનેશનલ એકિ?ઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે ટેક્ષ્ટાઈલ એક્ષ્પોર્ટ ફેસિલિટેશન સેન્ટર (TEFC) અંગે રોડ શો તથા સ્ટેક હોલ્ડર્સ કન્સલ્ટેશન મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટેક્ષ્ટાઈલ્સ કમિટીના ડિરેકટર શ્રી જે.ડી. બર્મને સ્વાગત પ્રવચન આપતાં ઉપસ્થિત મહાનુભાવો અને સહભાગીઓનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સુરત દેશના અગ્રણી ટેક્ષ્ટાઈલ હબ પૈકીનું એક છે, જે ખાસ કરીને મેનમેડ ફાઈબર ટેક્ષ્ટાઈલ્સ, વણાટ, પ્રોસેસિંગ તથા ગાર્મેન્ટ મેન્યુફેકચરિંગ ક્ષેત્રે તેની મજબૂત ઓળખ ધરાવે છે. ઉદ્યોગકારોના ઈનોવેશન, સાહસિકતા અને સતત પ્રયત્નોના કારણે સુરત વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું ટેક્ષ્ટાઈલ ક્લસ્ટર તરીકે વિકસ્યું છે. ટેક્ષ્ટાઈલ્સ કમિટીના સચિવ શ્રી કાર્તિકેય ધંધાએ ટેક્ષ્ટાઈલ એક્ષ્પોર્ટ ફેસિલિટેશન સેન્ટર વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ સેન્ટર ટેક્ષ્ટાઈલ એક્ષ્પોર્ટને પ્રોત્સાહન આપવા તથા એક્ષ્પોર્ટરોને માર્ગદર્શન પૂરું પાડવા માટે સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સેન્ટર દ્વારા એક્ષ્પોર્ટ પ્રક્રિયા, દસ્તાવેજીકરણ, સર્ટિફિકેશન, નિયમનકારી અનુપાલન તેમજ માર્કેટ ઈન્ટેલિજન્સ જેવી બાબતોમાં

અનુસંધાન પાના ૭ પર

# માંગરોળ તાલુકાના તરસાડી ગામમાં યોગ શિબિર યોજાઈ

## માંગરોળ તાલુકાના ૧૪૫થી વધુ યોગ સાધકોએ ઉત્સાહભેર લીધો ભાગ

સુરત, તા.૧૮

રાજ્યના નાગરિકોને સ્વસ્થ અને મેદસ્વિતાથી મુકત રાખવા રાજ્ય સરકારના ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત' અભિયાનને અનુલક્ષીને માંગરોળ તાલુકાની તરસાડી નગરપાલિકાની આદર્શ નિવાસી શાળા ખાતે યોગ શિબિર યોજાઈ હતી. શિબિર દરમિયાન ડો.પારૂલ પટેલ અને નવનીત શેલડિયાએ યોગનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, આજના ભાગદોડભર્યા જીવનમાં માનસિક શાંતિ અને શારીરિક સ્વાસ્થ્ય માટે યોગ અનિવાર્ય છે. તેમણે ઉપસ્થિત ૧૪૫થી વધુ યોગ સાધકોને વિવિધ યોગાસનો અને પ્રાણાયામનો અભ્યાસ કરાવી, મેદસ્વિતા દૂર કરવા તથા તણાવમુક્ત જીવનશૈલી અપનાવવા માટે પ્રેરીત કર્યા હતા. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કો ઓર્ડિનેટર ડો.પારુલ પટેલ, સુરત જીલ્લા યોગ કો ઓર્ડિનેટર નવનીત શેલડિયાના માર્ગદર્શન હેઠળ આ યોગ શિબિરમાં પૂર્વ નગરપાલિકા પ્રમુખ મીનાક્ષીબેન, તરસાડી મહિલા મોરચા પ્રમુખ ભાવનાબેન, ઉપપ્રમુખ દક્ષાબેન, શાળાના આચાર્ય રાહુલભાઈ શિક્ષક દિલીપભાઈ સહિત માંગરોળ તાલુકાના યોગ ટ્રેનર્સ તથા યોગ સાધકો ઉપસ્થિત રહ્યાં હતા.

# મુશ્કેલીના સમયમાં આગળ આવવા સુરતની તાસીર રહી છે : ડો.રાવ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગુજરાતના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવ સાથે ઇન્ટરેકિટવ સેશન યોજાયું, વ્યવસાયિકોએ સૂચનો રજૂ કર્યા

સુરત, તા.૧૮

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૪ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ગુજરાત રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવ (IPS) સાથે ઈન્ટરેકિટવ સેશન યોજાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આવા ઈન્ટરેકિટવ સેશન દ્વારા ઉદ્યોગકારો અને પોલીસ તંત્ર વચ્ચે વધુ સારો સંવાદ સ્થાપિત થાય છે, જેના કારણે વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રને આવતી સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે માર્ગ મોકળો બને છે.




ગુજરાતના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવે (IPS) જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર તથા પોલીસ વિભાગ ઉદ્યોગકારોને સુરક્ષિત અને અનુકૂળ વ્યવસાયિક વાતાવરણ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે, સુરતમાં વિવિધ રોડ – રસ્તાઓ, ઓવરબ્રિજ પછી મેટ્રો અને હવે બુલેટ ટ્રેન જેવા

અનુસંધાન પાના ૭ પર






# ઈનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

સુરત, તા.૧૮

સામાજિક સેવા ક્ષેત્રે કાર્યરત ઈનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા બાલવાટિકાઓનાં ભૂલકાઓને શૈક્ષણિક કીટ વિતરણનો કાર્યક્રમ કન્યાશાળા બ્રાન્ચ નંબર-૧ અંકલેશ્વર ખાતે યોજવામાં આવ્યો હતો. સંસ્થાનાં પ્રેસિડન્ટ રૂપલ ભરવાડાની અધ્યક્ષતામાં યોજાયેલ સદર કાર્યક્રમમાં ભૂલકાઓને સ્કૂલબેગ, ડ્રોઈંગ બુક, નોટબુક, કલર બોક્ષ તથા કંપાસ બોક્સ વિતરણ કરવામાં આવ્યાં હતાં. પ્રારંભે શાળાનાં શિક્ષક ગજેન્દ્ર પટેલે સૌને આવકાર્યા હતાં. અંતે આભારવિધિ મુખ્યશિક્ષક પ્રશાંત પટેલે આટોપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દક્ષાબેન દિનિયાવાલાએ સંભાર્યું હતું.

# સીએમનો દક્ષિણ ગુજરાતનાં ટુરિઝમને બૂસ્ટર ડોઝ! આંખના પલકારામાં અંતરિયાળ પ્રવાસન સ્થળોએ પહોંચી જશો







## ઐતિહાસિક અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ, પારસી ટૂરિઝમ સર્કિટ, સુરત, તાપી, ડાંગ અને નવસારીની ઇકો-ટુરિઝમ સાઇટો અને ધાર્મિક સ્થળોને સાંકળતા રસ્તાઓ પહોળા અને અપગ્રેડ કરવા મુખ્યમંત્રીએ માતબર રકમ મંજૂર કરી છે

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનાં નેતૃત્વમાં ભારતમાં ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર વિશેષ ઉભરી આવ્યું છે. સૌથી વધારે વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત દેશભરમાં ત્રીજા નંબરે રહ્યું છે

ગાંધીનગર, ૧૭ માર્ચ, ૨૦૨૬: જો તમે અમદાવાદ, વડોદરા કે સુરત જેવા શહેરમાં રહો છો અને વીકએન્ડમાં દક્ષિણ ગુજરાતનાં પ્રાકૃતિક જંગલો અને પ્રવાસન સ્થળોએ જવુ છે તો હવે લાંબા આયોજનની જરૂર નહી પડે, આંખનાં પલકારામાં પહોંચી જશો. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દક્ષિણ ગુજરાતમાં આવેલા પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓને પહોળા અને અપગ્રેડ કરવાનો એક બૂસ્ટર ડોઝ આપ્યો છે.

તાજેતરમાં જ મુખ્યમંત્રીશ્રીએ સુરત ઈકોનોમિક રિજિયન (SER) યોજના (ફેઝ ૧) અતંર્ગત સુરત, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જેવા જિલ્લાઓમાં વિવિધ રસ્તાઓ બનાવવા અને અપગ્રેડ કરવા માટે રૂ ૧૧૮૫ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરી છે. આ યોજનામાં પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓ માટે પણ માતબર રકમ ફાળવવામાં આવી છે. આ યોજના અતંર્ગત જિલ્લાઓમાં માર્ગોને પહોળા કરાશે, તેને મજબૂત કરાશે. જરૂરી જગ્યાએ આ રસ્તાઓ ચાર અને છ માર્ગિય કરાશે અને કેટલાક શહેરોમાં બાયપાસ માર્ગોનું નિર્માણ કરાશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતના પ્રવાસન ક્ષેત્રએ વર્ષ ૨૦૨૪માં વિદેશથી આવતા પ્રવાસીઓમાં ૧૪.૮૫ ટકા જેટલો જબદરસ્ત વધારો થયો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનાં નેતૃત્વમાં ભારતમાં ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર વિશેષ ઉભરી આવ્યું છે. સૌથી વધારે વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત દેશભરમાં ત્રીજા નંબરે રહ્યું છે.

**સુરતના સુવાલી બીચ પર સહેલાઈથી પહોંચી શકશો**

સુરતનાં દરિયાકાંઠે આવેલા મોરા—સુવાલી બીચ માર્ગનો વિકાસ કરાશે આથી, સુવાલી બીચ સુધી પહોંચવું વધુ સરળ બનશે. સુવાલી બીચ સુરત જિલ્લાના મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળ તરીકે વિકસ્યુ છે અને અહીં યોજાતો ''સુવાલી બીચ ફેસ્ટિવલ'' આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. માર્ગના વિકાસથી પ્રવાસન પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન મળશે તેમજ વિસ્તારમાં આર્થિક વિકાસને ગતિ મળશે.

સુવાલી બીચ રોડ કોસ્ટર હાઈવે ફેઝ-૧ અંતર્ગત ૧૦.૦૦ મી પહોળો કરવામાં આવ્યો હતો. અને ત્યાર પછી સુવાંલી બીચનો સુરત જિલ્લાના પ્રવાસન સ્ટ્થળમાં સમાવેશ કરાયો હતો. હવે હજ્જારોની સંખ્યામાં સહેલાણીઓ આ બીચની મુલાકાત લે છે. આથી, મોરાથી સુવાલી બીચ રોડ ફોર લેન કરવામાં આવશે.

**ઐતિહાસિક અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ પહોળો કરાશે**

મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીયાત્રાનાં રૂટ પર હવે સહેલાઈથી પ્રવાસ કરી શકાશે. અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ- પર આવતા કદરામા, એરથાણ, ટકરામા, ભટગામ, મોહમ્મંદપુરા, ગોલા, સાંધિયેર, ગામને આ રસ્તો જોડે છે. આ રસ્તાને ત્રણ મીટરમાંથી સાત મીટર પહોળો કરાશે અને ટ્રાફિકનું ભારણ ઘટતા આ ઐતિહાસિક માર્ગ પર જવુ વધુ સુગમ બનશે.

**કોસ્ટલ હાઈ-વે દ્વારા સંજાણ અને દમણ સુંધી પહોંચું બનશે આસાન**

વલસાડ જિલ્લામાં ઉમરસાડીથી કોલક નદી કોસ્ટલ હાઈ-વે પર કોઝ-વે બનશે. આ કોસ્ટલ હાઈ-વે વલસાડ અને દમણને જોડતો અગત્યનો રસ્તો છે. આ નયનરમ્ય રસ્તો દમણ, ઉદવાડા અગિયારી, ઉમરસાડી વોક-વે બ્રિજ વગેરે પ્રવાસન સ્થળોને જોડતો રસ્તો છે. હયાત ૧૦ મીટર રસ્તાને હવે પહોળો કરીને ફોન-લેન કરવામાં આવશે.

ડાંગનું પ્રાકૃતિક સૌંદર્ય હવે શહેરોથી દૂર નથી

ગુજરાતનો અતંરિયાળ ગણાતો આદિવાસી વસ્તી ધરાવતો ડાંગ જિલ્લો હવે દૂર નહી લાગે. તેની પ્રાકૃતિક સુંદરતા જોવા માટે થોડી જ વારમાં પહોંચી શકાશે. ડાંગમાં વઘઈથી આહવા જવાનો રાજ્ય ધોરીમાર્ગ ડાંગ જિલ્લાનાં અન્ય ગામોને જિલ્લા મથક સાથે જોડે છે અને પ્રવાસન તથા યાત્રાધામની દ્રષ્ટએ ઘણી અગત્યતા ધરાવે છે. આ રસ્તો શબરીધામ, પંપા સરોવર, અગ્નિનકુંડ, પાંડવ ગુફા, વગેરે જેવા પવિત્ર યાત્રાધામાં તથા ડોન હિલ સ્ટેશન, મહાલ કેમ્પ સાઈટ, , દેવનીમાળ કેમ્પ સાઈટટ, સાપુતારા હીલ સ્ટેશન તેમજ સ્ટેચ્યૂ ઓફ યુનિટિ થી સાપુતારા જેવા પ્રવાસન સ્થળો માટે અત્યંત મહત્વનો રસ્તો છે. આ રસ્તો હવે ચાર-માર્ગીય થશે અને લોકો ઝડપથી અતંરિયાળ વિસ્તારમાં આવેલા પ્રવાસન સ્થળોએ ઝડપથી પહોંચી શકશે.

રજવાડી નગર ધરમપુર હવે હાથવેંતમાં

આવી જ રીતે, ચીખલીથી ખેરગામ થઈને ધરમપુર જતા રસ્તાને ચાર માર્ગીય કરવામાં આવશે અને ધરમપુર જવુ વધુ સરળ બનશે. આ રસ્તો પહોળો થતા ચોમાસામાં પ્રકૃતિના ખોળે આવેલા ધરમપુર અને વિલ્સન હીલ જેવા પ્રવાસન સ્થળોએ ઝડપથી પહોંચી શકાશે. દક્ષિણ ગુજરાતનાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા પ્રવાસન અને યાત્રાધામો જેવા કે, કેવડી ઈકો-ટુરીઝમ સાઈટ (માંડવી), પદમડુંગરી ઈકો-ટુરિઝમ સાઈટ (ડોલવણ), ઉનાઈ મંદિર (વાસંદા), વઘઈ બોટનિકલ ગાર્ડન, વાસંદા નેશનલ પાર્ક (વાંસદા), પુર્ણા વન્યજીવ અભ્યારણ્ય, અને ગીરા ધોધ જેવા અનેક સ્થળોએ માનવ મહેરામણ ઉમટી પડે છે. પ્રવાસન સ્થળોનાં વિકાસની સાથે સાથે સ્થાનિક લોકોને રોજગારી મળશે અને સરકારનાં સૌના સાથ અને સૌના વિકાસનાં મંત્રને નવી ઉર્જા મળશે.





# સુરતના દાંડી બીચ અને તેની આસપાસના ગામના દરિયાઇ કાંઠા વિસ્તારમાં મરીન ટાસ્કફોર્સ દ્વારા " સઘન કોસ્ટલ પેટ્રોલીંગ"

**હાલની વૈશ્વિક યુધ્ધની પરિસ્થિતિને ધ્યાને લેતા રાજયની દરીયાઇ સુરક્ષા વધુ સુદ્ઢ બનાવવી અતિઆવશ્યક હોય જેથી મરીન ટાસ્ક ફોર્સના છકુઁ શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ તેમજ DIGP શ્રી એ.એમ.મુનિયા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સ હજીરા-સુરત દ્વારા S.P શ્રી એસ.જે.પરમારના નેતૃત્વમાં મરીન સેકટર હજીરાના પો.ઇન્સ.શ્રી એમ.એમ.જાંબુકીયા અને અન્ય અધિકારી/મરીન કમાન્ડો દ્વારા અલગ અલગ ટીમ બનાવી તા.૧૭.૦૩.૨૦૨૬ ના રોજ દાંડી બીચ અને તેની આસપાસના દરીયાકાંઠા વિસ્તારમા સઘન કોસ્ટલ પેટ્રોલીંગ કરવામાં આવેલ. આ "સઘન કોસ્ટલ પેટ્રોલીંગ" દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ ઇસમો, શંકાસ્પદ બોટો, તેમજ અવાવરૂ જગ્યાઓનું ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું.**

# બાયુયો વોલ્કેનો-જ્વાળામુખીની અંદર જ્વાળામુખી

'કોર મેમરી માટે અમને હાલમાં મિત્રો વચ્ચે ગુજરાતી, હિંદી કે તમિળમાં કોઈ સારો શબ્દ નહોતો મળતો. જોકે દરેક પ્રવાસ, જિંદગીની મહત્ત્વની ઘટના 'કોર મેમરી' તો બનાવીને જ જાય છે. તે સમયે તો જાણે તે વાતો સાથે અમે અનોખી યાદો બનાવી રહ્યાં હતાં. અને વાત ક્યારે યાદશક્તિ પર પહોંચી ગઈ ખબર પણ ન પડી. અમારાં મિત્રો વરુણ અને વિવેક અને વરુણની પત્ની નમિતા સાથે બેસીને નોસ્ટાલજિયાની વાતો ચાલુ થઈ ગઈ હતી. એક સમયે તો સ્માર્ટ ફોન વિના મોટા થવાની વાત પણ નીકળી. ખાસ તો એક જમાનામાં અમને બધાંને કેવી રીતે ફોન નંબરો યાદ રહેતા હતા તે વાત પર બધાં વિચારે ચડી ગયેલાં, અને આજે તો ઘણું ભૂલી જવાનું થાય છે. આખી ને આખી નોલેજ બેન્ક જેવો ફોન ખિસ્સામાં લઈને ફરવામાં ઘણું યાદ રાખવાની જરૂર જ નથી પડતી. જોકે તેનો અર્થ એ નહી કે કંઇ પણ ભૂલી જાઓ તો ચાલે.

હું ફુઅર્ટેવેન્ટુરા પહોંચવાની ફલાઇટ પર મારું ક્ધિડલ ભૂલી ગઈ હતી. લુથાન્ઝાના લોસ્ટ એન્ડ ફાઉન્ડને મોકલેલા મેઈલનો કોઈ જવાબ નહોતો આવ્યો. અમને અપેક્ષા પણ ન હતી, પણ પાછાં પહોંચ્યા પછી એક દિવસ કુમાર પર એક અજાણ્યાં બેનનો ઈમેઈલ આવ્યો. તેમાં લખ્યું હતું, 'ફલાઇટની સીટ પાછળ મારું











ક્ધિડલ મૂક્યું અને પાછું લેતી વખતે બે ક્ધિડલ હાથમાં આવ્યાં. આ ઈમેલ પર ડિવાઈસ રજિસ્ટર થયેલું છે. સરનામું મોકલો તો તમને કુરિયર કરી દઉં.'

અમે તેમને સરનામા સાથે કુરિયરનો ખર્ચો અને ઘણો આભાર મોકલ્યો. કોઈ વસ્તુ ક્યાંક ભૂલી જવાનું તો જરાય નવું નથી, પણ લોકો માણસાઈ ભૂલ્યાં નથી તે વાતની પણ અમે મજા લઈ જોઈ. મારે ફુઅર્ટેવેન્ટુરાના અલગ ગ્રહનાં લેન્ડસ્કેપવાળાં સ્થળો અને બીચ પર બેસીને ક્ધિડલ પર પુસ્તકો વાંચવા દરમ્યાન ફોન ભૂલી જવાનો પ્લાન હતો. હવે તે પ્લાન જ ભૂલી જવો પડે તેવું હતું. એવામાં જ્યારે વોલ્કેનો બાયુયો પર અડધેથી પાછી આવીને કારમાં બેસીને કુમારની રાહ જોતાં જોતાં ટાઈમપાસ કરતી હતી, ત્યારે ક્ધિડલ ખાસ યાદ આવતું હતું.

કાર પાર્કની એક તરફ એક નાનકડો વોલ્કેનો હતો, બીજી તરફ વધુ એક નાનો વોલ્કેનો હતો. તેને ઓળંગીને તે વિસ્તારના સૌથી મોટા વોલ્કેનો બાયુયો પર ચઢવાનું હતું. હું બાયુયો પર જવાના રસ્તે ચઢી તો ગઈ, પણ જેવો રસ્તો વધુ ને વધુ વર્ટિકલ થતો ગયો, મને પાછાં આવવાનું કેટલું અઘરું બની જશે તે વિચારે આગળ વધવાનું જોખમી લાગ્યું. હું પાછી વળીને કારમાં બેસી કુમાર પાછો ફરે તેની રાહ જોવા લાગી. મેં ફોન પર આસપાસનો માહોલ અને વિચારો રેકોર્ડ કરવાનું ચાલુ કર્યું ત્યાં તો કુમારનો ફોન આવ્યો. તે મને કહે, તે ટોચ પરથી પાછો આવી ગયો છે, પણ હું જ્યાંથી પાછી ફરી હતી ત્યાં જરા થોડી વાર માટે પાછી આવી જાઉં. થોડે આગળ જ ત્યાંનો બેસ્ટ વ્યુ છે, એટલું તો હું પાછું જઈ જ શકીશ. અને મેં એની એ જ અડધી હાઇક ફરી વાર કરી. આ વખતે જોયું તો અહીં થોડું જ આગળ જઈને એક તરફ ઈઝલા દા લોબો જોવા મળતું હતું અને બીજી તરફથી વધુ એક વોલ્કેનો દેખાતો હતો.

તે પછી કુમારે એ વોલ્કેનો પર જઈને આ વોલ્કેનો

જોવાનું સૂચવ્યું ત્યારે મને લાગ્યું કે અમારે હવે હોટલ પર પાછાં જવાનો સમય આવી ગયો છે. આમ પણ તે દિવસે અમે સવારે નીકળ્યાં ત્યારથી આ અમારું ચોથું ડેસ્ટિનેશન હતું. આ દિવસમાં અમે અજુયથી માંડીને બેટાનકુરિયામાં ઘણું વૈવિધ્યસભર લેન્ડસ્કેપ માણી ચૂક્યાં હતાં. જોકે હજી સુધી તે દિવસની પ્રોપર હાઈક બાકી હતી. આ વોલ્કેનો પરની હાઈક આમ તો એટલી રિજુવિનેટિંગ હતી કે અમે હજી પછીના દિવસે જરા વધુ ચેલેન્જિંગ વોલ્કેનો હાઇક પ્લાન કરી રહ્યાં હતાં. તે સમયે તો અમે અડધે રસ્તે, ઘણી ઊંચાઈ પર બેસીને વ્યુની મજા લીધી. સાથે લાવેલી મુસલીબાર ખાધી અને કુદરતની સર્જનશક્તિ અને એ જ સૌંદર્યનો વિનાશ કરવાની ક્ષમતા પર નવાઈ લગાડી. આ વોલ્કેનો આશરે ૧૦,૦૦૦ વર્ષ પહેલાં ફાટેલો અને આ આખાય રિજનને પોતાને રંગે રંગી બેઠો હતો. ક્રેટર પર લાલ અને કાળા રંગો જાણે કોઈએ હાથેથી ફિલ્મ સેટ બનાવ્યો હોય તેવું નાટકીય લાગતું હતું. ખરેખર પૃથ્વી કેટલી જૂની છે તેની કલ્પના પણ ફેન્ટસી જેવી લાગે છે.બીજી તરફ દેખાઈ રહેલો લોબો નામનો ટાપુ પણ એક અલગ દિવસ લેવાનો હતો. ફુઅર્ટેવેન્ટુરા ભલે નાનો ટાપુ હોય, અહીં જાણે દરેક ખૂણે કોઈ અલગ ભૌગોલિક નજારો અમારી રાહ જોઈ રહ્યો હોય તેવું લાગતું હતું. બાયુયો વોલ્કેનો શહેરથી ઘણો નજીક છે.

# ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચનો નવમો પૂર્ણાંક હવે ૨૦ થી ૨૨ ધરમપુરમાં તખુભાઈ સાંડસુરના સંયોજન હેઠળ આયોજન

ભાવનગર , ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચના માધ્યમથી દર વર્ષે ગુજરાતના વિવિધ જિલ્લાના ઈનોવેટિવ અને રચનાત્મક કામ કરનારા પ્રવૃત્ત શિક્ષક ભાઈ બહેનોને પોતાની કાર્યરીતિને વધુ સુસજ્જ બનાવવા ત્રણ દિવસનો એક શૈક્ષણિક કાર્યક્રમ દર છ માસે યોજવામાં આવે છે. જેમાં જે તે પ્રદેશની શૈક્ષણિક સ્થિતિ, પોતાની શાળાઓમાં થતા વિવિધ પ્રયોગો, આગામી આયોજનો તથા વિદ્વાન વક્તાઓના જ્ઞાનલાભ મેળવીને શિક્ષકોને સમૃદ્ધ કરવાનો આયામ થઈ રહ્યો છે. તેનો આગામી નવમો મણકો કે જે પૂર્ણાંક કહી શકાય તે ધરમપુરના આદિજાતિ વિસ્તારમાં યોજાઈ રહ્યો છે.

આ અંગેની માહિતી અને વિગતો આપતા કાર્યક્રમ સંયોજકો સર્વશ્રી લીલાબેન ઠાકરડા અને હરેશભાઈ સોડવડિયાએ જણાવ્યું હતું કે છે કે તારીખ ૨૦ બપોરે ત્રણ કલાકે આ સંગોષ્ઠિના તમામ સાધકો શ્રીમદ રાજચંદ્ર આશ્રમની ધરમપુર ખાતે મુલાકાત લેશે.ત્યારબાદ ત્યાંથી ૨૨ કિલોમીટર દૂર ચાસ માંડવા નામનું અંતરિયાળ ગામ છે ત્યાં તે શાળાઓની આદિજાતિ શાળાઓની, તેના વિદ્યાર્થીઓની પણ મુલાકાત કરશે. સાચ માંડવાના સનાતન નિસર્ગધામ નામના આશ્રમમાં તારીખ ૨૦, ૨૧ અને ૨૨ ના રોજ વિવિધ કાર્યક્રમનું આયોજન થશે. જેમાં આ વખતની સંગોષ્ઠિનો વિષય "અધ્યાત્મ શિક્ષણ" નિયત કરવામાં આવ્યો છે. ગીતા, રામાયણ, ભાગવત, મહાભારત જેવા ગ્રંથો તથા ઉપનિષદ, પુરાણોના સંદર્ભો ટાંકીને ગુજરાતના વિવિધ વિદ્વાનો પોતાના વૈચારિક પરિપાકને પ્રસ્તુત કરશે.

તારીખ ૨૧ ના રોજ સવારે ૯:૦૦ કલાકે યોજનાર ઉદઘાટન સત્રમાં ફોરમ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ કરવામાં આવશે. ચાલુ વર્ષે માંગરોળના અધ્યાપક અને સતત ચાલીસ વર્ષ સુધી સેવા અને શિક્ષણના

ક્ષેત્રમાં સમર્પણથી પોતાની જાતને આહુત કરનાર શ્રી પ્રશાંતભાઈ વ્હાવાલાને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ થશે. જોડીયાના સુશ્રી મમતાબેન જોશી, સારસા આણંદના ડો. કિરીટ ચૌહાણ, વીરનગર રાજકોટના સુશ્રી દેવકુબેન બોરીચા, અને ભાવનગર પરવડીના શ્રી પરેશભાઈ હિરાણીને ફોરમ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત થશે. આ કાર્યક્રમમાં મંચના સહસંયોજક અને લેખક શ્રી શ્યામજીભાઈ દેસાઈનું પુસ્તક 'અધ્યાત્મ અને શિક્ષણ' નું રૂપ દર્શન થશે. આ ઉદઘાટન સત્રમાં પ્રમુખ સ્થાને ત્યાંના સ્થાનિક ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, ભાગવતાચાર્ય પૂજ્ય પંકજભાઈ વ્યાસ અને પૂ દિવ્ય સ્વરૂપ સ્વામીજી આશીર્વાદ માટે ઉપસ્થિત રહેશે. સુરતના સામાજિક અગ્રણી અને રચનાત્મક કાર્યકર શ્રી પીયુષભાઈ ધાનાણી પણ આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે હાજર રહેવાના છે.

તારીખ ૨૦ અને ૨૧ના વિવિધ ક્ષેત્રોમાં વક્તાઓ શ્રી કુમાર જૈમિનિ શાસ્ત્રી ડો. આશા ગોહિલ, પૂજ્ય પંકજભાઈ વ્યાસ ભાગવતાચાર્ય, ડો.ધર્મેન્દ્ર કનાલા, શ્રી તખુભાઈ સાંડસુર વગેરેના અભ્યાસ પૂર્ણ વક્તવ્યો થશે.

આ સમગ્ર ગોષ્ઠિને સફળ બનાવવા માટે જિલ્લાના સંયોજકો શ્રી ભગવત દાન ગઢવી ડો.પ્રદીપસિંહ સિંધા, સંજયભાઈ પટેલ ચિરાગભાઈ પટેલ વિમલભાઈ પટેલ, દુધાભાઈ પરમાર, સંજયભાઈ મકવાણા, દીપ્તિબેન જોશી વગેરે પ્રયત્નશીલ છે. સમગ્ર આયોજન તખુભાઈ સાંડસુરના નેતૃત્વમાં અને સહ સંયોજકો શ્યામજી ભાઈ દેસાઈ અને ડો મહેશ ઠાકર કરી રહ્યા છે.

# શું રોબો માણસ જેવા ભાવુક થઇ શકે?

રોબો ફેશિયલ રિકગ્નીશન, સેન્સર્સ તેમ જ આર્ટિફિશિયલ ઈમોશન, ઈન્ટેલિજન્સ વગેરેના સહયોગથી માનવીય ભાવનાઓને પીછાણી રહ્યા છે અને તેના પર પ્રતિક્રિયા પણ આપી રહ્યા છે પરંતુ શું આ યંત્રમાનવો માનવીય ભાવનાઓની વાસ્તવમાં અનુભૂતિ કરી શકશે અને તે અનુસાર પ્રતિભાવ આપી શકશે? જો આવું થાય તો શું થશે? આવા અનેક પ્રશ્નો રોબોની આત્મહત્યાથી ઊભર્યા છે. સંતોષજનક જવાબ ભલે ન મળે, પરંતુ પ્રશ્નોનો મારો વધતો જાય છે. ગયા મહિને દક્ષિણ કોરિયાની ગુમી સિટી કાઉન્સિલમાં કાર્યરત ત્યાંના વરિષ્ઠ પ્રશાસનિક અધિકારીએ વધુ પડતા કામકાજના બોજાને લીધે ટેન્શનમાં આત્મહત્યા કરી લીધી. ઑગસ્ટ ૨૦૨૩માં સેવા શરૂ કરનાર આ અધિકારી વાસ્તવમાં તો એક રોબો અર્થાત્ યંત્રમાનવ હતો. કામના વધુ પડતા બોજને કારણે ઊપજેલા દબાણ, તણાવ અને નિરાશાને કારણે લાખો લોકો આત્મહત્યા કરી રહ્યા છે. એવું મનાતું હતું કે મશીનો આવ્યા બાદ માણસો પરથી કામનો બોજો ઓછો થશે. રૂટિન કાર્યોથી છુટકારો મળશે, પણ ખુદ યંત્ર જ ભાર હેઠળ દબાઈને આપઘાત કરવા મજબૂર થઇ ગયું. એ પણ વર્ષનો ઓછો કાર્યકાળ અને માત્ર ૯ થી ૬ની બાંધેલી ડ્યૂટી છતાંય. હાલમાં તો રોબોની આત્મહત્યાનો આ પહેલો જ મામલો બહાર આવ્યો છે. પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંબંધિત દુનિયાભરના વૈજ્ઞાનિકો માટે આ ઘટના એક પડકાર બની ગઈ છે. આ ક્ષેત્રે તો અનેક પ્રશ્નો ઉઠ્યા છે સાથે સાથે સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રે પણ સવાલો ઉત્પન્ન થઇ રહ્યા છે. આજે પણ નિષ્ણાતોને આ મામલે કોઈ સંતોષકારક જવાબ નથી મળી રહ્યો.

આ આત્મઘાતી રોબોના નિર્માતા કેલિફોર્નિયા સ્થિત બેયર રોબોટિક્સના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે કમાન્ડ દેવામાં ઘણી ભૂલો કરી હતી તેના પરિણામે આ આપઘાત થયો. આ કારણે જ તે માનસિકરૂપે ત્રસ્ત થયો અને આખરે છ ફૂટ ઊંચી સીડીથી પોતાની જાતને ધકેલી કામ તમામ કરી લીધુ. હવે સવાલ એ ઊભો થાય છે કે શું રોબો આવી માનવીય પ્રવૃત્તિઓ વિકસાવી શકે? પોતાના જીવનને લગતા સ્વતંત્ર નિર્ણય લેવાને લાયક બની શકે. પોતાનો નિર્ણય લઇ શકે તો શું બીજા લોકો વિશે આવું ન કરી શકે? શું આ યંત્રમાનવોમાં પણ મનુષ્યોની જેમ પ્રેમ,ઘૃણા કે ધૂર્તતા જેવી ભાવનાઓ અને ગુણ-અવગુણ વિકસિત થઇ શકે છે? શું તેમનામાં માનવીય ચેતનાનો સંચાર સંભવ છે?

## તંત્રી લેખ...-

બુધવાર, તા. ૧૮ માર્ચ ૨૦૨૬

# સશક્તિકરણ અને સમાનતા મહત્ત્વની

સ્ત્રીઓના માસિક ધર્મ સાથે યુગોથી સંકળાયેલી અનેક ગેરમાન્યતાઓ દૂર થઈ છે, છતાં આજે પણ આ બાબતને સૂગની દૃષ્ટિએ જોવાય છે. નોકરી કરતી મહિલાઓ માટે પેઈડ મેન્સ્ટ્રુઅલ લીવ અંગેના નિયમો ઘડવા માટેનો આદેશ સર્વોચ્ચ અદાલત આપે એવી એક અરજીની સુનાવણી દરમિયાન આ બાબતમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, ત્રીઓ માટે માસિક ધર્મ દરમિયાન ફરજિયાત રજાનો નિયમ કે કાયદો ઘડાશે તો કોઈ તેમને નોકરી પર રાખવા તૈયાર નહીં થાય અને આનાથી તેમની રોજગારની તકો પર અવળી અસર થશે. જાગરુકતા લાવવી અને લોકોને આ બાબત પ્રત્યે સંવેદનશીલ બનાવવા એ એક વાત છે, પણ જે ક્ષણે તમે આ દિવસોમાં રજા આપવાનો કાયદો લઈ આવશો, કોઈ તેમને નોકરી પર રાખવા તૈયાર નહીં થાય. ચીફ જસ્ટિસે કડવી વાસ્તવિકતા તરફ ધ્યાન દોરતાં કરેલી આ ટિપ્પણી વિચારવા પ્રેરે એવી છે. સર્વોચ્ચ અદાલતની ટિપ્પણને નારીવાદી સંગઠનોએ વખોડી કાઢતાં કહ્યું છે કે, માસિકધર્મ દરમિયાન રજા એ કોઈ છૂટ કે સવલત નથી, પણ કામ કરવાની એકસમાન માનવીય પરિસ્થિતિ આપવાનું પગલું છે. મહિલા-કર્મચારીઓના હક્કોની માંગથી તેમની કારકિર્દીને નુકસાન થશે એવી પિતૃવાદી દલીલોની જરૂર નથી. તેમને જરૂર છે મજબૂત શ્રમ સંરક્ષણ કાયદાઓની તથા તેના અમલીકરણ અને સમાનતા તથા કાર્યસ્થળે તેમના સ્વાસ્થ્ય સંબંધી બાબતો તથા ગરિમાની સ્વીકૃતિની. આ મામલામાં અદાલતનું ધ્યાન ખેંચતાં વરિષ્ઠ એડ્વોકેટ એમ.આર. શમશાદે કહ્યું કે, ૨૦૧૩માં કેરળ સરકારે રાજ્ય સરકાર દ્વારા સંચાલિત તમામ યુનિવર્સિટીઝમાં મેન્સ્ટ્રુઅલ લીવ મંજૂર કરી હતી, આ સાથે તેમણે ખાનગી કંપનીઓનો દાખલો આપતાં કહ્યું કે, અનેક જગ્યાએ આ પ્રકારની છૂટ આપવામાં આવે છે. જવાબમાં ચીફ જસ્ટિસે કહ્યું કે, આ પગલાં સ્વૈચ્છિક છે, પણ જે ક્ષણે આ બાબત કાયદા દ્વારા ફરજિયાત છે એવું કહેવામાં આવશે, એ પછી કોઈ તેમને નોકરી નહીં આપે. તેમણે ભાર આપતાં કહ્યું કે, ન્યાયતંત્ર કે સરકારી નોકરીઓમાં પણ કોઈ મહિલાઓને નહીં લે, તેઓ કહેશે તમે ઘરે જ બેસો. ગત જાન્યુઆરી મહિનામાં જ દેશની સર્વોચ્ચ અદાલતે માસિક ધર્મ સંબંધિત સ્વાસ્થ્યને કન્યાઓના જીવવાના, ગરિમાના, સ્વાસ્થ્ય અને શિક્ષણના અધિકારનો અવિભાજ્ય અંગ ગણાવતો શકવર્તી ચુકાદો આપ્યો હતો. વિશ્વના અનેક દેશોમાં માસિક ધર્મ દરમિયાન ત્રીઓને રજા આપવાની જોગવાઈ છે. જાપાનમાં છેક ૧૯૪૭ અને ઈન્ડોનેશિયામાં ૧૯૪૮થી આ રજા આપવામાં આવે છે તથા સાઉથ કોરિયા, ઝામ્બિયા, તાઈવાન, વિયેતનામ અને સ્પેનમાં આ રજા અપાય છે. કાયદા અને નિયમો અલગ-અલગ છે. અનેક અભ્યાસો દ્વારા સિદ્ધ થયું છે કે, માસિક ધર્મના દિવસો દરમિયાન પચાસથી નેવું ટકા જેટલી ત્રીઓને અત્યાધિક પીડા, ભારે રક્તસ્રાવ તથા થાક સહન કરવાના આવે છે. આથી, આ દિવસોમાં તેમને આરામ મળે એ આવશ્યક છે, પણ ચીફ જસ્ટિસનો મુદ્દો પણ મહત્ત્વનો છે. એવો કોઈ પણ કાયદો જે ત્રીઓને રોજગારથી દૂર કરે, એ વિશે બધાં પાસાં ચકાસ્યાં વિના આગળ વધી શકાય નહીં.

# પાંચ રાજ્યમાં ચૂંટણી : હવે મેદાનમાં મુકાબલો

ચાર રાજ્ય - પશ્ચિમ બંગાળ, આસામ, તામિલનાડુ અને કેરલમ્ ઉપરાંત કેન્દ્રશાસિત પુડુચેરીનો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયો છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીના એનડીએ જૂથ અને કોંગ્રેસના ઈન્ડિયા મોરચાની લોકપ્રિયતા ચૂંટણીની કસોટીની એરણ ઉપર છે. કેન્દ્રમાં મોદી સરકારને હટાવવાના પ્રયાસ નિષ્ફળ ગયા પછી વિપક્ષોએ સંસદમાં સ્પીકર સામે અને ચૂંટણી કમિશનરને નિશાના ઉપર લીધા છે, પણ ચાર રાજ્યમાં ચૂંટણીની જાહેરાત પછી હવે ચૂંટણીનાં મેદાનમાં મુકાબલો થશે. ભાજપ એકમાત્ર આસામમાં સત્તા સ્થાને છે અને કોંગ્રેસે તામિલનાડુમાં શાસક પક્ષ ડીએમકેનો હાથ પકડી રાખ્યો છે. કેરલમ્માં ડાબેરી મોરચા સામે કોંગ્રેસનો લોકશાહી મોરચો છે, જેમાં કોંગ્રેસ મુખ્ય વિરોધ પક્ષ છે. પશ્ચિમ બંગાળમાં પ્રાદેશિક પક્ષ - તૃણમૂલ કોંગ્રેસ સામે ભાજપ મુખ્ય વિરોધ પક્ષ છે. કોંગ્રેસ અને ડાબેરી પક્ષો મેદાનમાં હોવા છતાં મમતા બેનરજી સામે ભાજપનો પડકાર ગંભીર છે. ભાજપે આસામ જાળવી રાખવા સાથે અન્ય રાજ્યોમાં પ્રાદેશિક પક્ષોને કેવી ફાઈટ આપે છે અને સત્તા માટે કેટલી બેઠકો મેળવી શકે છે તે જોવાનું છે, જ્યારે કોંગ્રેસ માટે એકમાત્ર કેરલમ્માં ચાન્સ દેખાય છે, પણ ડાબેરી મોરચાનું સ્થાન - આંતરિક ફાટફૂટ હોવા છતાં મજબૂત મનાય છે. ૨૦૧૪માં અભૂતપૂર્વ વિજય મેળવ્યા પછી ભાજપના એનડીએ મોરચાએ પાંચ વર્ષ પછી - ૨૦૧૯માં લોકસભામાં બેઠકો અને બહુમતી ગુમાવી હતી, પણ ભાજપે લોકસભા પછી આઠ રાજ્યમાં થયેલી ચૂંટણીમાં પાંચ રાજ્યમાં સત્તા મેળવીને સત્તાસ્થાન ટકાવી રાખ્યું છે. ઓડિશા, હરિયાણા, મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશમાં સત્તા મેળવી - આંધ્રપ્રદેશમાં ભાજપના સાથી પક્ષ તેલુગુ દેશમ્ પાર્ટીએ બહુમતી મેળવ્યા પછી ભાજપે વિજય યાત્રા ચાલુ રાખી, ત્યારે વિપક્ષોએ ઝારખંડ, જમ્મુ-કાશ્મીર અને સિક્કિમમાં સત્તા મેળવી છે. છેલ્લે બિહારમાં જનતા દળ (યુ) સાથે અભૂતપૂર્વ વિજય મેળવીને ભાજપે આગામી ચાર રાજ્યમાં પ્રાદેશિક પક્ષોને સજ્જડ લડત આપીને સત્તા મેળવવાનો નિરધાર કર્યો છે. આસામ અને બંગાળ ઉપરાંત કેરલમ્ અને તામિલનાડુમાં પણ પ્રાદેશિક પક્ષોની સરકારો છે ત્યાં રાષ્ટ્રવાદ મુખ્ય મુદ્દો છે. ઉપરાંત પ્રાદેશિક ભ્રષ્ટાચાર અને હિન્દુત્વ પણ છે. બંગાળમાં બાંગલાદેશી ઘૂસણખોરોની વોટબેન્ક મમતા બેનરજીએ બનાવી છે તેના ઉપર ચૂંટણીપંચના દરોડા છે, જ્યારે કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર-કૌભાંડો ઉપર ઈડીના દરોડાએ મતદારયાદીના ભ્રષ્ટાચાર પકડ્યા છે. લગભગ એક કરોડ જેટલાં 'નકલી મતદારોનાં' નામ કપાયાં છે, તેથી મમતા બેનરજીએ ચૂંટણી કમિશનરને દૂર કરવા સંસદમાં જેહાદ શરૂ કરી છે! વર્ષ ૨૦૨૧ની બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૭૭ બેઠક મેળવી હતી - હવે આ વખતે ૨૯૪ સભ્યની વિધાનસભામાં કેટલી બેઠકો મેળવશે ? વડાપ્રધાન મોદી અને ગૃહપ્રધાન અમિત શાહે બંગાળમાં તમામ તાકાત લગાડી છે. પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે અને ચારે રાજ્યોમાંથી બંગાળ ઉપર દેશ-દુનિયાની નજર છે.

**આ ચુકાદા પહેલાં સુધી ઉત્પાદન કરાતું હોય એવાં તમામ સ્થળોને જ ઉદ્યોગ ગણવામાં આવતા હતા.**

# 'ઉદ્યોગ'ની વ્યાખ્યાના કેસમાં ૨૪ વર્ષનો અક્ષમ્ય વિલંબ

**મતલબ કે, એક ચુકાદાને પડકારાયો એ કેસની સુનાવણી શરૂ કરવામાં જ ૨૪ વર્ષ લાગી ગયાં.**

ઈરાન વર્સીસ ઈઝરાયલ-અમેરિકાના યુદ્ધની મોંકાણમાં એક બહુ મોટી ઘટના પર લોકોની નજર નથી ગઈ. આ ઘટના સુપ્રીમ કોર્ટની નવ જજોની બંધારણીય બેન્ચ દ્વારા ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ કામકાજ તથા આર્થિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં 'ઉદ્યોગ'ને વ્યાખ્યાયિત કરવા માટે શરૂ કરાયેલી સુનાવણી છે. ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતના વડપણ હેઠળની બેંચ આ સુનાવણીમાં ઘણા બધા મુદ્દાને આવરી લેવાની છે પણ તેમાં બે મુદ્દા મુખ્ય છે. પહેલો મુદ્દો એ કે, તમામ પ્રકારની સંગઠિત પ્રવૃત્તિને ઉદ્યોગ ગણવી જોઈએ ? અને બીજો મુદ્દો એ છે કે, સરકારના વિભાગો પણ ઉદ્યોગ ગણાય કે નહી ?

અત્યારે 'ઉદ્યોગ'ની જે વ્યાખ્યા છે એ ૧૯૭૮માં સુપ્રીમ કોર્ટે 'બેંગલૂરુ વોટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડ' કેસમાં આપેલા ચુકાદા પર આધારિત છે. જસ્ટિસ અય્યરે આ ચુકાદામાં ઉદ્યોગની વિસ્તૃત વ્યાખ્યા કરી હતી. આ ચુકાદામાં સ્પષ્ટતા કરાયેલી કે, નોકરીદાતા અને કર્મચારીનો સંબંધ છે અને જ્યાં કોઈ પણ પ્રકારની સેવા કે કામગીરી થાય છે તેને ઉદ્યોગ કહેવાય.

આ ચુકાદા પહેલાં સુધી ઉત્પાદન કરાતું હોય એવાં તમામ સ્થળોને જ ઉદ્યોગ ગણવામાં આવતા હતા. મતલબ કે, ફેક્ટરીઓને જ ઉદ્યોગ ગણવામાં આવતા હતા પણ નવી આ વ્યાખ્યાને કારણે સરકારી વિભાગો, હૉસ્પિટલો, શાળાઓ, બિનસરકારી સંસ્થાઓ (એનજીઓ) પણ ઉદ્યોગ ગણાવા લાગી. ઉદ્યોગોને લાગુ પડતા મજૂર કાયદા તમામને લાગુ પડવા માંડ્યા.

હવે સુપ્રીમ કોર્ટ આ વ્યાખ્યા સાચી છે કે નહી તેનો નિર્ણય લેશે. તેના કારણે કરોડો કર્મચારીઓના અધિકારો અંગે સ્પષ્ટતા થશે. કર્મચારીઓના છટણી, પગાર, યુનિયન સહિતના અધિકારોને પણ નવી વ્યાખ્યાથી અસર થશે તેથી આ સુનાવણી કરોડો લોકોને અસર કરનારી છે. અત્યારે આર્મી, પોલીસ વગેરેને ઉદ્યોગ ગણવામાં નથી આવતા તેથી તેમને પોતાના અધિકારો માટે લડવા યુનિયન બનાવવાની છૂટ નથી પણ નવી વ્યાખ્યામાં તેમને ઉદ્યોગ ગણી લેવાય તો પછી આર્મી અને પોલીસનાં યુનિયનો બનાવી શકે કે નહી એ મુદ્દો ચર્ચામાં આવી જશે. અત્યારે પોલીસ કે આર્મી યુનિયન ન બનાવી શકે એ માટેની અલગ જોગવાઈઓ અસ્તિત્વમાં છે જ પણ નવી વ્યાખ્યાના કારણે વિરોધાભાસ થાય તો ઘર્ષણ વધી શકે. સુપ્રીમ કોર્ટે 'ઉદ્યોગ'ની વ્યાખ્યા કરવા સુનાવણી શરૂ કરી એ સારી વાત છે પણ આ સુનાવણી ભારતમાં ન્યાયતંત્ર રગશિયા ગાડા કરતાં પણ ધીમી ગતિએ ચાલે છે તેનો પુરાવો છે. સાથે સાથે સુપ્રીમ કોર્ટનું કામ પણ બિલકુલ સરકારી ધોરણે ચાલે છે ને લોકહિતને ધ્યાનમાં જ નથી રખાતું તેનો પુરાવો પણ છે. એ સિવાય આટલાં વરસો લગી આ કેસ ટલ્લે ચડેલો રહે ખરો? સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વીઆર કૃષ્ણ અય્યરે ૧૯૭૮માં 'ઉદ્યોગ'ની વ્યાખ્યા કરી તેનાં તેનાં ૨૪ વર્ષ પછી ૨૦૦૨માં આ ચુકાદાને પડકારવામાં આવ્યો હતો અને છેક હવે તેની સુનાવણી શરૂ થઈ રહી છે. મતલબ કે, એક ચુકાદાને પડકારાયો એ કેસની સુનાવણી શરૂ કરવામાં જ ૨૪ વર્ષ લાગી ગયાં. ઉત્તર પ્રદેશની સરકારે આ વ્યાખ્યાને આધારે લીધેલા નિર્ણયને જયબીર સિંહે પડકારેલો તેથી સ્ટેટ ઓફ યુપી વર્સીસ જયબીર સિંહ તરીકે આ કેસ જાણીતો બન્યો. આ કેસમાં મૂળ ચુકાદા પર પુનર્વિચારણા કરવાની માંગ કરવામાં આવી હતી કારણ અરજદારને લાગતું હતું કે, ૧૯૭૮નો ચુકાદો અત્યંત કામદારલક્ષી છે અને તેમાં કામદારોનાં હિતોની જ વાત છે. આ વિલંબ અક્ષમ્ય છે અને તે માટેનું કારણ અત્યંત હાસ્યાસ્પદ છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો ચલકચલાણું રમતા રહ્યા તેમાં કેસ અહીંથી ત્યાં ને ત્યાંથી બીજે ક્યાંક ફરતો રહ્યો તેમાં બોર્ડ પર જ ના આવ્યો. પહેલાં આ કેસ પાંચ જજની બંધારણીય બેંચને સોંપાયો હતો પણ સુનાવણી શરૂ થાય એ પહેલાં ચીફ જસ્ટિસ બદલાયા તેથી તેમને લાગ્યું કે, આ મુદ્દો બહુ મહત્ત્વનો છે ને પાંચ જજની બેંચના બદલે મોટી બેંચને સોંપાવી જોઈએ તેથી મે ૨૦૦૫માં પાંચ જજની બંધારણીય બેન્ચે અરજી મોટી બેન્ચને મોકલી આપ્યો. ચીફ જસ્ટિસ ટી.એસ. ઠાકુરના વડપણ હેઠળની સાત જજની બેંચે સુનાવણી તો શરૂ કરી જ નહી પણ જાન્યુઆરી ૨૦૧૭માં નિર્ણય લીધો કે, આ 'ઉદ્યોગ'ની વ્યાખ્યાની દૂરોગામી અસરો પડશે તેથી નવ જજની બેંચ દ્વારા કેસની સુનાવણી થવી જોઈએ. ભારતના બંધારણમાં બંધારણીય અર્થઘટનને લગતી બાબતોમાં ઓછામાં ઓછા પાંચ જજની બેંચ હોવી જોઈએ એવો ઉલ્લેખ છે પણ મહત્તમ કેટલા જજની બેંચ રાખી શકાય એ માટેની કોઈ મર્યાદા નક્કી કરાઈ નથી તેનો લાભ લઈને આ કેસ ફંગોળાતો રહ્યો. વર્તમાન ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે આ ચલકચલાણું બંધ કરાવ્યું બદલ તેમનો આભાર માનવો જોઈએ. ફેબ્રુઆરી ૨૦૨૬માં ચીફ જસ્ટિસ સૂર્યકાંતે પોતાના વડપણ હેઠળની બંધારણીય બેંચ સમક્ષ સુનાવણી કરવાની જાહેરાત કરી તેના કારણે આ કેસનો મોક્ષ થયો છે. જસ્ટિસ સૂર્યકાન્તની હકારાત્મક પહેલથી જસ્ટિસ સૂર્યકાંત ઉપરાંત બી.વી. નાગરત્ના, પી.એસ. નરસિંહા, દીપાંકર દત્તા, ઉજ્જલ ભૂયાન, એસ.સી. શર્મા, જોયમલ્યા બાગચી, આલોક આરાધે અને વિપુલ એમ. પંચોલી એમ નવ ન્યાયાધીશોની બેન્ચ સમક્ષ આ કેસની સુનાવણી શરૂ થઈ છે. આ મુદ્દો અત્યંત મોટો છે એવું સુપ્રીમ કોર્ટે પોતે જ સ્વીકાર્યું છે. એ સિવાય તો નવ જજની બંધારણીય બેંચ શું કરવા સુનાવણી કરે? એ છતાં આટલાં બધાં વરસો સુધી આ વાત પર જ ધ્યાન ના અપાયું તેના કારણે કરોડો લોકોને અસર થઈ છે કેમ કે 'ઉદ્યોગ'ની વ્યાખ્યા સરકારી નોકરિયાતથી માંડીને સામાન્ય કામદાર સુધીનાં બધાંને લાગુ પડે છે. વરસોથી ચાલી આવતી આ 'ઉદ્યોગ'ની વ્યાખ્યાના કારણે કોને નુકસાન થયું ને કોને ફાયદો થયો તેની ખબર તો નવી વ્યાખ્યા આવે ત્યારે પડે પણ કરોડોને અસર થઈ તેમાં શંકા નથી. સુપ્રીમ કોર્ટ 'ઉદ્યોગ'ની નવી વ્યાખ્યા ક્યારે કરશે એ ખબર નથી. ન્યાયતંત્રની કામ કરવાની ઝડપ જોતાં એક-બે વર્ષ બીજાં નિકળી જાય તો પણ નવાઈ નહીં. જેટલો કેસ લંબાશે એટલી અસરકર્તાઓની સંખ્યા પણ વધશે એ જોતાં આશા રાખીએ કે ઝડપથી ચુકાદો આવે. ને છેલ્લે એક આડવાત પણ કરી લઈએ. સુપ્રીમ કોર્ટને અચાનક 'ઉદ્યોગ'ની વ્યાખ્યા કરવાનો ઉમળકો કેમ જાગી ગયો ? કેન્દ્ર સરકારે ગયા વરસે ચાર નવા લેબર કોડ અમલી બનાવ્યા પણ તેનો અમલ શરૂ થયો નથી કેમ કે રાજ્યોએ અંતિમ નિયમો બનાવ્યા નથી. આ અંતિમ નિયમો બનશે તેની અસર ઘણી બધી આર્થિક પ્રવૃત્તિઓને થશે. ઉદ્યોગો, બિઝનેસ વગેરે પર સૌથી વધારે અસર થશે તેથી તેમને રાહત આપવા 'ઉદ્યોગ'ની નવી વ્યાખ્યા કરાઈ રહી હોવાનું કહેવાય છે.

**હવે ભ્રષ્ટાચારમાં ઉછરેલ બાળક મોટું થઈ ગયું છે.**

# 'ભ્રષ્ટાચાર પ્રધાન' દેશ હમારા...

> ■ વળી બાપ પત્નીની ખુશીમાં જીવનની સફળતા માને છે. એ બાળક માટે મોંઘા રમકડાં, મોંઘી સ્કૂલ, મોંઘી આયા, મોંઘા ટીચર અને બાળકની ઓકાતથી મોંઘા એવા દોસ્તોની દોસ્તીનો પ્રબંધ કરી આપે છે.

ભ્રષ્ટાચાર સાથે આમ તો આપણો પરિચય બાળપણથી જ થઈ જાય છે. જન્મ લેતા વેંત જ બાળકને ખબર પડી જાય છે કે નર્સ કે ડોક્ટરની સાથે કાંઈ લીધા-દીધા વિના એની સુવાવડ ના થઈ શકે. બાળકનો બાપ પણ જાણે જ છે કે છેલ્લી ઘડીએ હોસ્પિટલમાં બેડ મેળવવા એણે શું શું કરવું પડેલું. પણ બાળક ખુશ છે કે ચલો, જે કોઈ રીતે ને જે કાંઈ થયું પણ છેવટે મારો જન્મ તો થઈ ગયો ને! શું છે કે કામ ચાલતું રહેવું જોઈએ. પૈસાની સામું જોશો તો આગળ કેમ ચાલશે? આજે ખર્ચો કરીએ છીએ તો કાલે કમાઈ પણ લેશું! શું કહો છો?

બાળકને ઘરે લઈ ગયા બાદ પણ બધી સરસ વ્યવસ્થા જોઈએ. અરે, કેટલી જાતના સામાન મળે છે બજારમાં. બાળક જાહેરાતો જુએ છે અને એને ખબર છે કે 'ઉસ કો ક્યા ક્યા માંગતા!' આ એના જીવનો સવાલ છે. છેવટે એક જ જીવન જીવવા મળ્યું છે એને. પ્રોટીન ને વિટામિન મોંઘા હોય તો ભલે હોય. એને એ જોઈએ એટલે જોઈએ જ! એ તો ઊંચામાંના રમકડાથી રમવા માગે છે. એ ઈચ્છે છે કે એનોયે વિકાસ અમેરિકા-જાપાનના બાળક જેવો જ થાય! એ મા પર દબાણ લાવે છે કે એની પોતાની ખુશી માટે બાપ પર ભ્રષ્ટ થવાનો આગ્રહ કરે! મા બાળકની ખુશીમાં પોતાની ખુશી જુએ છે.



વળી બાપ પત્નીની ખુશીમાં જીવનની સફળતા માને છે. એ બાળક માટે મોંઘા રમકડાં, મોંઘી સ્કૂલ, મોંઘી આયા, મોંઘા ટીચર અને બાળકની ઓકાતથી મોંઘા એવા દોસ્તોની દોસ્તીનો પ્રબંધ કરી આપે છે. આ બધા માટે એ જરૂરી ભ્રષ્ટાચાર કરીને પૈસા કમાઈ લે છે અને એ પૈસાથી પોતાના બાળકને દેશ માટે એક શ્રેષ્ઠ, ઉપયોગી ને કમાઉ નાગરિકના રૂપમાં વિકસીત કરવા માટે એક સરસ ઘર બનાવે છે.

કારણ કે આ નિર્મોહી દુનિયા તો ગમે ત્યારે તમને ફૂટપાથ પર લાવવા તૈયાર જ છે. એવામાં એ બાળકને સારું ઘર આપી શકે અને પોતે પણ બૂઢાપામાં ત્યાં જીવી શકે. જમીનથી લઈને ટાઈલ્સ, ચૂના કે રંગરોગાન સુધી બધું મોંઘું છે. એટલે એણે હવે વધારે ભ્રષ્ટાચાર કરવો પડે છે ને પછી ઘર બની જાય છે.

હવે ભ્રષ્ટાચારમાં ઉછરેલ બાળક મોટું થઈ ગયું છે. એ હવે પોતાના વિકાસ અને ઘરની સુખ-સમૃદ્ધિનું રહસ્ય બરોબર સમજી ચૂકયો છે. હવે એણે માત્ર બાપના કામમાં એને સાથ જ નથી દેવાનો પણ બાપે ઘરમાં જે સુખ-સમૃદ્ધિ આપી છે એને આગળ પણ વધારવાની છે ર્થાત્,વધુ એક ભ્રષ્ટ નાગરિક તૈયાર છે દેશની સેવામાં!

વિતેલા થોડાં વરસોમાં સિસ્ટમે માણસના જીવનની બધી સુરક્ષા ને સલામતીઓને ઓછી કરીને, એને છીનવી લેનારી બજારુ આઈટેમોથી દાટી દીધી છે.

રિટાયર્ડ ઓફિસર પણ હવે આરામથી બેસતો નથી. હવે એ પ્રાઈવેટ પાર્ટીઓને સરકારી રહસ્યો વેંચે છે, પોતાની જૂની લાગવગ વાપરીને ટેંડરો પાસ કરાવતો ફરે છે. પ્રાઈવેટમાં નોકરીઓ શોધે રાખે છે જેથી કરીને જીવનની સલામતી બની રહે અને જીવન જીવવા માટે વધુ એશો આરામની સામગ્રી ખરીદે છે.

ધારો કે ભ્રષ્ટ ઓફિસર કમાણી કરીને જાતે રિટાયર થઈ જાય કે પછી નોકરીમાંથી એને તગેડી મૂકવામાં આવે પણ સવાલ એ છે કે નવા ઉત્સાહી ઓફિસરોને ભ્રષ્ટ બનતા તમે કઈ રીતે રોકી શકશો? જે પૂરી નોકરી દરમ્યાન ઈમાનદાર રહે ને સરકારને ફાયદો કરાવતો રહે એને તમે શું ઈનામ આપશો? જેનો સર્વિસનો રેકોર્ડ સારો છે એનું પેંશન આપોઆપ વધી તો નથી જતું ને?એટલે ટૂંકમાં, ભ્રષ્ટાચાર એ ખોટા આર્થિક અને સામાજિક રચનાની દેણગી છે.દસેક ભ્રષ્ટ લોકોને નોકરીમાંથી તગેડી મૂકવાથી એ રાતોરાત ખતમ નહીં થાય. હા, મનમાં થોડો ડર જરૂર પેદા થશે પણ એની જરૂરિયાતો, ભ્રષ્ટાચાર કરવા માટે વધારે નાજુક, બારીક અને નવનવા આઈડિયાઓ પેદા કરશે.એનાથી બચવાનો કોઈ ઉપાય છે ખરો?

**૨૦૧૮ના ગ્લોબલ સ્લેવરી ઇન્ડેક્સ મુજબ, મૌરિટેનિયામાં ૯૦,૦૦૦ દાસ એટલે કે ગુલામો છે.**

# આજે પણ અહીં ગુલામીની પ્રથા છડેચોક ચાલે છે!

## જી હા, આ કડવી વાસ્તવિકતા છે કે આજની તારીખે પણ આ દેશમાં દાસ્તવની પ્રથા યથાવત છે.

આ ૧૨ માર્ચે માનવ અધિકાર કાર્યકર્તા બૌબાકાર ઓઉલ્દ મસૂદના ૮૦ વર્ષની વયે મૃત્યુના સમાચાર આવ્યા. બૌબાકાર ઓઉલ્દ મસૂદ તેમના વતન દેશ મૌરિટેનિયામાં દાસતા એટલે કે ગુલામીની પ્રથા માટે લડતા હતા.

આરબોના આક્રમણ સાથે આવેલી ગુલામીની પ્રથા હજુય આ મૌરિટેનિયામાં ચાલુ છે. આ પ્રથા પેઢીગત ચાલી આવે છે. ઈ. સ. ૧૯૮૧માં મુકાયેલો સરકારનો પ્રતિબંધ માત્ર કાગળ પર જ છે. ગુલામો માને છે કે તેમણે ગુલામી કરવી જોઈએ કારણકે માલિકો તેમના કરતાં ઊંચી જાતિના છે!

જી હા, આ કડવી વાસ્તવિકતા છે કે આજની તારીખે પણ આ દેશમાં દાસ્તવની પ્રથા યથાવત છે. મૌરિટેનિયા એ વાયવ્ય (ઉત્તર-પશ્ચિમ) આફ્રિકામાં આવેલો દેશ છે. તેનું પ્રાચીન નામ 'મઘરેબ' હતું. સાતમી સદીના ઉત્તરાર્ધમાં આ દેશ પર આરબ મુસ્લિમોએ આક્રમણ કરતાં આ દેશ ઈસ્લામિક બની ગયો. ઈસ્લામની સાથે ત્યાં અરેબિક ભાષા અને દાસ પ્રથા જેવી વિકૃતિ પણ આવી. એમ તો ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં આ દેશ ફ્રાન્સનો ગુલામ તો બન્યો, પરંતુ એના પર ફ્રાન્સની સંસ્કૃતિનો ખાસ પ્રભાવ તેના પર પડ્યો નહી.

૧૯૬૦માં સ્વતંત્ર થયા પછી આ દેશ સતત અસ્થિર રહ્યો છે. ત્યાં સેનાના વિદ્રોહ સામાન્ય વાત છે અને સેનાના અધિકારીઓનું રાજ આવતું રહ્યું છે. ત્યાં કુદરતી સંસાધનો વિપુલ છે, તેમ છતાં આ દેશ ગરીબ છે, કારણ એ જ કટ્ટરતા ને ભયંકર ભ્રષ્ટાચાર. નવાઈ લાગશે પરંતુ મૌરિટેનિયાએ ઈ. સ. ૧૯૮૧માં દાસ પ્રથા પર પ્રતિબંધ મૂક્યો ત્યારે આવું કરનાર તે વિશ્વનો છેલ્લો દેશ હતો. આ પ્રતિબંધ પણ કાગળ પરનો જ હતો, કારણ કે તેના ચુસ્ત પાલન માટે કોઈ અપરાધિક (ક્રિમિનલ) કાયદા તો બનાવ્યા નહોતા.

૨૦૧૮ના ગ્લોબલ સ્લેવરી ઈન્ડેક્સ મુજબ, મૌરિટેનિયામાં ૯૦,૦૦૦ દાસ એટલે કે ગુલામો છે. 'બીબીસી'નો ૨૦૧૭માં દાવો એવો છે કે ૬ લાખ લોકો હજુ પણ દાસ તરીકે જીવે છે.

મૌરિટેનિયામાં દાસ પ્રથા આવી ઈસ્લામિક આક્રમણ સાથે. ઈસ્લામમાં મુસ્લિમેત્તર લોકોને યુદ્ધમાં પકડ્યા હોય તો તેમને દાસ બનાવી શકાય છે. વળી, મૌરિટેનિયામાં સુન્ની મુસ્લિમોનું આધિપત્ય છે, તેમાંય સુન્નીના માલિકી ફિરકાનું. માલિકી ફિરકાના મુસ્લિમો ગુલામીને ઉચિત ગણાવે છે. એ લોકો માને છે કે હવે દાસ ન રહ્યા હોય તેવા લોકો પણ તેમના જેવા પૂર્ણ અથવા સમાન નાગરિક નથી. તેથી એ ઈમામ બની ન શકે.

આ દેશમાં આક્રમણકારી ગોરા રંગના આરબ (જેને બર્બર જાતિના પણ કહેવાય છે)ને નોકરી અને સરકારમાં ઊંચું સ્થાન મળે છે. જ્યારે અશ્વેત હેરેટિન અને આફ્રો મૌરેટેનિયાઈ (એટલે કે સાચા નિવાસી)ને નોકરી અને સરકારમાં ઓછું સ્થાન મળે છે. સમાજમાં પણ તેમની સાથે ભેદભાવ થાય છે. તેમને શિક્ષણ નથી મળતું અને સારાં કામધંધા કે ખાનગી નોકરી પણ નથી મળતી. આ હેરેટિન એવા છે જેમણે આરબોના આક્રમણ છતાં ઈસ્લામ નથી અપનાવ્યો !

કદાચ એટલે જ તેમની આ સ્થિતિ છે. આથી આરબો જેને ગંદું અથવા નિમ્ન સ્તરનું કામ માને છે તેવાં કામ હેરેટિનોને કરવાં પડે છે. હેરેટિનો કસાઈ તરીકે અથવા કચરો વીણનારા તરીકે કામ કરે છે. બીજા શબ્દોમાં કાં દાસ તરીકે કામ કરો અથવા આવાં ગંદા અથવા નિમ્ન સ્તરનાં કામો કરો તેવું હેરેટિનોનું દુર્ભાગ્ય છે.

મૌરિટેનિયામાં દાસ-દાસીઓને તેમના સ્વામી (માલિક)ની સંપૂર્ણ સંપત્તિ માનવામાં આવે છે. આથી દાસ-દાસીઓને રીતસર ખરીદ અને વેચવામાં આવે છે. તેના વીડિયો પણ સોશ્યલ મીડિયા પર પ્રાપ્ય છે. એટલું જ નહીં, દાસ-દાસીઓને ભાડે પણ આપી શકાય છે એટલે કે માનો કે રહેમાનને જરૂર હોય તો અબ્દુલ પોતાનો દાસ કે દાસી ભાડું લઈને તેને આપી શકે. આ ઉપરાંત આવા દાસ-દાસીઓને ભેટમાં પણ આપી શકાય છે ! તેમના માટે આ દાસ-દાસી માનવ નથી, પણ એક ચીજ (કોમોડિટી) છે. દાસ-દાસી પ્રથા વંશાનુગત છે અને એક જ પરિવારમાં એ સતત દાસતા કરતા રહે છે. માનો કે કોઈ શૈખ મોહમ્મદના પરિવારમાં એક દાસ કે દાસી હોય તો તેના સંતાનો અને તેના સંતાનો એમ પેઢી પ્રતિ પેઢીએ દાસતા ચાલી આવે છે.

આ દાસ-દાસીઓને સાંકળે બાંધી રાખવામાં નથી આવતા, પરંતુ તેમનામાં માનસિક રીતે ડર ઘૂસી ગયો છે અને દરિદ્રતા પણ હોય, તેથી એ ગુલામી કરે છે. તેમને નાનપણથી જ શીખવવામાં આવે છે કે આવી ગુલામી સામે પ્રશ્ન ઉઠાવવો એ ઈસ્લામ વિરુદ્ધ છે...!

વળી, તેમને કૌશલ્યવાળી નોકરી મળે તે પ્રકારના શિક્ષણથી પણ વંચિત રાખવામા આવે છે. ગુલામડીઓની દશા તો ગુલામો કરતાં વધુ કફોડી હોય છે કારણકે માલિકો તેમનું જાતીય શોષણ કરે તો પણ કંઈ બોલી શકતી નથી. આ દેશ મૌરિટેનિયામાં દાસ પ્રથા વિરુદ્ધ લડનારાની દશા બહુ જ ખરાબ છે. તેમને યાતના આપવામાં આવે છે, લાંબા ગાળા સુધી જેલવાસ સહન કરવો પડે છે, સરકાર તેમના પર કોઈ ને કોઈ તવાઈ લાવતી રહે છે. કાશ્મીર માટે એમ કહેવાતું હતું કે પૃથ્વી પર જો ક્યાંય સ્વર્ગ હોય તો તે અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે, તેમ મૌરિટેનિયા માટે કહી શકાય કે તે પૃથ્વી પરનું નરક અહીં જ છે... અહીં જ છે !

# અમેઝોન પ્રાઈમ વિડિયોએ વિજયની 'જન નાયગન'ની ૧૧૦ કરોડની સ્ટ્રીમિંગ ડીલ રદ કરી



અમેઝોન પ્રાઈમ વિડિયોએ થલાપથિ વિજયની લાંબા સમયથી વિલંબિત ફિલ્મ જન નાયગન માટેની OTT ડીલ રદ કરી છે. આ ફિલ્મ પહેલાં પોંગલ ૨૦૨૬ દરમિયાન રિલીઝ થવાની હતી, પરંતુ સેન્સર વિવાદને કારણે તેને અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવી છે.

જન નાયગન અને તેની હિન્દી ડબ આવૃત્તિ જન નેતાને સીબીએફસી (સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન) દ્વારા અટકાવાયા બાદ મુલતવી રાખવામાં આવી છે. ૨૯ ડિસેમ્બરે ફિલ્મને સીબીએફસી તરફથી ક્લિયરન્સ મળી ગયું હતું અને નિર્માતાઓને જાણ કરવામાં આવી હતી કે જન નાયકગને 'UA ૧૬+' સેન્સર સર્ટિફિકેટ આપવામાં આવશે.

પરંતુ ૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જન નાયકનના નિર્માતાઓને જાણ કરવામાં આવી કે ફિલ્મને રીવાઈઝિંગ કમિટીને મોકલવામાં આવી રહી છે. સીબીએફસીએ જણાવ્યું કે ધાર્મિક લાગણીઓ સાથે જોડાયેલી ફરિયાદ અને સશસ્ત્ર દળોને જે રીતે દર્શાવાયા છે તે અંગે ઉઠેલા પ્રશ્નોને કારણે ફિલ્મનું ફરીથી સેન્સરિંગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સેન્સર ક્લિયરન્સ મળવાની કોઈ નિશાની ન હોવાને કારણે જન નાયગનના નિર્માતાઓએ મળીને ફિલ્મને અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવાનો નિર્ણય લીધો.

આ ઘટનાને પગલે સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ અમેઝોન પ્રાઈમ વિડિયોએ ફિલ્મની થિયેટ્રિકલ રિલીઝ પછીના સ્ટ્રીમિંગ હકો માટે આશરે ૧૧૦ કરોડમાં ડીલ કરી હતી. પરંતુ હવે ફિલ્મની થિયેટ્રિકલ રિલીઝ અંગે કોઈ સ્પષ્ટતા ન હોવાથી પ્લેટફોર્મ આ ડીલમાંથી પાછું હટી ગયું છે.

# મને પણ ક્યારેક અરિજિતની જેમ બ્રેક લેવાનો વિચાર આવે છે : શ્રેયા

## શ્રેયા ઘોષાલે કહ્યું કે આ પ્રકારનો નિર્ણય લેવા માટે હિંમત જોઈએ



ગાયક અરિજિત સિંઘે જ્યારથી પ્લેબૅક સિંગિંગમાંથી નિવૃત્તિની જાહેરાત કરી ત્યારથી આ મુદ્દો ચર્ચાનો વિષય બની ગયો છે. ત્યારે હવે શ્રેયા ઘોષાલે આ અંગે પ્રતિસાદ આપ્યો છે. તાજેતરના એક ઇન્ટરવ્યુમાં શ્રેયા ઘોષાલે કહ્યું કે અરિજિત સિંહની સંગીત પ્રત્યેની નિષ્ઠા એ તેની નિવૃત્તિ પાછળનાં મુખ્ય કારણોમાંનું એક છે જેના કારણે દર્શકો તેની સાથે પોતાને એટલા ગાઢ રીતે જોડાયેલા અનુભવે છે.

ગાયિકા શ્રેયા ઘોષાલે બોલિવૂડમાં પ્લેબેક સિંગિંગમાંથી દૂર થવાના અરિજિત સિંહના નિર્ણય પર પોતાની પ્રતિક્રિયા આપી છે અને સ્વીકાર્યું છે કે તેને પણ ક્યારેક બ્રેક લેવાનો વિચાર આવ્યો છે. શ્રેયાએ કહ્યું કે આવા નિર્ણય માટે જે હિંમત જોઈએ છે તેની તે પ્રશંસા કરે છે.

શ્રેયાએ અરિજિત સિંહના નિવૃત્તિના નિર્ણય અને પોતે પણ ક્યારેક બ્રેક લેવાની ઇચ્છા અંગે ખુલાસો કર્યો. શ્રેયાએ કહ્યું કે લાઇવ પરફોર્મ કરવું એક કલાકાર તરીકે તેની ઓળખનો મૂળ ભાગ છે અને સ્ટેજ પર લિપ-સિંક કરવું એવી વસ્તુ છે જેના પર તે ક્યારેય આધાર રાખવા માંગતી નથી. તેણે કહ્યું, ''મને એ સાથે ખૂબ અસ્વસ્થતા થાય છે. જે દિવસે મારે એવું કરવું પડશે, તે દિવસે હું ગાવાનું બંધ કરી દઈશ.''

ફિલ્મો માટેની પ્લેબેક સિંગિંગમાંથી દૂર થવાના અરિજિત સિંહના તાજેતરના નિર્ણય પર પ્રતિક્રિયા આપતાં શ્રેયાએ કહ્યું કે આવા નિર્ણય માટે જે હિંમત જોઈએ છે તેની તે ખૂબ કદર કરે છે. તેણે કહ્યું, ''મને પણ ક્યારેક બ્રેક લેવાનો વિચાર આવે છે. તેણે આ નિર્ણય ખૂબ બહાદુરીથી લીધોપ તે દિલથી સંગીતકાર છે. તે એવું નથી વિચારતા કે તેઓ સંગીત કેમ બનાવી રહ્યા છે અથવા તેમને તેમાં શું મળશે. તેઓ માત્ર એ જ કરે છે જે તેમને ખુશ કરે છે.''



# રામ ગોપાલ વર્માએ એપ્રિલ ૨૦૨૬થી સરકાર ૪ શરૂ કરવાની જાહેરાત કરી

ફિલ્મમેકર રામ ગોપાલ વર્માએ પોતાની આગામી ફિલ્મો વિશે એક ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે કહ્યું છે કે તેમની આગામી ફિલ્મ સિન્ડિકેટ દ્વારા તેઓ ''પોતાના બધા પાપ ધોઈ નાખશે'' અને આ ફિલ્મ દરેકને આશ્ચર્યમાં મૂકી દેશે. સાથે જ તેમણે ખાતરી આપી છે કે સરકાર ૪નું શૂટિંગ એપ્રિલ ૨૦૨૬માં શરૂ થવાનું છે.

રેડ લૉરી ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬ના પ્રથમ દિવસે તેમની કલ્ટ ફિલ્મ શિવા (૧૯૯૦)ના સ્ક્રીનિંગ પહેલાં રામ ગોપાલ વર્માએ એક રસપ્રદ સેશનમાં દર્શકો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમને તેમની આવનારી ફિલ્મો વિશે પૂછવામાં આવ્યું હતું, જેમાં તેમણે કેટલાક મહત્વપૂર્ણ ખુલાસા કર્યા અને દર્શકો તથા ચાહકોમાં ઉત્સાહ જગાવ્યો.

રામ ગોપાલ વર્માએ કહ્યું, ''ઘણા સમય પછી હું તાજેતરમાં મુંબઈ પાછો આવ્યો છું. મેં નક્કી કર્યું કે હવે બસ, ઘણું થઈ ગયું. કદાચ આ વાત થોડી અહંકારભરી લાગશે, પરંતુ આ ફિલ્મ દ્વારા મેં નક્કી કર્યું છે કે હું મારા બધા પાપ ધોઈ નાખીશ! આ ફિલ્મ દરેકને ચોંકાવી દેશે. ફિલ્મનું નામ છે 'સિન્ડિકેટ'.''

તેમણે આગળ વધુ એક જાહેરાત કરતાં કહ્યું: ''હું 'સરકાર ૪' પણ બનાવી રહ્યો છું. આ ફિલ્મનું કામ હું આવતા મહિને શરૂ કરીશ.''

પછી પોતાના ''પાપ ધોઈ નાખવાના'' નિવેદન અંગે મજાક કરતાં તેમણે કહ્યું:

''આવું નિવેદન આપ્યા પછી તમારે એક કહેવત પણ યાદ રાખવી જોઈએ – સારા પુડિંગની નિશાની તે બધું જ ખવાઈ જાય એમાં જ છે.'' સિન્ડિકેટ અને સરકાર ૪ સિવાય રામ ગોપાલ વર્મા પાસે વધુ એક ફિલ્મ પણ છે – 'પોલીસ સ્ટેશન મેં ભૂત'. આ ફિલ્મમાં તેઓ ફરી એકવાર અભિનેતા મનોજ બાજપેયી સાથે કામ કરી રહ્યા છે. ફિલ્મમાં જેનેલિયા દેશમુખ અને રામ્યા કૃષ્ણન પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.



# નોરા ફતેહીના ગીત 'સરકે ચૂનર તેરી સરકે' પર વિવાદ

નોરા ફતેહીના નવા ગીત સરકે ચૂનર તેરી સરકેને લઈને શરૂ થયેલો સોશિયલ મીડિયાનો વિવાદ હવે હવે કાયદેસરના પગલાં અને પ્રતિબંધની માંગ સુધી પહોંચી ગયો છે. ફિલ્મ કેડીઃ ધ ડેવિલનું આ ગીત, જેમાં સંજય દત્ત પણ જોવા મળે છે, તેના લિરિક્સને લઈને ભારે વિરોધ ઉભો થયો છે. આ ગીતની ક્લિપ્સ એક્સ પર વાયરલ થયાં બાદ અનેક લોકોએ તેને અશ્લીલ અને ડબલ મીનિંગ શબ્દો ધરાવતું ગણાવ્યું છે. આ ગીતના લિરિક્સ રકીબ આલમે લખ્યા છે.

હવે આ મુદ્દો માત્ર સોશિયલ મીડિયા સુધી સીમિત રહ્યો નથી. નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશને ગીતમાં વાંધાજનક સામગ્રી અંગે નોટિસ જાહેર કરી છે. વકીલ અને સામાજિક કાર્યકર વિનિત જિંદલે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનનો સંપર્ક કરી ગીત પર તરત જ પ્રતિબંધ મુકવાની માંગ કરી છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ગીતના શબ્દો અને દશ્યો અશ્લીલ છે અને ખાસ કરીને સગીરો માટે હાનિકારક બની શકે છે. ફરિયાદ મુજબ, આ ગીતમાં ''અતિ અશ્લીલ, જાતીય સંકેતવાળા અને અયોગ્ય શબ્દો''નો ઉપયોગ થયો છે. તેમજ તેના દશ્યો અને નૃત્ય પણ ઉશ્કેરણીજનક હોવાનું કહેવામાં આવ્યું છે.

આ મામલો માહિતી અને પ્રસારણ મંત્રાલય સુધી પણ પહોંચાડવામાં આવ્યો છે, જ્યારે દિલ્હી પોલીસનાં સાયબર સેલમાં અલગથી ફોજદારી ફરિયાદ પણ નોંધાઈ છે. ગીતકાર રકીબ આલમ, દિગ્દર્શક પ્રેમ, સંગીતકાર અર્જુન જાન્યા અને ગાયિકા મંગલીની વિરુદ્ધ ફરિયાદ કરાઈ છે. ફરિયાદ મુજબ, આ ગીત સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૪, પોક્સો અધિનિયમ અને માહિતી ટેક્નોલોજી અધિનિયમ, ૨૦૦૦ હેઠળ કાર્યવાહી થઈ શકે છે.

ખાસ વાત એ છે કે માત્ર હિન્દી જ નહીં, પણ મૂળ કન્નડ વર્ઝનની પણ આવી જ ટીકા થઈ રહી છે. વધતા વિરોધ વચ્ચે નિર્માતાઓએ યૂટ્યુબ પરથી ગીતનું હિન્દી વર્ઝન હટાવી દીધું છે.

પ્રેમ દ્વારા દિગ્દર્શિત કેડીઃ ધ ડેવિલ ફિલ્મમાં ધ્રુવ સરજા, સંજય દત્ત અને નોરા ફતેહી મુખ્ય ભુમિકામાં છે. ફિલ્મ પહેલાં સપ્ટેમ્બરમાં રિલીઝ થવાની હતી, પરંતુ હવે તે ૩૦ એપ્રિલે થિયેટરમાં રિલીઝ થવાની છે. ફિલ્મમાં શિલ્પા શેટ્ટી, વી. રવિચંદ્રન, રમેશ અરવિંદ, રેશ્મા નનૈયા અને જિશુ સેનગુપ્તા પણ મહત્વના રોલમાં છે. વિવાદ વધતા, ગીતકાર રકીબ આલમે સ્પષ્ટતા કરી કે આ લિરિક્સ તેમણે લખ્યા નથી. તેમણે જણાવ્યું, ''આ લિરિક્સ મેં લખ્યા નથી. મૂળ કન્નડ વર્ઝન ફિલ્મનાં દિગ્દર્શક પ્રેમે લખ્યું હતું. મને માત્ર તેનો અનુવાદ કરવા કહેવામાં આવ્યું હતું. મેં આવા ગીતો લખવા માટે ના પાડી હતી કારણ કે તે સેન્સર થશે. આખરે ગીતમાં બતાવવામાં આવે છે કે વાત દારૂની બોટલ વિશે છે, પણ તે પહેલા બધું ખૂબ અશ્લીલ લાગે છે. મેં આ કામ માટે ના પાડી હતી. હું આવા ગીતો શા માટે લખું?''

રકીબ આલમે કહ્યું કે હવે તેઓને આ ગીતને લઈને શરમ અનુભવાય છે. નિર્માતાઓએ હવે ગીતનું નવું, સ્વચ્છ લિરિક્સ ધરાવતું વર્ઝન તૈયાર કરવા માટે રકીબ આલમનો સંપર્ક કર્યો છે. તેમણે નવું વર્ઝન તૈયાર કરી આપ્યું છે અને ટૂંક સમયમાં તે માફી સાથે રિલીઝ થવાની શક્યતા છે. ઓલ ઈન્ડિયન સિને વર્કર્સ એસોસિએશને નોરા ફતેહી અને સંજય દત્ત અભિનિત આ ગીત પર સત્તાવાર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. એસોસિએશને જણાવ્યું છે કે આવા

''અશ્લીલ અને દ્વી અર્થી'' ગીતો ભારતીય સિનેમામાં સ્વીકાર્ય નથી. છૈંઝઉછએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક કડક નિવેદન સાથે પોસ્ટ શેર કરી છે, જેમાં લખવામાં આવ્યું છે, ''છૈંઝઉછ દ્વારા કેડીઃ ધ ડેવિલ ફિલ્મના અશ્લીલ ગીત પર તરત જ પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવે છે. એસોસિએશને ઝ્મ્હ્લઝના અધ્યક્ષ પ્રસૂન જોશીને સત્તાવાર પત્ર લખી આ વિવાદાસ્પદ ગીત સામે કડક વાંધો નોંધાવ્યો છે.''

છૈંઝઉછએ આગળ જણાવ્યું, ''આવાં અશ્લીલ અને ડબલ મીનિંગ ધરાવતા કન્ટેન્ટ ભારતીય સિનેમામાં સ્વીકાર્ય નથી અને તેનો સમાજ પર, ખાસ કરીને યુવાનો પર નકારાત્મક પ્રભાવ પડે છે''એસોસિએશને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવને પણ અપીલ કરી છે કે ફિલ્મોમાં વધતી અશ્લીલતા પર રોક લગાવવા માટે કડક માર્ગદર્શિકા બનાવવામાં આવે. છૈંઝઉછની મુખ્ય માંગણીઓમાં, તમામ પ્લેટફોર્મ પરથી ગીત પર તાત્કાલિક પ્રતિબંધ, ઝ્મ્હ્લઝ દ્વારા ફિલ્મની ફરી તપાસ, નિર્માતાઓ અને સર્જકો સામે હ્લૈંઇ નોંધવી તેમજ પબ્લિસિટી માટે જાણી જોઈને વિવાદ ઉભો કરવામાં આવ્યો છે કે નહીં તેની તપાસની માગણી કરી છે. અંતમાં, છૈંઝઉછએ જણાવ્યું કે, ''અભિવ્યક્તિની સ્વતંત્રતાનો દુરુપયોગ કરીને અશ્લીલતા ફેલાવવા અને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોને નુકસાન પહોંચાડવું સ્વીકાર્ય નથી.''

# 'કિંગ' પછી શાહરૂખ ફરી એક વખત મોટા બજેટની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ કરવાના મૂડમાં



શાહરૂખ ખાનની ફિલ્મ કિંગ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની છે. આ ફિલ્મનું સહલેખન અને ડિરેક્શન સિદ્ધાર્થ આનંદે કર્યું છે. જેમ જેમ શાહરૂખ ખાન કિંગનું શૂટિંગ પૂરું કરવા તરફ આગળ વધી રહ્યો છે, તેમ તે શાંતિથી તેના આગામી પ્રોજેક્ટ માટે અનેક લેખકો અને દિગ્દર્શકો સાથે મુલાકાતો કરી રહ્યો છે. પહેલાં એવા અહેવાલો હતા કે ફરાહ ખાન હાલમાં તેનાં આગામી પ્રોજેક્ટ માટે આગળ વધી રહ્યાં છે, જે એક ડબલ રોલ ધરાવતી એન્ટરટેનર ફિલ્મ હશે, જેનું નામ હાલ પૂરતું તો 'મૈં હૂં ના ૨' રાખવામાં આવ્યું છે. જોકે આ ફિલ્મનું સ્ક્રિપ્ટિંગ હજી ચાલુ છે, ત્યારે અચાનક જ શાહરૂખ ખાનને એક નવી ઓફર મળી છે, જે તેનાં આગામી પગલાંને બદલી શકે છે.

વિશ્વસનીય સુત્રોનાં અનુસાર, શાહરૂખ ખાનને એક મોટા બજેટની, ઓલ્ડ-સ્કૂલ અને પરિપક્વ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ માટે સંપર્ક કરવામાં આવ્યો છે — આ ઓફર ઈન્ડસ્ટ્રીના લોકો માટે પણ આશ્ચર્યજનક છે. આ સ્ક્રિપ્ટ અચાનક જ સામે આવી છે અને શાહરૂખ ખાનને ખુબ પસંદ પડી છે, તેથી તે આ ફિલ્મ પર ગંભીરતાથી વિચારી રહ્યો છે.

આ બાબતે વધુ રસપ્રદ વાત એ છે કે શાહરૂખ ખાન ફરીથી રોમેન્ટિક જોનર તરફ વળવા ઉત્સુક છે, જેણે તેના સુપરસ્ટારડમને ઓળખ આપી હતી.

સુત્રએ આ રોલ અંગે જણાવ્યું,''આ તેના આગળના રોલ જેવો રોલ નથી. પરંતુ તેની ઉંમરને અનુરૂપ એક પરિપક્વ પ્રેમકથા છે, જેમાં ભાવનાત્મક ઊંડાણ અને નાટ્યાત્મકતા છે. આ ફિલ્મ તેને ફરીથી રોમેન્ટિક હીરો તરીકે રજુ કરશે.''

જોકે, ફરાહ ખાનની ફિલ્મ અને આ ફિલ્મ વચ્ચેની મુંઝવણ અંગે સુત્ર જણાવે છે,''શાહરૂખ ખાન બંને પ્રોજેક્ટ્સ માટે સમાન રીતે ઉત્સાહિત છે — ફરાહ ખાનની ફિલ્મ અને આ નવી રોમેન્ટિક સાગા. અંતિમ નિર્ણય જુન સુધીમાં લેવાય તેવી શક્યતા છે, ત્યાં સુધીમાં શાહરુખ બંને સ્ક્રિપ્ટ અને તેની પ્રક્રિયાનું સંપૂર્ણ મૂલ્યાંકન કરી લેશે. આ દરમિયાન શાહરુખ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અન્ય મોટા નામો સાથે પણ ચર્ચા કરી રહ્યો છે.''

# તીસ માર ખાનની નિષ્ફળતા વિશે ફરાહે કહ્યું, 'હું તો પથારીમાંથી પણ ઊઠી શકતી નહોતી'






ફિલ્મમેકર અને કોરિયોગ્રાફર ફરાહ ખાને તાજેતરમાં પોતાના કેરિયરના સૌથી મુશ્કેલ સમય વિશે ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું કે ૨૦૧૦માં આવેલી તેની ફિલ્મ તીસ માર ખાનને મળેલા વિરોધ અને ટીકા કારણે તેને પ્રોફેસનલ અને ઈમોશનલ રીતે ભારે અસર થઈ હતી.

તાજેતરમાં એક પોડકાસ્ટ શોમાં થયેલી વાતચીત દરમિયાન ફરાહે ફિલ્મ રિલીઝ પછીના સમયને પોતાના કરિયરની ''સૌથી અંધકારમય અવસ્થા'' ગણાવી. તે સમયને યાદ કરતાં તેણે કહ્યું કે પહેલાંની સફળ ફિલ્મો બાદ તે ખૂબ આત્મવિશ્વાસમાં હતી અને તેને લાગતું હતું કે તેની સફળતા તેને કઠોર ટીકા સામે બચાવી લેશે. ''મને લાગતું હતું કે મારા પર કોઈ પ્રશ્ન નહીં ઉઠાવે કારણ કે મેં તાજેતરમાં જ ઓમ શાંતિ ઓમ બનાવી હતી.'' આ ૨૦૦૭ની બ્લોકબસ્ટર ફિલ્મમાં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણ મુખ્ય ભૂમિકામાં હતા.

પરંતુ તીસ માર ખાનને મળેલી પ્રતિક્રિયા તેની અપેક્ષા કરતાં ઘણી વધારે કઠોર હતી. અક્ષય કુમાર અને કેટરીના કૈફ અભિનીત આ ફિલ્મને રિલીઝ પછી ભારે ટીકા મળી હતી, ભલે તેમાં ''શીલા કી જવાની'' જેવા લોકપ્રિય ગીતથી ચર્ચા થઈ હતી.

ફરાહે સ્વીકાર્યું કે આ ટીકા તેને ખૂબ જ આકરી લાગી હતી. ફરાહે કહ્યું, ''હું તો કેટલાય દિવસો સુધી પથારીમાંથી પણ ઊઠી શકતી નહોતી.'' તેણે જણાવ્યું કે ફિલ્મને મળેલી પ્રતિક્રિયાએ તેને ભાવનાત્મક રીતે કેટલી અસર કરી હતી.

તેણે એ પણ જણાવ્યું કે ફિલ્મ ઇન્ડસ્ટ્રીના કેટલાક લોકો આ નિષ્ફળતાથી ખુશ જણાતા હતા. તેના કહેવા મુજબ આ શો બિઝનેસની એક નરી હકીકત દર્શાવે છે. ''આપણી ઇન્ડસ્ટ્રીમાં લોકો તમારી સફળતા માટે ખુશ થવા કરતાં, બીજા લોકોની નિષ્ફળતા માટે વધુ ખુશ થાય છે.'' એમ તેમણે કહ્યું. કેટલાક લોકોએ તો ''અબ આઈ ના લાઇન પર'' જેવાં નિવેદનો પણ કર્યાં હતાં, જેનો અર્થ એ હતો કે હવે તેને ' હવામાંથી જમીન પર ઉતારી દેવામાં આવી છે'.

૨૦૧૦માં રિલીઝ થયેલી તીસ માર ખાનને ત્યારે મોટા ભાગે નકારાત્મક પ્રતિભાવો મળ્યા હતા, છતાં બોક્સ ઓફિસ પર ફિલ્મે મધ્યમ સફળતા મેળવી હતી અને પછીથી યુવા દર્શકો વચ્ચે એક પ્રકારની કલ્ટ ફોલોઈંગ પણ બની ગઈ હતી.

આજે એ દિવસો યાદ કરીને ફરાહ ખાન કહે છે કે આ અનુભવથી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં સફળતા અને નિષ્ફળતા વિશેનો તેનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો. ભલે તે સમયે ટીકા દુખદાયક હતી, પરંતુ હવે તે તેને એક એવા ટર્નિંગ પોઈન્ટ તરીકે જુએ છે જેના કારણે તે વધુ મજબુત અને ફ્લેક્સિબલ ફિલ્મમેકર બની શકી.

# બીજી ટીર૦માં સાઉથ આફ્રિકા સામે ભવ્ય વિજય સાથે કિવિએ સ્કોર સરભર કર્યો

## ન્યૂઝીલેન્ડના ૧૭૫ રનના સ્કોર સામે સાઉથ આફ્રિકા ૧૦૭માં આઉટ, કોનવે ઝળક્યો





ડેવોન કોનવેના શાનદાર ૬૦ રન બાદ લોકી ફર્ગ્યુસન અને બેન સિયર્સની વેધક બોલિંગની મદદથી ન્યૂઝીલેન્ડે મંગળવારે અહી રમાયેલી બજી ટીર૦ ક્રિકેટ મેચમાં પ્રવાસી સાઉથ આફ્રિકાને ૬૮ રનથી હરાવીને પાંચ મેચની ટીર૦ સિરીઝનો સ્કોર ૧-૧ સરભર કરી દીધો હતો. અગાઉ રવિવારે રમાયેલી પ્રથમ મેચમાં કિવિ ટીમનો સાત વિકેટે પરાજય થયો હતો. ન્યૂઝીલેન્ડે મંગળવારે રમાયેલી બીજી ટીર૦ મેચમાં પ્રથમ બેટિંગ કરીને છ વિકેટે ૧૭૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ ૧૫.૩ ઓવરમાં માત્ર ૧૦૭ રનમાં આઉટ થઈ ગઈ હતી.

કિવિ ઝડપી બોલર્સ બેન સિયર્સ ૧૪ રનમાં ત્રણ તથા લોકી ફર્ગ્યુસને ૧૬ રનમાં ત્રણ વિકેટ લઈને શાનદાર બોલિંગ કરી હતી તો કોનવેએ ૪૯ બોલમાં ૬૦ રન ફટકાર્યા હતા. સાઉથ આફ્રિકા તરફથી એક માત્ર જ્યોર્જ લિન્ડેએ ૧૨ બોલમાં ૩૩ રન ફટકારીને થોડો પ્રતિકાર કર્યો હતો પરંતુ બાકીના બેટર્સ નિષ્ફળ રહ્યા હતા. સાઉથ આફ્રિકાના કેપ્ટન કેશવ મહારાજે મેચ બાદ સ્વીકાર્યું હતું કે ઝાકળને કારણે પિચમાં પરિવર્તન આવશે તેવી ધારણા ખોટી પડી અને ન્યૂઝીલેન્ડની શાનદાર બોલિંગે તેમને દબાણમાં મૂકી દીધા હતા.

ન્યૂઝીલેન્ડ તરફથી જોશ ક્લાર્કસને પણ અંતિમ ઓવરોમાં નવ બોલમાં ૨૬ રનની તોફાની ઈનિંગ્સ રમી હતી. પાંચ મેચની ત્રીજી ટીર૦ મેચ હવે શુક્રવારે ઓકલેન્ડમાં રમાશે. આ વિજયય સાથે ન્યૂઝીલેન્ડે પાંચ મેચની સિરીઝમાં ૧-૧ની બરાબરી કરી લીધી છે. મંગળવારે ડેવોન કોનવેની અડધી સદી અને બોલરોના શિસ્તબદ્ધ પ્રદર્શનને કારણે પ્રવાસી આફ્રિકન ટીમ મેચમાં ક્યાંય ટકી શકી ન હતી. ઓપનર ડેવોન કોનવેએ ૬૦ રન ફટકારીને પાયો નાખ્યો હતો. જોકે, મધ્ય ઓવરોમાં પિચ ધીમી પડતા રન નોંધાવવામાં મુશ્કેલી પડી હતી.

# કોલકાતાને મોટો ફટકો : હર્ષિત રાણા સર્જરી બાદ આઇપીએલ ગુમાવશે

## નાઈટ રાઈડર્સનો ઝડપી બોલર ૨૮મીથી શરૂ થતી ટીર૦ લીગની પ્રારંભની ઘણી મેચ ગુમાવી શકે છે



ગયા મહિને સાઉથ આફ્રિકા સામે રમાયેલી ટીર૦ ક્રિકેટ સિરીઝમાં ભારત તરફથી રમેલા ઝડપી બોલર હર્ષિત રાણાને જમણા ઘૂંટણમાં લિગામેન્ટની ઈજા થઈ હતી. આ ઈજાને કારણે તે તાજેતરના ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં રમી શક્યો ન હતો જેમાં ભારત ચેમ્પિયન બન્યું હતું. રાણાએ ત્યાર બાદ સર્જરી કરાવી હતી પરંતુ તે હજી સંપૂર્ણપણે ફિટ થયો નથી અને આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં તે કોલકાતા નાઈટ રાઈડર્સ માટે રમી શકે તેમ નથી. એવી દહેશત છે કે તે આ સિઝન ગુમાવશે અથવા તો મોટા ભાગની મેચમાં રમી શકશે નહી.

એક વેબસાઈટના અહેવાલ મુજબ બીસીસીઆઈની મેડિકલ ટીમે હજી સુધી હર્ષિત રાણાના પરત ફરવાની કોઈ ચોક્કસ તારીખ નક્કી કરી નથી. હાલમાં રિહેબની પ્રક્રિયા હેઠળ છે.

ઈજાને કારણે તે આઈસીસી ટીર૦ વર્લ્ડ કપમાંથી પણ બહાર થઈ ગયો હતો અને તેની જગ્યાએ મોહમ્મદ સિરાઝને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં બીસીસીઆઈના વાર્ષિક નમન એવોર્ડ્સમાં હર્ષિત રાણાને 'બેસ્ટ ઈન્ટરનેશનલ ડેબ્યુટન્ટ' નો એવોર્ડ મળ્યો હતો. હવે હર્ષિત રાણાની ગેરહાજરી કોલકાતા નાઈટ રાઈડર્સની સમસ્યામાં વધારો કરશે કેમ કે કેકેઆર અગાઉથી જ ફિટનેસની સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે ત્યારે રાણાની ગેરહાજરી એક મોટો ફટકો છે.

કોલકાતા માટે રમનારો શ્રીલંકન ઝડપી બોલર મથિશા પથિરાણા પિંડીની ઈજા સામે ઝઝૂમી રહ્યો છે. તો મુસ્તાફિઝુર રહેમાનને ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના રાજદ્વારી તણાવને કારણે બોર્ડના આદેશથી તેને રીલીઝ કરવામાં આવ્યો હતો.

આ દરમિયાન કોલકાતા નાઈટ રાઈડર્સે ઝિમ્બાબ્વેના ઝડપી બોલર બ્લેસિંગ મુઝારાબાનીને ટીમમાં સામેલ કર્યો છે, જે મંગળવારે ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે. કોલકાતા બુધવારથી તેનો પ્રિ-સિઝન ટ્રેનિંગ કેમ્પ શરૂ કરશે. તેમની પાસે વૈભવ અરોરા, આકાશદીપ, ઉમરાન મલિક, કાર્તિક ત્યાગી અને કેમેરોન ગ્રીન જેવા વિકલ્પો છે. આઈપીએલની ૨૦૨૬ની સિઝનનો પ્રારંભ ૨૮મી માર્ચથી થનારો છે જેમાં ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ ટકરાશે અને તેને બીજે દિવસે ૨૯મીએ કોલકાતા નાઈટ રાઈડર્સ તેની પહેલી મેચમાં વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ સામે રમશે.



# વિમેન્સ વન-ડે ક્રમાંકમાં મંધાના મોખરાના સ્થાને યથાવત

## આઇસીસી વન-ડે ક્રમાંકમાં ભારતની હરમનપ્રિત કૌર સાતમા ક્રમે પહોંચી ગઈ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ મંગળવારે જારી કરેલા વિમેન્સ વન-ડે ક્રમાંકમાં ભારતની સ્ટાર ઓપનર અને વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ તેનો મોખરાનો ક્રમાંક જાળવી રાખ્યો હતો તો વિમેન્સ ટીમની કેપ્ટન હરમનપ્રિત કૌર હવે સાતમા સ્થાને પહોંચી ગઈ છે. ન્યૂઝીલેન્ડની દિગ્ગજ ખેલાડી સોફી ડિવાઈન બે સ્થાન નીચે ઉતરીને નવમા ક્રમે આવતા હરમનપ્રિત કૌર એક સ્થાનના સુધારા સાથે સાતમા સ્થાને પહોંચી છે. ભારતની પ્રતિભાશાળી બેટર જેમિમાહ રોડ્રિગ્સ ૧૨મા ક્રમે ટકી રહી છે.

ન્યૂઝીલેન્ડની બેટર મેડી ગ્રીને ઝિમ્બાબ્વે સામેની આઈસીસીસ વિમેન્સ ચેમ્પિયનશિપ સિરીઝની અંતિમ મેચમાં ૯૪ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. જેને કારણે તેને રેન્કિંગમાં નોંધપાત્ર ફાયદો થયો છે. ડ્યુનેડિનમાં રમાયેલી આ મેચમાં ૩૩ વર્ષીય ગ્રીનની ૭૩ બોલની ઈનિંગ્સે ન્યૂઝીલેન્ડને ૨૦૦ રનનો વિશાળ વિજય હાંસલ કરવામાં મદદ કરી હતી, જેનાથી તેની ટીમ ૩-૦થી શ્રેણી જીતી શકી હતી. આ પ્રદર્શનથી તે બેટર્સની યાદીમાં પાંચ સ્થાન ઉપર પહોંચીને હવે કારકિર્દીના સર્વોચ્ચ ૬૧૦ રેટિંગ પોઈન્ટ્સ સાથે ૧૭મા સ્થાને પહોંચી છે.

દરમિયાન ઓલરાઉન્ડર એમેલિયા કેરે અંતિમ વનડેમાં ૮૦ રન ફટકારવા ઉપરાંત ૨૨ રનમાં પાંચ વિકેટના ઓલરાઉન્ડ પ્રદર્શન સાથે 'પ્લેયર ઓફ ધ મેચ' અને 'પ્લેયર ઓફ ધ સિરીઝ'નો એવોર્ડ જીત્યો હતો. તે પણ બેટર્સમાં ૨૧મા સ્થાનેથી સંયુક્ત રીતે ૧૯મા સ્થાને પહોંચી ગઈ છે. તેણે બેટિંગ અને બોલિંગ બંને ક્રમાંકમાં ૬૦૦થી વધુ રેટિંગ પોઈન્ટ્સ હાંસલ કર્યા છે.

ઈસાબેલ ગેઝ ત્રણ સ્થાનના સુધારા સાથે ૬૧મા ક્રમે પહોંચેલી અન્ય કિવિ ખેલાડી છે જેણે બેટિંગ રેન્કિંગમાં પ્રગતિ કરી છે. બોલિંગ રેન્કિંગમાં ઝડપી બોલર રોઝમેરી મેયર સાત સ્થાન વધીને ૫૮મા ક્રમે) અને બ્રી ઈલિંગ (પાંચ સ્થાન વધીને ૭૯મા ક્રમે) આગળ ધપી છે.

ટીર૦ ક્રમાંકમાં તાજેતરમાં માઉન્ટ મોંગનેઈ ખાતે સાઉથ આફ્રિકા સામેની પ્રથમ મેચમાં ૪૪ બોલમાં ૭૮ રન ફટકાર્યા બાદ કેપ્ટન એમેલિયા કેરે કારકિર્દીના સર્વોચ્ચ ૬૯૪ રેટિંગ પોઈન્ટ્સ હાંસલ કર્યા છે, જ્યારે બોલિંગમાં તે આઠમો ક્રમ જાળવી રાખવામાં સફળ રહી છે. જ્યોર્જિયા પ્લિમેરની ૬૩ રનની ઈનિંગ્સે તેને ૫૦મા સ્થાનેથી ૪૧મા સ્થાને પહોંચાવામાં મદદ કરી છે.

# અમદાવાદની પ્રથમ ઓપન સ્ટ્રીટ ચેસ સિરીઝનું આયોજન

ચિરિપાલ ગ્રૂપના ઉપક્રમે એક ચેસ સિરીઝ ૨૦૨૬નું આયોજન કરવામાં આવશે. આ એક ઓપન સ્ટ્રીટ ચેસ પહેલ છે, જેનો ઉદ્દેશ્ય આ રમતને શહેરવાસીઓની વધુ નજીક લાવવાનો, નવા તથા યુવા ખેલાડીઓમાં વ્યાપક સહભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે. આ સિરીઝમાં અમદાવાદના જાણીતા જાહેર સ્થળોએ ત્રણ બ્લિટ્ઝ-ફોર્મેટ ચેસ ટુર્નામેન્ટ યોજાશે, જે શહેરની પ્રથમ ઓપન સ્ટ્રીટ ચેસ સ્પર્ધા બની રહેશે. ૧૫મી માર્ચથી શરૂ થતાં ત્રણ વીકેન્ડ દરમિયાન આ ટુર્નામેન્ટ યોજાશે. પ્રથમ સ્પર્ધા ૧૫મીએ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે, ત્યારબાદ ૨૨મીએ સિંધુ ભવન રોડ પર બીજી અને ત્રીજી તથા અંતિમ ટુર્નામેન્ટ ચોથી એપ્રિલે અમદાવાદ વન મોલ ખાતે યોજાશે. પ્રથમ બે ટુર્નામેન્ટ માટે સહભાગીઓએ સાંજે ૬:૩૦ વાગ્યે રિપોર્ટ કરવાનો રહેશે, જ્યારે મોલ ખાતેની ઈન્ડોર ઈવેન્ટ બપોરે ૨.૦૦ વાગ્યે શરૂ થશે.આ સિરીઝનું આયોજન માય સ્પોર્ટ ટ્રિપના અંકિત દલાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. ચિરિપાલ ગ્રૂપના રોનક ચિરિપાલે જણાવ્યું હતું કે, 'ચેસ વ્યૂહાત્મક વિચારશક્તિ, ધીરજ અને નિર્ણય લેવાની ક્ષમતા કેળવે છે, આ ગુણો બૉર્ડ ગેમ્સ સિવાય પણ ઘણાં મૂલ્યવાન સાબિત થાય છે. આ ચેસ સિરીઝ દ્વારા અમારો ઉદ્દેશ્ય આ રમતને જાહેર સ્થળોએ લાવવાનો અને વધુને વધુ લોકો તથા ખાસ કરીને બાળકો અને નવા ખેલાડીઓને સ્પર્ધાત્મક ચેસનો અનુભવ મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ દરેક ટુર્નામેન્ટમાં ૨૫,૦૦૦નું પ્રાઈઝ પૂલ અને ૧.૫ લાખ રૂપિયાની કિંમતના વાઉચર્સ આપવામાં આવશે.

# ચેલ્સી પર ૯૨ કરોડનો દંડ, ટ્રાન્સફર પ્રતિબંધ પણ લાગુ

## એડન હેઝાર્ડ અને વિલિયન માટે ગુપ્ત ચૂકવણી કરી, ક્લબે પોતે પોતાની ભૂલ સ્વીકારી



પ્રીમિયર લીગે ચેલ્સી ફૂટબોલ ક્લબ પર નાણાકીય નિયમોના ઉલ્લંઘનના કેસમાં ૯૨ (૧૦ મિલિયન પાઉન્ડ) કરોડનો દંડ ફટકાર્યો છે.

ક્લબ પર એક વર્ષનો ટ્રાન્સફર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, પરંતુ તેને બે વર્ષ માટે મુલતવી રાખવામાં આવ્યો છે. આ કાર્યવાહી ૨૦૧૧ થી ૨૦૧૮ દરમિયાન કરવામાં આવેલી ગુપ્ત ચૂકવણીઓને લઈને કરવામાં આવી છે. ક્લબે ઈડન હેઝાર્ડ, વિલિયન અને ડેવિડ લુઈઝ જેવા મોટા ખેલાડીઓને સાઈન કરવા માટે અનરજિસ્ટર્ડ એજન્ટોને કરોડો રૂપિયા આપ્યા હતા.

આ આખી ગડબડ તે સમયની છે જ્યારે ક્લબના માલિક રશિયન અબજોપતિ રોમન અબ્રામોવિચ હતા. વર્ષ ૨૦૨૨માં જ્યારે 'બ્લુકો' ગ્રુપે ક્લબ ખરીદ્યું, ત્યારે તેમને એકાઉન્ટ્સની તપાસ દરમિયાન આ ગુપ્ત ચૂકવણીઓ વિશે જાણ થઈ. નવા મેનેજમેન્ટે પોતે આગળ વધીને પ્રીમિયર લીગને આ ઉલ્લંઘનોની જાણકારી આપી. તપાસમાં સામે આવ્યું કે ક્લબ સાથે સંકળાયેલા ત્રીજા પક્ષ દ્વારા ખેલાડીઓ, અનરજિસ્ટર્ડ એજન્ટો અને અન્ય લોકોને ગુપ્ત ચૂકવણીઓ કરવામાં આવી હતી. આ ચૂકવણીઓની જાણકારી તે સમયે ફૂટબોલ ઓથોરિટીને આપવામાં આવી ન હતી, જે નિયમો વિરુદ્ધ છે.

પ્રીમિયર લીગ અનુસાર, આ ચૂકવણીઓ ચેલ્સીના હિતમાં કરવામાં આવી હતી અને તેને ક્લબના ખર્ચ તરીકે દર્શાવવી જોઈતી હતી. ક્લબે એ પણ સ્વીકાર્યું કે આ ચૂકવણીઓને છુપાવવી અને સાચી જાણકારી ન આપવી એ નિયમોનું ઉલ્લંઘન છે.જોકે, તપાસ પછી એ સ્પષ્ટ થયું કે જો આ ચૂકવણીઓને યોગ્ય રીતે શામેલ કરવામાં આવી હોત, તો પણ ચેલ્સી નિયમોનું ઉલ્લંઘન ન કરત. જો ક્લબે પોતે આની જાણકારી ન આપી હોત, તો તેમના પર વધુ કડક કાર્યવાહી થઈ શકતી હતી અને તેમના પોઈન્ટ્સ પણ કાપી શકાયા હોત.

તપાસમાં સામે આવ્યું છે કે ક્લબે સાત અનરજિસ્ટર્ડ એજન્ટો અથવા તેમની સાથે સંકળાયેલી સંસ્થાઓને કુલ ૨૩ મિલિયન પાઉન્ડ (લગભગ ૨૫૦ કરોડ રૂપિયા) આપ્યા હતા. આ પૈસા ઈડન હેઝાર્ડ, રામિરેસ, ડેવિડ લુઈઝ, આન્દ્રે શુર્લે અને નેમાનજા મેટિક જેવા ખેલાડીઓને સાઈન કરવા માટે આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત સેમ્યુઅલ ઈટો અને વિલિયનની ટ્રાન્સફર ફી તરીકે લગભગ ૨૧૦ કરોડ રૂપિયાની ચુકવણી પણ રેકોર્ડમાં દર્શાવવામાં આવી ન હતી.

માત્ર ખેલાડીઓના ટ્રાન્સફર જ નહીં, પરંતુ ક્લબના સ્ટાફને કરવામાં આવેલી ચુકવણીમાં પણ ગડબડ જોવા મળી. ક્લબના તત્કાલીન ડાયરેક્ટર ઓફ ફૂટબોલ ફ્રેન્ક અર્નેસન, સ્કાઉટ પીટ ડી વિસર અને અન્ય એક સ્ટાફ મેમ્બરને લગભગ ૧૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા, જેને તેમનો પગાર માનવામાં આવ્યો હતો પરંતુ તેને સત્તાવાર રીતે રિપોર્ટ કરવામાં આવ્યો ન હતો.જે ખેલાડીઓના ટ્રાન્સફર પર વિવાદ છે, તેઓ ચેલ્સીના સૌથી સફળ ખેલાડીઓમાં ગણાય છે. આ જ સમયે જોસ મોરિન્હો ક્લબમાં પાછા ફર્યા હતા. તે સમયગાળામાં ટીમે ૨ પ્રીમિયર લીગ, ૨ FA કપ અને યુરોપા લીગ સહિત કુલ ૬ મોટી ટ્રોફી જીતી હતી.એડન હેઝાર્ડે ચેલ્સી માટે ૩૫૨ મેચમાં ૧૧૦ ગોલ કર્યા. જ્યારે વિલિયન અને ડેવિડ લુઈઝે પણ લાંબા સમય સુધી ટીમની સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# લગ્ન બાદ લખનઉમાં કુલદીપ યાદવનું ભવ્ય રિસેપ્શન, મુખ્યમંત્રી યોગી, અખિલેશ સહિત ક્રિકેટ જગતના સ્ટાર પહોંચ્યા

ટીમ ઈન્ડિયાના સ્ટાર સ્પિનર કુલદીપ યાદવના લગ્ન બાદ આજે એટલે કે મંગળવારે લખનઉમાં તેમનું ભવ્ય રિસેપ્શન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ક્રિકેટના દિગ્ગજોની સાથે જાણીતી રાજકીય હસ્તીઓનો જમાવડો જોવા મળ્યો હતો. કુલદીપ યાદવે ૧૪ માર્ચે પોતાની બાળપણની મિત્ર વંશિકા સાથે લગ્ન કર્યા હતા. આ લગ્ન ઉત્તરાખંડના સુંદર હિલ સ્ટેશન મસૂરીમાં પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં થયા હતા.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ક્રિકેટર કુલદીપ યાદવના રિસેપ્શનમાં પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કુલદીપ અને વંશિકાને આશીર્વાદ આપ્યા અને ક્રિકેટરના પરિવારજનો સાથે ફોટા પડાવ્યા હતા.

લખનઉમાં યોજાયેલા આ રિસેપ્શનમાં ક્રિકેટ અને રાજનીતિની ઘણી મોટી હસ્તીઓ સામેલ થઈ હતી. ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર અને યુવા બેટ્સમેન યશસ્વી જયસ્વાલ રિસેપ્શનમાં પહોંચ્યા હતા. તો પૂર્વ ઓપનર શિખર ધવન અને ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા પણ પત્ની રિવાબા સાથે સમારોહમાં આવ્યા હતા. હોટલ પહોંચતા જ આ ખેલાડીઓ પર ફૂલોનો વરસાદ કરી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



# ૧૯મી સદીના દરિયાઈ વૈભવથી ૨૧મી સદીની ઔદ્યોગિક શ્રેષ્ઠતા સુધીની સુરતની સફર

## ગ્લોબલ ડાયમંડ અને ટેક્સટાઈલ હબ સુરત ટૂંક સમયમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ દક્ષિણ ગુજરાતની કરશે યજમાની

સુરત, તા.૧૮

તાપીના તટે વસેલું અને 'સૂર્યપુર' તરીકેની ઐતિહાસિક ઓળખ ધરાવતું સુરત આજે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ ભારતનું એક અત્યંત ગતિશીલ અને આર્થિક પાવરહાઉસ બનીને ઉભરી આવ્યું છે. ૧૯મી સદીમાં જે શહેર વિશ્વના વેપારીઓ માટે ભારતનું 'પ્રવેશદ્વાર' ગણાતું હતું, તે આજે ૨૧મી સદીમાં પોતાની 'ઔદ્યોગિક કુશળતા' અને 'સાહસિક વૃત્તિ'ને કારણે વિશ્વના નકશા પર ઝળહળી રહ્યું છે. ટૂંક સમયમાં સુરત ખાતે યોજાનારી 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ' (દક્ષિણ ગુજરાત) શહેરના આ પરિવર્તનને વૈશ્વિક મંચ પૂરું પાડશે.

**વૈભવી વારસો અને વ્યાપારી વર્ચસ્વ**

સુરતનો ઈતિહાસ જળમાર્ગો અને જહાજ નિર્માણની કળાથી જીવંત રહ્યો છે. એક સમયે બ્રિટિશ, પોર્ટુગીઝ, ફ્રેન્ચ અને ડચ વેપારીઓ વચ્ચે આ શહેરના બંદર પર આધિપત્ય જમાવવાની હોડ જામતી હતી. તે જ સમયે, શહેર એક સમૃદ્ધ જહાજ નિર્માણ કેન્દ્ર પણ હતું. તે તેના સમયના સૌથી અગ્રણી વ્યાપારી કેન્દ્રોમાંના એક તરીકે ઉભરી આવ્યું. આ શહેર હીરા કાપવા અને પોલિશ કરવા, તેમજ એશિયાના સૌથી મોટા કાપડ કેન્દ્રોમાંનું એક છે. આ વારસાને આજે સુરતે આધુનિક રંગરૂપ આપ્યું છે. આજે આ શહેર માત્ર 'સિલ્ક સિટી' કે 'ડાયમંડ સિટી' તરીકે જ નહીં, પરંતુ એક 'ગ્લોબલ ઈકોનોમિક એન્જિન' તરીકે ઓળખાય છે.

**હીરા અને કાપડઃ સુરતની ઓળખના બે સ્તંભ**

સુરતની ધરતી પર કંડારાયેલી સફળતાના પાયામાં હીરા ઉદ્યોગ અને ટેક્સટાઈલ સેક્ટર છે. વિશ્વના ૯૦% કુદરતી હીરા અને ૨૫% લેબ-ગ્રોન હીરાનું પ્રોસેસિંગ એકમાત્ર સુરતમાં થાય છે. અહીંના ૬,૦૦૦ થી વધુ એકમો, જેમાંથી લગભગ ૭૦% MSME છે, તે લાખો પરિવારોની આજીવિકાનો સ્ત્રોત છે. તદુપરાંત એશિયાના સૌથી મોટા કાપડ કેન્દ્ર તરીકે સુરત આજે ચોકસાઈ અને સર્જનાત્મકતાનો પર્યાય બની ગયું છે.

**નીતિ આયોગનું વિઝનઃ સુરત આર્થિક ક્ષેત્ર (SER)**

સુરતની ક્ષમતાને પારખીને નીતિ આયોગે તેને 'ગ્રોથ હબ' (G-Hub) પહેલ હેઠળ પસંદ કર્યું છે. ૨૦૪૭ સુધીમાં સુરત સહિત ભરૂચ, નવસારી, તાપી, ડાંગ અને વલસાડના સમગ્ર દક્ષિણ ગુજરાતના પટ્ટાને એક સંકલિત આર્થિક ક્ષેત્ર (Surat Economic Region) તરીકે વિકસાવવાનો મહત્વાકાંક્ષી માસ્ટર પ્લાન તૈયાર છે. આ આયોજન પ્રાદેશિક અસમાનતા દૂર કરી વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક માળખું ઊભું કરશે. "સુરતની પ્રકૃતિમાં જ સાહસ છે. અહીંના લોકોએ આપત્તિઓને અવસરમાં બદલીને શહેરને રહેવાલાયક અને પ્રગતિશીલ બનાવ્યું છે."

આધુનિક શહેરી આયોજન, ઉન્નત કનેક્ટિવિટી અને ટકાઉ વિકાસના માપદંડો પર સુરત આજે દેશના અન્ય શહેરો માટે દીવાદાંડી સમાન છે. દક્ષિણ ગુજરાત ક્ષેત્ર માટે સુરત ખાતે આયોજિત થનાર આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) માત્ર ચર્ચાઓનું કેન્દ્ર નહીં, પરંતુ નવા રોકાણો અને રોજગારીની તકોના દ્વાર ખોલનારું માધ્યમ બનશે. વૈશ્વિક દૃષ્ટિકોણ સાથે સુરત હવે ગુજરાત અને ભારતના વિકાસના નવા યુગનું નેતૃત્વ કરવા સજ્જ છે.

# તા.૨૧ અને ૨૨મી માર્ચે અડાજણ ખાતે 'મિલેટ્સ મહોત્સવ' યોજાશે

## સુરતીઓ બે દિવસ 'મિલેટ્સ મહોત્સવ'માં માણી શકશે શ્રી અન્નની જ્યાફત

સુરત, તા.૧૮

આરોગ્યપ્રદ આહાર અને પ્રાચીન ભારતીય ધાન્યના મહત્વને પુનઃ સ્થાપિત કરવાના હેતુથી સુરત મહાનગરપાલિકા અને ખેતવાડી વિગાગના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૨૧ અને ૨૨ માર્ચના રોજ અડાજણના જોગણી નગર સ્થિત SMC પાર્ટી પ્લોટ ખાતે 'મિલેટ્સ મહોત્સવ' યોજાશે. જેના આયોજન અર્થે મ્યુ.કમિશનર એમ. નાગરાજનના અધ્યક્ષસ્થાને આઈ.સી.સી. સેન્ટર ખાતે બેઠક યોજાઈ હતી. તા.૨૧મીના રોજ સવારે ૧૦.૦૦ વાગે મિલેટ્સ મહોત્સવને મંત્રીના હસ્તે ખુલ્લો મુકાશે. બે દિવસીય મિલેટ્સ મહોત્સવમાં મિલેટ્સમાંથી બનતી વિવિધ વાનગીઓ, આરોગ્યપ્રદ ઉત્પાદનો અને ધાન્યના પ્રદર્શન માટે ૫૦ જેટલા વિવિધ સ્ટોલ્સમાંથી સુરતીઓને રાગી, કોદરી, જુવાર, બાજરી જેવા મિલેટ્સ પાકોની ખરીદીની સુવર્ણતક ઉપલબ્ધ થશે. જયારે ૧૫ જેટલા મિલેટ્સની વાનગીઓના ફૂડ સ્ટોલ્સ ઊભા કરાશે. મુલાકાતીઓને વિવિધ મિલેટ્સના ફાયદાઓ વિશે જાણકારી મળશે અને તેમાંથી બનતી આધુનિક વાનગીઓનો સ્વાદ માણવા મળશે. સાંજે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, મિલેટ્સ મહોત્સવમાં જાડું અને બરછટ અનાજના ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતી તકનીકો અને પ્રાકૃતિક કૃષિ પેદાશોનું વેચાણ સહ પ્રદર્શન કરાશે. આ મહોત્સવનો ઉદ્દેશ રાજ્ય સરકાર દ્વારા પરંપરાગત અનાજને બદલે મિલેટ્સ એટલે કે જાડા અને બરછટ અનાજને પ્રોત્સાહન આપવાનો છે. મિલેટ્સના ઉપયોગથી લોકોને સ્વાસ્થ્યવર્ધક ખાન-પાન અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ વધારવાનો છે.બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારી સતીષ ગામીત, આસી.ડે.મ્યુનિસિપલ કમિશનર તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# CETP પ્રોજેક્ટની CCA મંજૂરીમાં લાંબો વિલંબ

## જીપીસીથી સામે આંદોલન કરવા પર્યાવરણ પ્રેમીઓની ચીમકી

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રતિનિધિ અને AIA ના ભૂતપૂર્વ પ્રમુખ રમેશભાઈ ગાબાણી દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) સામે અનિશ્ચિત ઉપવાસ કરવાની મંજૂરી માટે મામલતદારને લેખિત અરજી કરવામાં આવી છે.

અરજી મુજબ, અંકલેશ્વર વિસ્તારમાં આધુનિક તકનીકી આધારિત CETP પ્રોજેક્ટ માટે છેલ્લા એક વર્ષથી GPCB પાસે CCA મંજૂરી માટે રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી પરવાનગી આપવામાં આવી નથી. જેના કારણે પ્રોજેક્ટ સાથે જોડાયેલા ઉદ્યોગોના પર્યાવરણીય અનુપાલન તેમજ વ્યવસાય પર ગંભીર અસર પડી રહી હોવાનું જણાવાયું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રણેશભાઈ ગાબાણી તથા તેમના સહયોગીઓ દ્વારા ગાંધીનગર સ્થિત GPCB હેડ ઓફિસ, પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦ નજીક અનિશ્ચિત ઉપવાસ (હંગર સ્ટ્રાઈક) યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ અનિશ્ચિત ઉપવાસ ૨૩ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી શરૂ કરવામાં આવશે અને માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે. ઉપવાસ સંપૂર્ણપણે અહિંસક અને શાંતિપૂર્ણ રહેશે તેમજ કોઈ પ્રકારનો ટ્રાફિક અવરોધ કે જાહેર વ્યવસ્થાને અસર ન થાય તેની ખાસ કાળજી લેવામાં આવશે તેમ અરજીમાં જણાવાયું છે. અરજીમાં વધુમાં જણાવાયું છે કે ઉપવાસ દરમિયાન સ્વચ્છતા જાળવવામાં આવશે અને પોલીસ તેમજ પ્રશાસનના તમામ નિયમોનું પાલન કરવામાં આવશે. જરૂરી પડ્યે તબીબી સહાયની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ અરજી અંગે GPCB અને સ્થાનિક પ્રશાસન દ્વારા શું નિર્ણય લેવાશે તે હવે ચર્ચાનો વિષય બન્યો છે.

# કુરેલ ગામે મદ્રેસા હાઈસ્કુલનો એન.એસ.એસ. શિબિર યોજાયો

## એન.એસ.એસ. પ્રવૃત્તિ પર્યાવરણ-પાણી શુધ્ધિકરણ પ્રકલ્પોને અગ્રતા આપેઃ પ્રા.જશુભાઈ નાયક

નવસારી, તા.૧૮

"પર્યાવરણ માટે એક વૃક્ષ માં કે નામ-નલ સે જલની વાતો વધુ થાય છે.પણ તજજ્ઞોના આંકડા નિરાશાજનક છે.ગુજરતની નદી-પર્વતો-ઝરણાં-ધોધ નો અભ્યાસ કરો તો પરિણામો નો આંક નીચો છે.ગુજરાતની ૧૩ નદી પ્રદુષિત છે.તેમાં સાબરમતી,તાપી,ભાદર, મીંઢોળા,દમણગંગા મોખરે છે.આ નદીમાં બાયો કેમિકલ ઓકિસજનની માત્રા વધુ છે.પાણી પીવા માટે નકામું છે." આ મંતવ્ય એન.એસ.એસ પ્રવૃત્તિના ભિષ્મપિતા સમા પ્રા.જશુભાઈ નાયકે નવસારી સુપા નજીક કુરેલ ગામે મદ્રેસા હાઈસ્કુલના-શ્રમ સફાઈ-આરોગ્ય અને યુવા હેતુવાળા શ્રમ શિબિરમાં જણાવ્યા હતા. ઉમેર્યું હતું કે દ્ર.જી.જી પ્રવૃત્તિ માં ગામ શહેરની પર્યાવરણની સમસ્યા માટે વધુ અભ્યાસ સાથે ગામ સફાઈ-સ્વચ્છતા અને સમૂહજીવનને બાજુએ ન મુકતા.પ્રદુષણ ગુજરાત-કેન્દ્ર સરકારે ગુજરાતને પાણીના શુધ્ધીકરણ માટે રૂા.૧૮૭૫ કરોડ ફાળવ્યા છે.તેમાં છેલ્લા પાંચ વર્ષમાં રૂા.૫૫૯ કરોડ જ ખર્ચાયા છે.ગુજરાતના ઉદ્યોગો અને તેમના પાણી-છેલ્લા ત્રણ વર્ષમાં ૯.૧૦ લાખ પાણીના સેમ્પલો લેવાયા તે પીવા લાયક જણાયા નથી.આ પાણીમાં ટીડીએ,બેકટેરીયા,ઈકોલી-ક્ષાર અને જોખમી ખનિજ દ્રવ્યો જણાયા છે.છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં ૧૯,૮૪૭ થી વધુ પાણીની ફરિયાદ મળી છે.શહેરી વિસ્તારમાં પાણીની પાઈપ લાઈનમાં ગટરના પાણી ભળી ગયા છે. ગામડામાં હેન્ડ પંપો ના પાણીમાં ક્ષારવાળુ પાણી આવે છે.દાહોદ, પંચમહાલ, મહિસાગર, છોટા ઉદેપૂર અને સુરત જિલ્લામાં વધુ ફરિયાદો છે. નલ સે જલમાં સો ટકા સિધ્ધિ મળી નથી.સ્માર્ટ સીટીના પ્રચારમાં કરોડો રૂપિયાનો ધૂમાડો છે.દાહોદ, પંચમહાલ જિલ્લામાં એક પણ ઘરમાં નળમાં પીવા લાયક પાણી મળતું નથી.સેન્ટ્રલ કંટ્રોલ બોર્ડના મતે પાણી ગુણવત્તામાં ગુજરાત ૩૦ માં ક્રમે છે.પ્રેરણાત્મક વિગતોમાં ઉમેર્યું હતું કે તામિલનાડુ કન્યાકુમારી કાંઠા વિભાગના ૪૮ ગામને માછીમારોએ પ્લાસ્ટિક મુકત કર્યા છે.૧૩૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ પછી સવારે સાંજે ૭ વર્ષથી "કચરો આપો સાયકલની ભેટ લો"-ઘરે ઘરે જઈ દુધની પ્લાસ્ટીકની ખાલી થેલી એકત્ર કરી રીસાયકલ માટે મોકલે છે.અરૂણાચલ રાજયમાં દિવાળીના તહેવારોમાં ફટાકડાનો અવાજ નથી કોડિયામાં માખણના દિવા છે.બ્રાઝિલમાં પર્યાવરણની જાળવણી માટે કાચબાના શિકાર ઉપર પ્રતિબંધ છે. એમના પ્રજનન-ઈંડાનો અભ્યાસ કરી મેડીકલ સારવાર આપે છે. પ્રોગ્રામ ઓફિસર પ્રિતી ભટ્ટે પરિચય-સ્વાગત અને રૂણસ્વીકાર કર્યો હતો.સરપંચ સ્નેહલબેન ઠાકોર,અન્ય આગેવાનો શિબિરની સફળતા માટે કામ કરી રહયા છે.

# શુક્રવારે બેગમપૂરા સ્વામી સમર્થ મઠમા પ્રાગટ્ય મહોત્સવ

સુરત, તા.૧૮

સુરત મા જગદંબાની ચૈત્રી નવરાત્રીના શુભ દિવસોમાં ચૈત્રી સુદ બીજે પરમ્પરાગત બેગમપૂરા વડવાળી શેરીમાં ગુરુમહારાજ સ્વામી સમર્થજીનો પ્રાગટ્ય મહોત્સવ પણ ઉજવાશે એમ મંદિરના કર્તાહર્તા શ્રી રવિભાઈ એ જણાવ્યુ હતું. વર્ષોવર્ષથી થતી આ શ્રદ્ધા પૂજા સવારે ૬/૩૦ કલાકે કેસર સ્નાનથી શરૂ થઈ દત્તયાગ, લઘુરૂદ્ર, મહા આરતી અને મહા પ્રસાદને વણી લેવાય છે, સવારથી રાત સુધી ગુરુદેવ સ્વામી સમર્થનું હજારો ભક્તો શ્રદ્ધા સમરણ કરે છે જે દર્શન અને મહા પ્રસાદી માટે ભક્તોને જાહેર આમન્ત્રણ આપવામા આવ્યું છે.

# ઉમરપાડાના સાતવણ ગામે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ

સુરત, તા.૧૮

ઉમરપાડા તાલુકાના સાતવણ ગામે કલસ્ટર બેઈઝ પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ હતી. જેમાં ઝઈ લક્ષ્મણભાઈએ ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો વિશે જણાવી જમીન અને પાકને પ્રાકૃતિક કૃષિ વડે થતાં ફાયદા અંગે જાણકારી આપી હતી. વધુમાં છ્સ્ઘનશ્યામભાઈએ ગાય આધારિત ખેતીથી ન્યુનતમ ખર્ચની સામે મળતાં મહત્તમ નફા દ્વારા ખેડૂતોને થતાં આર્થિક લાભ વિષે માહિતગાર કર્યા હતા.

**વિધાનસભા ગૃહને બોમ્બથી**

પહેલા પાનાનું ચાલુ

ક્ષેત્ર અને બોમ્બ સ્કવોડ સાથે ત્યાં ધસી ગઈ હતી.આ શાળાઓમાં કેટલીકમાં બોર્ડની પરીક્ષાનું આખરી પેપર શરૂ થયાના કલાક પુર્વે જ આ ધમકી મળી હતી જેથી વિદ્યાર્થીઓને ખોટી રીતે પરેશાન થવું પડે નહી તે નિશ્ચિત કરવામાં આવ્યું હતું અને તપાસમાં કશું નહી મળતા હાશકારો થયો હતો.

**રાજ્યસભાના ૩૭**

પહેલા પાનાનું ચાલુ

મોટો નિર્ણય લેવાનો હોય, ત્યારે પરિવારના લોકો કહેતા હોય છે કે 'એકવાર તેમને પૂછી લો, તેમનું શું કહેવું છે'. જો કોઈ બીમાર હોય તો આપણે કહીએ છીએ કે 'બીજા એક ડોક્ટરની સલાહ (સેકન્ડ ઓપિનિયન) લઈ લો'. હું માનું છું કે સંસદીય પ્રણાલીમાં પણ આ 'સેકન્ડ ઓપિનિયન'ની બહુ મોટી ભૂમિકા છે."તેમણે વધુમાં ઉમેર્યું કે, "આ સેકન્ડ ઓપિનિયન દરેક ચર્ચાને એક નવો આયામ આપે છે અને આપણી નિર્ણય લેવાની પ્રક્રિયાને વધુ સમૃદ્ધ બનાવે છે. જે સભ્યો આ સદનમાં બેસે છે, તેઓ આ ગરિમાપૂર્ણ પ્રક્રિયાનો ભાગ બને છે."પીએમ મોદીએ જણાવ્યું કે, આ તેમના જીવનની સૌથી મોટી સ્મૃતિ બની રહેશે. આ સદન પોતાનામાં એક મોટી ઓપન યુનિવર્સિટી સમાન છે, જ્યાં આપણી સાચી શિક્ષણ-દીક્ષા થાય છે. અહીં જે ૬ વર્ષ રહેવાની તક મળે છે, તે રાષ્ટ્ર જીવનની સાથે સાથે પોતાના જીવનને ઘડવાની પણ એક અમૂલ્ય તક છે.તેમણે ઉમેર્યું કે, સભ્યોને એ ભરોસો હોય છે કે ભલે અહી નહીં, પણ પેલા સદનમાંથી તો કંઈક પ્રાપ્ત થશે જ. જે સાંસદો વિદાય લઈ રહ્યા છે તેમને આગામી દિવસોમાં આ તક નહીં મળે. આમાંના કેટલાક એવા નસીબદાર સભ્યો છે જેમને જૂના અને નવા એમ બંને સંસદ ભવનમાં બેસવાનો લ્હાવો મળ્યો છે. આવા અનેક અનુભવી સાંસદો હવે વિદાય લઈ રહ્યા છે.

આ સેકન્ડ ઓપિનિયન' સમગ્ર ચર્ચાને એક નવો આયામ આપે છે અને આપણી નિર્ણય લેવાની પ્રક્રિયાને વધુ સમૃદ્ધ બનાવે છે. જે સભ્યો સદનમાં બેસે છે, તેઓ આ પ્રક્રિયાના સાક્ષી બને છે.

**ભારતમાં ૪૦ ટકા સ્નાતકોએ**

પહેલા પાનાનું ચાલુ

ટકાનો વધારો થયો છે, પરંતુ ખાનગી સંસ્થાઓમાં શિક્ષણની ગુણવતા ચિંતાનું કારણ બની ગઈ છે. ઉચ્ચ શિક્ષણમાં ગરીબ પરિવારોની ભાગીદારી વધી છે, જે ૨૦૦૭માં ૮ ટકાથી વધીને ૨૦૧૭માં ૧૫ ટકા થઈ ગઈ હતી, તેમ છતાં હજુ પણ આર્થિક વિઘ્નો હલ નથી થયા. એન્જીનીયરીંગ-મેડીકલ જેવા મોંઘા વ્યાવસાયિક કોર્સમાં સંપન્ન વર્ગના છાત્ર-છાત્રાઓની ભાગીદારી વધુ છે.

ઉચ્ચ શિક્ષણમાં પુરુષોની ભાગીદારી ઘટીઃ ૨૦૦૪-૦૫ થી ૨૦૨૩ દરમિયાન દર વર્ષે લગભગ ૫૦ લાખ ગ્રેજયુએટસ તૈયાર થયા, પરંતુ ૨૮ લાખ લોકોને જ રોજગાર મળી શકયો.

જો કે રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ છે કે ઉચ્ચ શિક્ષણમાં પુરુષોની ભાગીદારી ૨૦૧૭માં ૩૮ ટકા ઘટીને ૨૦૨૪ના અંત સુધીમાં ૩૪ ટકા રહી ગઈ. ભણતર છોડવાનું સૌથી મોટું કારણ પરિવારની આવકમાં યોગદાન આપવાની જરૂરિયાત બતાવાઈ. ૨૦૧૭માં ૫૮ ટકા યુવાનોએ તેને કારણ બતાવ્યું હતું, જે ૨૦૨૩ સુધીમાં વધીને ૭૨ ટકા થઈ ગયું.

**મેડિકલ ઈન્ડસ્ટ્રી પર યુદ્ધની**

પહેલા પાનાનું ચાલુ

એમોક્સિસિલિન ટ્રાઈહાઈડ્રેટના ભાવમાં ૪૫% અને સિપ્રોફ્લોક્સાસીનના ભાવમાં આશરે ૬૨%નો વધારો થયો છે. દવાઓની સાથે, સર્જિકલ વસ્તુઓમાં પણ ૨૦ થી ૨૫ ટકાનો વધારો થવાની ધારણા છે.

કાચા માલ અને પેકેજિંગના ખર્ચમાં વધારો થવાને કારણે દવાઓ અને સર્જિકલ વસ્તુઓના ભાવમાં વધારો થઈ શકે છે. પરિણામે, આ દવાઓના નવા શિપમેન્ટમાં પ્રતિબિંબિત થઈ શકે છે. કેટલાક ડીલરોએ દવાઓ અને સર્જિકલ વસ્તુઓના ભાવમાં વધારો કર્યો છે. જૂના શિપમેન્ટમાં દવાઓ અને સર્જિકલ વસ્તુઓના ભાવ એ જ રહેશે.

**મૃત વ્યક્તિના બેંક**

પહેલા પાનાનું ચાલુ

અરજદાર વતી અદાલતમાં હાજર એડવોકેટ પ્રશાંત ભૂવણે એવી દલીલ કરી હતી કે મૃત વ્યક્તિના વારસદારોને દાવા વિનાના નાણાં પડ્યા હોવાની જાણ જ ન હોવાને કારણે આ સમસ્યા સર્જાય છે. દાવા વિનાના ખાતાની માહિતી જાહેર કરવાની માંગ કરવામાં આવી હતી.

જો કે, જસ્ટીસ મહેતાએ તે સામે એવી ચિંતા દર્શાવી હતી કે દાવા વિનાના ખાતાની માહિતી જાહેર થવાના સંજોગોમાં ઓનલાઈન માફીયાઓ પોતાને વારસદાર ગણાવીને નાણા હડપ કરવાનો પ્રયાસ કરી શકે છે.કેન્દ્ર સરકારે એમ કહ્યું હતું કે ૧૦ વર્ષ સુધી જમા નાણાં વિશે ખાતેદાર દાવો ન કરે તો નાણાં ડીપોઝીટર એજયુકેશન એન્ડ અવેરનેસ ફંડમાં ટ્રાન્સફર કરી દેવામાં આવે છે અને તેનો ઉપયોગ જનજાગૃતિ તથા નાણાંકીય સાક્ષરતા યોજના માટે કરવામાં આવે છે.જો કે, અરજીમાં આ કામગીરીને પડકારવામાં આવી નથી. અદાલતે કેન્દ્ર તથા રિઝર્વ બેંકને ચાર સપ્તાહમાં જવાબ દાખલ કરવા આદેશ કર્યો હતો અને વધુ સુનાવણી ૫ માર્ચે નિર્ધારિવામાં આવી છે.

**કારમાં ચાર્જીંગ વખતે**

પહેલા પાનાનું ચાલુ

પરિસ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે મકાનની અંદર રાખવામાં આવેલા ૧૦ થી વધુ ગેસ સિલિન્ડરો એક પછી એક ફાટ્યા હતા. સિલિન્ડર બ્લાસ્ટને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને લોકોને બહાર નીકળવાની તક જ મળી નહોતી.

આ મકાન મનોજ પુગાલિયા નામની વ્યક્તિનું હોવાનું સામે આવ્યું છે, જેઓ પોલીમરનો વ્યવસાય કરે છે. તેમણે મકાનમાં જ જ્વલનશીલ કેમિકલ્સ અને પોલીમરનો જથ્થો રાખ્યો હોવાથી આગ મિનિટોમાં આખા બિલ્ડિંગમાં પ્રસરી ગઈ હતી. આસપાસના લોકોએ પોલીસ અને ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલા ત્રણ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા, પરંતુ સાત લોકો અંદર જ ફસાઈ ગયા હતા.ઈન્દોર કલેક્ટર શિવમ વર્માએ જણાવ્યું કે, "આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. બે માળ ક્લિયર કરી દેવાયા છે અને ત્રીજા માળે તપાસ ચાલુ છે. અત્યાર સુધીમાં ૭ લોકોના મોતની પુષ્ટિ થઈ છે." ફાયર ફાઈટરો ટીમો કાટમાળમાં હજુ પણ કોઈ ફસાયેલું છે કે કેમ તેની તપાસ કરી રહી છે. શાંત રહેણાંક વિસ્તાર અત્યારે ચીખ અને આક્રંદથી ગુંજી ઉઠ્યો હતો.આગથી વિજ સપ્લાય ખોરવાતા મકાનના ઈલેકટ્રોનિક લોક ન ખુલ્યા અને....

અગ્નિકાંડ વિશેની તપાસમાં એવો ચોંકાવનારો-લાલબતીરૂપ એવો ખુલાસો થયો છે કે મકાનમાં ઈલેકટ્રીક લોક સિસ્ટમ હતી. આગ લાગતા વિજળી સપ્લાય બંધ થઈ જતાં લોક ખુલી શક્યા ન હતા અને ઘરમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાનું પડકારરૂપ બન્યું હતું. દરવાજા તોડવા પડ્યા હતા અને તેમાં ઘણો સમય લાગી ગયો હતો.

**અલી લારીજાની માર્યા**

પહેલા પાનાનું ચાલુ

માટે મોટો ફટકો છે તેમાં ઉતરીય તહેરાનમાં સલામત ગણાતી ઈમારતમાં ગઈકાલે વહેલી સવારે આ હુમલાનો ભોગ બન્યા છે.

ઈરાનની નેશનલ સિકયોરિટી કાઉન્સીલ દ્વારા લારીજાની અને અન્યના મોતની પુષ્ટિ કરવામાં આવી હતી. ઈઝરાયેલે આ યુદ્ધ પુર્વે જ ઈરાનના ટોચના નેતૃત્વને ખત્મ કરવાના ટાર્ગેટ નકકી કર્યા હતા.

હાલમાં જ એક હુમલામાં ઈરાનના નવા સર્વોચ્ચ વડા મોજતબા ખામેનેઈ પણ ઈજાગ્રસ્ત થયા હોવાનું બહાર આવ્યું હતું પણ તેઓ મોતને હાથતાળી આપવામાં સફળ રહ્યા છે.

**મધ્ય-પૂર્વ યુદ્ધને પગલે**

પહેલા પાનાનું ચાલુ

એક તરફ ક્રુડતેલના ભાવ વધતા તેમાંથી પેદા થતા ડામર-લુબ્રીકેટર ભાવ વધ્યા છે અને પુરતી સપ્લાય નથી. ઈંધણ ખર્ચ પણ વધશે અને તેની સીધી અસર પ્રોજેકટ પર થઈ રહી છે. આ સંદર્ભમાં હાઈવે ડેવલપર્સ સંગઠનોએ નેશનલ હાઈવે ઓથોરિટીને એક પત્ર લખીને તાત્કાલીક નેગોશીએશનની માંગ કરી છે.

ખાસ કરીને ડામર-લુબ્રીકેટર ઉપલબ્ધતા સામે પ્રશ્નો છે અને ભાવ પણ વધી ગયા છે. આ ઉદ્યોગ પેટ્રોલીયમ પેદાશો પર ભારે નિર્ભર છે જેથી પ્રોજેકટ ખર્ચ વધી રહ્યો છે. ગલ્ફ ઉપરાંત રેડ-સી રૂટમાં પણ વિઘ્ન સર્જાયા છે જેથી કાચા માલના શીપીંગ-વિમાન ભાડા પણ વધી ગયા છે. જે કોન્ટ્રાકટર ડેવલપરના અધિકાર ક્ષેત્રની બહારની બાબતો છે અને પ્રોજેકટની સમય મર્યાદા જળવાશે નહી ખર્ચ વધી જશે.

**કુરુક્ષેત્ર**

પેજ-૨ પાનાનું ચાલુ

છે. કુરૂક્ષેત્ર જેવા અન્ય સ્મશાન ટ્રસ્ટ્રોએ પણ સેતુ સંસ્થાની સાથે નાણાકીય બોજ ઉથાવી વીનામુલ્યે અગ્નિ સંસ્કાર કરી પર્યાવરણ દીશામાં જવાબદારી અદા કરી છે અને આવનારા દીવસોમાં પણ તેજ દૃષ્ટિકોણથી કામગીરીની જવાબદારી જાળવી રાખશે સુરત મહાનગર પાલિકા દ્વારા પણ સ્થાયી સમિતિનાં ઠરાવ નંબર ૧૦૬૪/૨૦૨૧ થી સાર્વજનીક સ્મશાન ગૃહ માટે મંજુર થયેલા ઠરાવનાં કમાંક નંબર ૧૩ મુજબ સફાઈ ખર્ચ, વીજળી ખર્ચ, ગેસ વપરાશ ખર્ચ, મેનટેનન્સ ખર્ચનાં ૫૦% રકમ અનુદાન તરીકે આપવાનો નિર્ણય પહેલેથીજ કરવામાં આવ્યો છે. જે નિર્ણયથી મહદઅંશે સ્મશાન ગૃહને વૈકલ્પિક વ્યવસ્થાઓ મળી રહે તેમ છે. ટ્રસ્ટ્ર પરીવાર પર્યાવરણ અને સમય બચતની દિશાની શરૂ કરેલી વિનામુલ્યે અગ્નિ સંસ્કાર સેવાની પહેલને વૈકલ્પિક સેવાકીય નાણાકીય સ્ત્રોતથી અવશ્ય જાળવી રાખશે.

**સુરતમાં કમોસમી**

પેજ-૨ પાનાનું ચાલુ

આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણઅધિકારી / તા. અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રીનંબર – ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ નો સંપર્ક કરવા જિ.ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

**સુરતમાં ટેક્સટાઇલ**

પેજ-૨ પાનાનું ચાલુ

માર્ગદર્શન આપવામાં આવશે. ખાસ કરીને માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSMEs) માટે આ સેન્ટર આંતરરાષ્ટ્રીય વેપારના નિયમો સમજવા, એક્સપોર્ટ માટે તૈયારી વધારવા અને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મકતા વધારવામાં મદદરૂપ બનશે.

ટેક્ષ્ટાઈલ્સ કમિટીના જોઈન્ટ ડિરેકટર શ્રી આર. ચંદ્રને ટેક્ષ્ટાઈલ એક્ષ્પોર્ટ ફેસિલિટેશન સેન્ટર અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ સેન્ટર એક્ષ્પોર્ટ સંબંધિત જરૂરીયાતો માટે સિંગલ વિન્ડો માર્ગદર્શન પૂરૂં પાડશે, ઉત્પાદકોને એક્ષ્પોર્ટર બનવામાં મદદ કરશે, ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અંગે જાગૃતિ ફેલાવશે તેમજ ઉદ્યોગ આધારિત નીતિ સૂચનો આપવા માટે સરકારને સહાય કરશે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતના એક્ષ્પોર્ટરોને સંસ્થાકીય સહાય વધુ મજબૂત બનાવવાની જરૂર છે અને સુરત ભારતની ટેક્ષ્ટાઈલ અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ભારત સરકારના ટેક્ષ્ટાઈલ મંત્રાલયના ટેક્ષ્ટાઈલ કમિશનર શ્રીમતી વૃંદા દેસાઈ (IRS)એ જણાવ્યું હતું કે, ભારતના ટેક્ષ્ટાઈલ ઈકોસિસ્ટમમાં સુરતનું મહત્વ છે અને વૈશ્વિક બજારમાં ભારતની સ્પર્ધાત્મકતા વધારવા માટે એક્ષ્પોર્ટ કેન્દ્રિત સહાય વ્યવસ્થાઓને મજબૂત બનાવવી આવશ્યક છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ એક્ષ્પોર્ટ ફેસિલિટેશન સેન્ટર એક્ષ્પોર્ટરોને વૈશ્વિક વેપારના જટિલ પરિસ્થિતિમાં માર્ગદર્શન આપવા માટે મહત્વપૂર્ણ સંસ્થાકીય પ્લેટફોર્મ બનશે.કાર્યક્રમ દરમિયાન અતિથિ વિશેષ તરીકે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અને ફોગવાના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ આ પહેલનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આવા ફેસિલિટેશન સેન્ટર ઉત્પાદકો, એક્ષ્પોર્ટરો અને સરકારી સહાય વ્યવસ્થાઓ વચ્ચેના અંતરને ઘટાડવામાં મદદરૂપ બનશે.અતિથિ વિશેષ તરીકે મેનમેડ એન્ડ ટેકનિકલ ટેક્ષ્ટાઈલ્સ એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ (MATEXIL)ના ચેરમેન શ્રી શાલીન તોશનીવાલે ભારતના મેનમેડ ફાઈબર અને ટેકનિકલ ટેક્ષ્ટાઈલ્સના એક્ષ્પોર્ટ માટે વધતી તકો અંગે પ્રકાશ પાડયો હતો અને એક્ષ્પોર્ટરો માટે જાગૃતિ તથા ક્ષમતા વિકાસ કાર્યક્રમોની મહત્વતા દર્શાવી હતી.કાર્યક્રમમાં ઉદ્યોગકારો અને એક્ષ્પોર્ટરો સાથે ઈન્ટરેકિટવ કન્સલ્ટેશન સેશન પણ યોજાયું હતું, જેમાં તેમણે ટેક્ષ્ટાઈલ્સ કમિટી અને ટેક્ષ્ટાઈલ મંત્રાલયના અધિકારીઓ સમક્ષ પોતાના અભિપ્રાયો, અપેક્ષાઓ અને સૂચનો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના અંતે ટેક્ષ્ટાઈલ્સ કમિટીના આસિસ્ટન્ટ ડિરેકટર શ્રી બી.કે. શુક્લાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં ટેક્ષ્ટાઈલ મંત્રાલયના અધિકારીઓ, ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની એમએસએમઈ કમિટીના ચેરમેન સીએ મનિષ બજરંગ, પૂર્વ પ્રમુખો શ્રી આશીષ ગુજરાતી અને શ્રી હિમાંશુ બોડાવાલા તેમજ શ્રી એસ.પી. વર્મા, એક્ષ્પોર્ટરો, ઉદ્યોગ સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા વિવિધ સ્ટેકહોલ્ડર્સ ઉપસ્થિત રહ્યા હતા.

**મુશ્કેલીના સમયમાં**

પેજ-૨ પાનાનું ચાલુ

વર્કિંગ પ્રોગ્રેસવાળી વાત છે. પોલીસ દળ ઓછું છતાં ટ્રાફિક વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થાનું પાલન ખૂબ જ સારી રીતે થાય છે. તેમણે કહ્યું કે, બધા નાગરિકો પણ અમારી ટીમ જ છે.

ભૂતકાળની વાતો વાગોળતા ડીજીપી રાવે કહ્યું હતું કે, રેલના સમયે ખૂબ જ કઠીણ પરિસ્થિતિ ઉભી થઈ હતી. સુરત હવે બે – ત્રણ વર્ષ પાછળ ચાલ્યું જશે, ઈકોનોમિને રિવાઈવ થતા વાર લાગશે અને સુરતને ઉભું થતા વર્ષો લાગી જશે એવું લાગતું હતું, પરંતુ નાગરિકો અને સોસાયટીના આગેવાનોએ સાથે મળીને સુરતને કેટલાક દિવસોમાં જ ફરીથી ખૂબસુરત બનાવી દીધું હતું. ભૂકંપના સમયે લોકોએ ઘણી મદદ કરી હતી. મુશ્કેલીના સમયમાં આગળ આવીને સાથે મળીને કામ કરવાની સુરતની તાસીર છે.સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌતે (IPS) જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સનો પોલીસની સાથે સમન્વય ખૂબ જ સારો છે. ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને કોઈ મુશ્કેલી નહી પડે તે માટે ઈકોનોમિક સેલ વીંગ છે જ, કોઈ પણ જરૂરિયાત જણાય તો વ્યવસાયિકો પોલીસનો સંપર્ક કરે, જેથી સાથે મળીને મુશ્કેલીનું નિરાકરણ લાવી શકીશું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો તથા ઉદ્યોગકારોએ પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી તેમજ ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો યોજવા અંગે આશા વ્યક્ત કરી હતી. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસાયિકોએ વેપાર–ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલી કાયદાકીય વ્યવસ્થા, સાયબર ક્રાઈમ, ટ્રાફિક મેનેજમેન્ટ તેમજ ઉદ્યોગ વિસ્તારોમાં સુરક્ષા વધારવા જેવા વિવિધ મુદ્દાઓ પર સૂચનો રજૂ કર્યા હતા.

**અઠવા પાર્ટી પ્લોટ**

પેજ-૨ પાનાનું ચાલુ

જયોતને તાપી નદીમાં વિસર્જન કરાશે. મુરલીઘર લીલાણી સૌ પરિવાર સાથે આ કાર્યક્રમ શોભાયાત્રામાં લાભ લેવા અનુરોધ કરેલ છે. કાર્યક્રમમાં સંચાલન પ્રમુખ વાસુદેવ ગોપલાણી, મંત્રી ધનશ્યામભાઈ ખટ્ટર, નાનકરામ અટલાણી, રાજકુમાર મુલચંદાણી, ગોવર્ધન છત્તાણી, મહેશ બુલચંદાણી, વાસુદેવ સાધવાણી, શોભારામ ગુલાબવાની, ત્રિલોક થઘાણી, મદન ગોપાલ, પ્રતાપ ગોપલાણી, મુરલીઘર લીલાણી તથા અન્ય કારોબારી શભ્યોએ કાર્યક્રમ સેવા બજાવી છે.

છેલ્લા પાનાનું ચાલુ

**આંગણવાડી વર્કરોની**

વધુ આંગણવાડી બહેનોએ ૧૮મીથી ત્રણ દિવસ સુધી કામકાજથી અળગા રહેવા એલાન કર્યુ છે. છેલ્લા લાંબા સમયથી આંગણવાડી બહેનો પડતર પ્રશ્નોને લઈને આંદોલન-વિરોધ પ્રદર્શન કરી રહી છે. પણ હજુ સુધી કોઈ ઉકેલ આવી શક્યો નથી. તા.૧૦ માર્ચ ૨૦૨૫ના રોજ પણ મુખ્યમંત્રીએ હૈયાધારણ આપી હતી તેમ છતાંય એકેય માંગણી પૂરી થઈ નથી.

**સુરત,તાપી, નવસારી**

જેવા જિલ્લાઓમાં વિવિધ રસ્તાઓ બનાવવા અને અપગ્રેડ કરવા માટે રૂ ૧૧૮૫ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરી છે. આ યોજનામાં પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓ માટે પણ માતબર રકમ ફાળવવામાં આવી છે. આ યોજના અંતર્ગત જિલ્લાઓમાં માર્ગોને પહોળા કરાશે, તેને મજબૂત કરાશે. જરૂરી જગ્યાએ આ રસ્તાઓ ચાર અને છ માર્ગિય કરાશે અને કેટલાક શહેરોમાં બાયપાસ માર્ગોનું નિર્માણ કરાશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારતના પ્રવાસન ક્ષેત્રએ વર્ષ ૨૦૨૪માં વિદેશથી આવતા પ્રવાસીઓમાં ૧૪.૮૫ ટકા જેટલો જબદરસ્ત વધારો થયો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં ભારતમાં ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર વિશેષ ઉભરી આવ્યું છે. સૌથી વધારે વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત દેશભરમાં ત્રીજા નંબરે રહ્યું છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૧૮ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો પર યુદ્ધનું સંકટ તોળાતા કારીગરોની હિજરત

## ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરો ઉમટી પડતા રેલવે પોલીસ દ્વારા સુચારુ આયોજન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૮**

સુરત શહેરમાં હાલમાં બે મુખ્ય પરિસ્થિતિઓ એકસાથે જોવા મળી રહી છે, જેના કારણે ઉદ્યોગો તેમજ જાહેર પરિવહન વ્યવસ્થામાં ખાસ્સો પ્રભાવ પડ્યો છે. એક તરફ આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા યુદ્ધના કારણે ગેસ આધારિત ઉદ્યોગોમાં અંદાજે ૫૦ ટકા સુધી ઉત્પાદન ઘટાડો નોંધાયો છે. ગેસના ભાવમાં વધારો અને સપ્લાયમાં અછતના કારણે નાના તેમજ મોટા ઉદ્યોગોને ભારે આર્થિક દબાણનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ટેક્સટાઈલ અને ડાયમંડ સેક્ટર સાથે જોડાયેલા ઉદ્યોગોમાં કામકાજ ધીમું પડ્યું છે, જેના કારણે રોજગાર પર પણ અસર થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

ઉદ્યોગકારોનું કહેવું છે કે ગેસના વધતા ખર્ચને કારણે ઉત્પાદન ખર્ચ વધી ગયો છે, જ્યારે બજારમાં માંગ સ્થિર રહેતાં નફામાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. કેટલાક નાના ઉદ્યોગો તાત્કાલિક રીતે બંધ રાખવાના કે ઓછી ક્ષમતા સાથે ચલાવવાના નિર્ણય પણ લઈ રહ્યા છે. આ પરિસ્થિતિ લાંબા ગાળે ચાલુ રહે તો ઉદ્યોગ ક્ષેત્રમાં વધુ ગંભીર અસર થઈ શકે છે એવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.


બીજી તરફ, શહેરમાં ઉનાળુ વેકેશન શરૂ થતાં અને બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થતાં ઉત્તર ભારત તરફ જનાર મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાં જવા માટે લોકો મોટી સંખ્યામાં ટ્રેનોમાં મુસાફરી કરી રહ્યા છે. જેના કારણે સુરત અને ઉધના રેલવે સ્ટેશનો પર ભારે ભીડ જોવા મળી રહી છે.

ટ્રેનોમાં બેસવા માટે મુસાફરોની લાંબી લાઈનો લાગી રહી છે અને પ્લેટફોર્મ પર પણ ભારે ધસારો સર્જાયો છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત રેલવે પોલીસ, આરપીએફ અને રેલવે સ્ટાફ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ટ્રેનોના બુકીંગ, પ્લેટફોર્મ મેનેજમેન્ટ અને મુસાફરોની સુરક્ષા માટે વધારાની તૈનાતી કરવામાં આવી છે.

રેલવે અધિકારીઓએ જણાવ્યું છે કે મુસાફરોને સરળતા રહે તે માટે ખાસ ટ્રેનોની વ્યવસ્થા અને વધારાના કોચ લગાડવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે. સાથે જ મુસાફરોને અનાવશ્યક ભીડ ટાળવા માટે સમયસર સ્ટેશન પર આવવા અને નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

આ રીતે એક તરફ ઉદ્યોગોમાં મંદીનો માહોલ છે તો બીજી તરફ રેલવે સ્ટેશનો પર મુસાફરોની ભારે અવરજવરથી શહેરમાં વ્યસ્તતા વધી છે. બંને પરિસ્થિતિઓને સંભાળવા માટે તંત્ર સજ્જ બન્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તર ભારત તથા બિહાર તરફ સુરત આવતા ઉધનાથી ઉપડતી ટ્રેનોમાં કાયમી ધોરણે મુસાફરોનો ઘસારો જોવા મળે છે. અલબત્ત આજકાલ મધ્ય-પૂર્વ યુદ્ધની અસરથી ઉદ્યોગો ઠપ થઈ જવાની ભીતીને પગલે પરપ્રાંતિય કારીગરોમાં ગભરાટ ફેલાઈ ગયો છે. ઘરેલું ગેસ પર્યાપ્ત માત્રમાં ઉપલબ્ધ છે પરંતુ કેટલાક તકસાધુઓ કાળાબજાર કરતા પરપ્રાંતિય કારીગરો મુશ્કેલીમાં મુકાઈ જતા વધુ પ્રમાણમાં વતન તરફ રવાના થઈ રહ્યાં હોવાનું જાણવા મળે છે.




પવિત્ર ચૈત્રી નવરાત્રી એ હિંદુ ધર્મનો એક મહત્વપૂર્ણ તહેવાર છે, જે ચૈત્ર મહિનામાં ચૈત્ર સુદ એકમથી ચૈત્ર સુદ નવમી સુધી આવે છે. આ તહેવાર દરમિયાન, દેવી દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે ત્યારે માઈ ભક્તો ઉપવાસ અને દેવી દુર્ગાની પ્રાર્થના કરે છે અને દેવી શક્તિના જૂના અંબાજી મંદિરોમાં ભક્તો વહેલી સવારથી મોડી રાત્રીએ હજારોની સંખ્યામાં સતત નવ દિવસ સુધી માઁ ના શરણે અને ચરણે આશીર્વાદ પ્રાપ્તિ માટે ઉમટી પડતા હોય છે! આગામી પવિત્ર ચૈત્રી નવરાત્રીનો શ્રી શુભારંભ આવતીકાલે ગુરુવાર ચૈત્ર સુદ એકમથી નિમ્ન લિખિત રીતે થશે, જેમાં પવિત્ર ચૈત્ર નવરાત્રી દરમ્યાન જણાવેલ તારીખે પૂજાતા માતાજીના સ્વરૂપો ઊપર દેવી બિરાજમાન થયા છે.




ઉધના રેલવે સ્ટેશન પરથી ઉપડતી સાપ્તાહિક સુરત-ભાગલપુર ટ્રેનમાં મુસાફરોના ધસારો રોકવા માટે રેલવે પોલીસ તંત્ર દ્વારા સુચારુ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ઉધના રેલવે સ્ટેશન પર શિસ્તબદ્ધ રીતે મુસાફરોએ ટ્રેનમાં ચઢવા માટે લાંબી લાઈન લગાવી દીધી હોવાનું આ તસ્વીરમાં નજરે પડે છે. (તસવીર : હનીફ મલેક)

# આંગણવાડી વર્કરોની હડતાળ જુદા જુદા સ્થળોએ વિરોધ પ્રદર્શન

## નોકરી કાયમી કરવા તથા વેતનમાં વધારો કરવાની માગણી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૮**

સુરત શહેરમાં આંગણવાડી વર્કરો દ્વારા આજે મોટી હડતાલનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાંથી એકત્રિત થયેલી બહેનો પોતાની લાંબા સમયથી બાકી રહેલી માંગણીઓ માટે અવાજ ઉઠાવ્યો હતો. મુખ્ય માંગણીઓમાં નિયમિત નોકરી, વધારેલા વેતન અને બાકી પડતર ચૂકવણીનો સમાવેશ થાય છે.

હડતાલ દરમિયાન વર્કરોએ જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી ઓછા માનદ પર ભારે જવાબદારીઓ નિભાવતા આવ્યા છે, છતાં સરકાર તરફથી યોગ્ય પ્રતિસાદ મળતો નથી. આ કારણે તેઓને આ પગલું ભરવું પડ્યું છે. અનેક સ્થળોએ પ્રદર્શન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં આંગણવાડી બહેનો જોડાઈ હતી.

આ હડતાલના કારણે શહેરમાં આંગણવાડી કેન્દ્રોની કામગીરી પ્રભાવિત થઈ હતી, જેના કારણે નાના બાળકો અને ગર્ભવતી મહિલાઓને મળતી સેવાઓમાં ખલેલ પહોંચી હતી. વર્કરોએ ચેતવણી આપી હતી કે જો તેમની માંગણીઓનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો તેઓ આંદોલન વધુ ઉગ્ર બનાવશે.

સ્થાનિક પ્રશાસન દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને સંવાદ દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

રાજ્યની આંગણવાડી બહેનો, આશા વર્કરો અને હેલ્પર બહેનોએ પડતર માંગણીઓને લઈને સરકાર સામે રણશિંગું ફૂંક્યું છે. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર સાથે ૨૭ બેઠકો થઈ ચૂકી છે તેમ છતાંય પગાર વધારાથી માંડીને અન્ય પ્રશ્નો યથાવત રહ્યાં છે. આખરે હારીથાકીને રાજ્યની એક લાખથી

અનુસંધાન પાના ૭ પર

# પાસોદરા શાકભાજી માર્કેટમાં વૃદ્ધાની સોનાની માળાની ચોરી

## ભીડનો લાભ લઈ ગઠિયાએ બે તોલાની માળા સેરવી લીધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૮**

સુરત શહેરના પાસોદરા વિસ્તારમાં ફરી એકવાર ચોરીની ઘટના સામે આવી છે, જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ ચંપાબેન ધીરુભાઈ વઘાસિયા (ઉંમર ૬૨ વર્ષ), રહે. ઓમ રો હાઉસ, પાસોદરા ગામ, તા. ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે લગભગ ૬:૩૦ વાગ્યે મહાદેવ મંદિર પાસે આવેલ શાકભાજી માર્કેટમાં ખરીદી કરવા ગયા હતા.

તે દરમિયાન ભીડનો લાભ લઈ અજાણ્યા શખ્સે તેમની નજર ચૂકવી ગળામાં પહેરેલી સોનાની માળા ચોરી કરી લીધી હતી. ચોરાયેલી માળાનું કુલ વજન અંદાજે ૨૨.૫૫૦ ગ્રામ (નેટ ૨૦.૯૫૦ ગ્રામ) હતું. આ માળાની હાલની બજાર કિંમત અંદાજે રૂપિયા ૩,૦૫,૦૦૦ જેટલી ગણવામાં આવે છે. નોંધનીય છે કે આ જ્વેલરી તેમણે અગાઉ રૂપિયા ૬૩,૫૩૭માં ખરીદી હતી. આ ઘટનાની ફરિયાદ તા. ૧૭ માર્ચ ૨૦૨૬ના રોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. પોલીસ દ્વારા અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો નોંધાઈ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાસ્થળ નજીક લાગેલા સીસીટીવી કેમેરાની તપાસ કરીને આરોપીની ઓળખ મેળવવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. સ્થાનિક રહેવાસીઓએ આવી ઘટનાઓને કારણે ચિંતા વ્યક્ત કરી છે અને પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે. પોલીસે લોકોને સાવચેત રહેવા અને ભીડભરેલા વિસ્તારોમાં ખાસ ધ્યાન રાખવાની અપીલ કરી છે.

# દક્ષિણ ગુજરાતના રેલવેના પ્રશ્નો સંસદમાં રજૂ કરતા મુકેશ દલાલ

## શતાબ્દી તથા વંદે ભારત ટ્રેનના સમયમાં ફેરફાર કરવા સુરતના સાંસદની માગણી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૮**

સંસદમાં રેલવે મંત્રાલયના ડિમાન્ડ ફોર ગ્રાન્ટ્સ પર ચર્ચા દરમિયાન લોકસભાના સાંસદ મુકેશ દલાલે સુરત સાથે જોડાયેલા મહત્વના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. મુસાફરોની સુરક્ષા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રશ્નોને પ્રાથમિકતા આપતા, ખાસ કરીને કીમ રેલવે સ્ટેશન પર અધૂરી પડેલી એલિવેટેડ સીડીઓનું કામ ઝડપથી પૂર્ણ કરવાની માંગ કરવામાં આવી હતી. હાલ જમીન અધિગ્રહણની સમસ્યાઓને કારણે કામ અટકી ગયું હોવાનું જણાવાયું હતું. સાથે જ રેલવે ક્રોસિંગ પર બનતી દુર્ઘટનાઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

સાંસદ મુકેશ દલાલે સંસદભવમાં ચર્ચા દરમિયાન કીમ અને કુડસદ રેલવે સ્ટેશનો પર ટ્રેનના હોલ્ટ ફરી શરૂ કરવાની માંગ પણ ઉઠાવવામાં આવી. સ્થાનિક મુસાફરોને સુવિધા મળે તે માટે જામનગર–વડોદરા એક્સપ્રેસને સુરત સુધી લંબાવવાની રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત શતાબ્દી અને વંદે ભારત ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરી મુસાફરોને વધુ અનુકૂળતા મળે તે માટે પણ સૂચનો આપવામાં આવ્યા હતા.

વધુમાં લાંબા અંતરના પ્રવાસને ધ્યાનમાં રાખીને વંદે ભારત સ્લીપર ટ્રેનો શરૂ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો. અંતમાં રેલવે મંત્રાલય દ્વારા કરવામાં આવી રહેલા વિકાસ કાર્યોની પ્રશંસા કરવામાં આવી અને લોકોના પ્રશ્નોને સતત ઉઠાવી સુરક્ષા અને કનેક્ટિવિટી સુધારવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# સુરતમાં માવઠાની આગાહી સાથે ભેજનું પ્રમાણ વધતા ઉકળાટ વધ્યો

## આજે વહેલી સવારે તાપમાન ૨૧.૯ ડિગ્રી નોંધાયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૮**

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં હાલ ભેજાળ વાતાવરણ અને માવઠાની શક્યતાઓ વચ્ચે લોકો ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ સુરતમાં મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૧.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. તાપમાન સામાન્ય રેન્જમાં હોવા છતાં હવામાં ભેજનું પ્રમાણ ખૂબ ઊંચું હોવાથી ગરમીનો અહેસાસ વધુ થઈ રહ્યો છે.

હાલ દક્ષિણ-પૂર્વ દિશામાંથી આશરે ૪ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાઈ રહ્યો છે, જેનાથી વાતાવરણ સ્થિર અને ભેજાળ બન્યું છે. હવામાં ભેજનું પ્રમાણ ૯૧ ટકા સુધી પહોંચતાં ઉકળાટમાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને બપોર બાદ લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે.

હવામાન નિષ્ણાતોના મતે, આ પ્રકારની પરિસ્થિતિમાં માવઠાની શક્યતા ઊભી થાય છે. દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આવનારા દિવસોમાં છૂટાછવાયા હળવા થી મધ્યમ વરસાદ પડી શકે છે. ખેડૂતો માટે આ માવઠું ફાયદાકારક પણ સાબિત થઈ શકે છે, પરંતુ કેટલીક જગ્યાએ પાકને નુકસાન થવાની શક્યતા પણ રહેલી છે.

આ ઉપરાંત, ઉંચી ભેજ અને ગરમીના કારણે આરોગ્ય પર પણ અસર પડી શકે છે. તબીબો લોકોને વધુ પાણી પીવાનું, હલકી અને ઠંડી વસ્તુઓનો ઉપયોગ કરવાનો તેમજ જરૂર ન હોય તો બપોરના સમય દરમિયાન બહાર ન નીકળવાની સલાહ આપી રહ્યા છે.

સામાન્ય રીતે જોવામાં આવે તો હાલનું વાતાવરણ ભેજાળ અને અસ્થિર છે, જે આવતા દિવસોમાં માવઠા તરફ દોરી શકે છે. હવામાન વિભાગ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને જરૂર મુજબ આગાહી અપડેટ કરશે. તેથી નાગરિકોને તાજેતરની માહિતી પર ધ્યાન રાખવા અને જરૂરી સાવચેતીઓ રાખવાની સૂચના આપવામાં આવી છે.




સચીન રેલવે સ્ટેશન પાસેના રેલવે ફ્લાય ઓવર બ્રિજનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. રેલ ઓવર બ્રિજના એપ્રોચ રસ્તાનું કામ પણ આખરી તબક્કામાં છે. બે લેનના ૯.૫ મીટર ઊંચો રેલવે ઓવર બ્રિજ કુલ ૫૮૫ મીટરની લંબાઈ ધરાવે છે. નવ નિર્મિત રેલ ઓવર બ્રિજની આ તસ્વીર 'પ્રતાપ દર્પણ'ના વાચક ફેનિલ ઠક્કરે પાઠવી છે.



ઉનાળા દરમિયાન શહેરભરના સ્વિમીંગ પુલોના તમામ બેચ હાઉસ ફુલ થઈ ગયા છે. ગરમીમાં મોટી સંખ્યામાં સ્વીમીંગ કરતા યુવકોની આ તસ્વીર.

# સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગના રસ્તા માટે ૧૧૮૫ કરોડ મંજૂર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો દક્ષિણ ગુજરાતનાં ટુરિઝમને બૂસ્ટર ડોઝ

**સુરત, તા.૧૮**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં ભારતમાં ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર વિશેષ ઉભરી આવ્યું છે. સૌથી વધારે વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત દેશભરમાં ત્રીજા નંબરે રહ્યું છે

ગાંધીનગર, ૧૭ માર્ચ, ૨૦૨૬: જો તમે અમદાવાદ, વડોદરા કે સુરત જેવા શહેરમાં રહો છો અને વીકએન્ડમાં દક્ષિણ ગુજરાતનાં પ્રાકૃતિક જંગલો અને પ્રવાસન સ્થળોએ જવુ છે તો હવે લાંબા આયોજનની જરૂર નહી પડે, આંખનાં પલકારામાં પહોંચી જશો. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દક્ષિણ ગુજરાતમાં આવેલા પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓને પહોળા અને અપગ્રેડ કરવાનો એક બૂસ્ટર ડોઝ આપ્યો છે.

તાજેતરમાં જ મુખ્યમંત્રીશ્રીએ સુરત ઈકોનોમિક રિજિયન (SER) યોજના (ફેઝ ૧) અંતર્ગત સુરત, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ

અનુસંધાન પાના ૭ પર

### રજવાડી નગર ધરમપુર હવે હાથવેંતમાં

આવી જ રીતે, ચીખલીથી ખેરગામ થઈને ધરમપુર જતા રસ્તાને ચાર માર્ગીય કરવામાં આવશે અને ધરમપુર જવુ વધુ સરળ બનશે. આ રસ્તો પહોળો થતા ચોમાસામાં પ્રકૃતિના ખોળે આવેલા ધરમપુર અને વિલ્સન હીલ જેવા પ્રવાસન સ્થળોએ ઝડપથી પહોંચી શકાશે. દક્ષિણ ગુજરાતનાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા પ્રવાસન અને યાત્રાધામો જેવા કે, કેવડી ઈકો-ટુરીઝમ સાઈટ (માંડવી), પદમડુંગરી ઈકો-ટુરિઝમ સાઈટ (ડોલવણ), ઉનાઈ મંદિર (વાસંદા), વઘઈ બોટનિકલ ગાર્ડન, વાસંદા નેશનલ પાર્ક (વાંસદા), પુર્ણા વન્યજીવ અભ્યારણ્ય, અને ગીરા ધોધ જેવા અનેક સ્થળોએ માનવ મહેરામણ ઉમટી પડે છે. પ્રવાસન સ્થળોનાં વિકાસની સાથે સાથે સ્થાનિક લોકોને રોજગારી મળશે અને સરકારનાં સૌના સાથ અને સૌના વિકાસનાં મંત્રને નવી ઉર્જા મળશે.

### કોસ્ટલ હાઈ-વે દ્વારા સંજાણ અને દમણ સુંધી પહોંચું બનશે આસાન

વલસાડ જિલ્લામાં ઉમરસાડીથી કોલક નદી કોસ્ટલ હાઈ-વે પર કોઝ-વે બનશે. આ કોસ્ટલ હાઈ-વે વલસાડ અને દમણને જોડતો અગત્યનો રસ્તો છે. આ નયનરમ્ય રસ્તો દમણ, ઉદવાડા અગિયારી, ઉમરસાડી વોક-વે બ્રિજ વગેરે પ્રવાસન સ્થળોને જોડતો રસ્તો છે. હયાત ૧૦ મીટર રસ્તાને હવે પહોળો કરીને ફોન-લેન કરવામાં આવશે.

### સુરતના સુવાલી બીચ પર સહેલાઈથી પહોંચી શકશો

સુરતનાં દરિયાકાંઠે આવેલા મોરા—સુવાલી બીચ માર્ગનો વિકાસ કરાશે આથી, સુવાલી બીચ સુધી પહોંચવું વધુ સરળ બનશે. સુવાલી બીચ સુરત જિલ્લાના મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળ તરીકે વિકસ્યુ છે અને અહી યોજાતો "સુવાલી બીચ ફેસ્ટિવલ" આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. માર્ગના વિકાસથી પ્રવાસન પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન મળશે તેમજ વિસ્તારમાં આર્થિક વિકાસને ગતિ મળશે.

સુવાલી બીચ રોડ કોસ્ટર હાઈવે ફેઝ-૧ અંતર્ગત ૧૦.૦૦ મી પહોળો કરવામાં આવ્યો હતો. અને ત્યાર પછી સુવાંલી બીચનો સુરત જિલ્લાના પ્રવાસન સ્ટ્થળમાં સમાવેશ કરાયો હતો. હવે હજ્જારોની સંખ્યામાં સહેલાણીઓ આ બીચની મુલાકાત લે છે. આથી, મોરાથી સુવાલી બીચ રોડ ફોર લેન કરવામાં આવશે.

### ઐતિહાસિક અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ પહોળો કરાશે

મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીયાત્રાનાં રૂટ પર હવે સહેલાઈથી પ્રવાસ કરી શકાશે. અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ- પર આવતા કદરામા, એરથાણ, ટકરામા, ભટગામ, મોહમ્મંદપુરા, ગોલા, સાંધિયેર, ગામને આ રસ્તો જોડે છે. આ રસ્તાને ત્રણ મીટરમાંથી સાત મીટર પહોળો કરાશે અને ટ્રાફિકનું ભારણ ઘટતા આ ઐતિહાસિક માર્ગ પર જવુ વધુ સુગમ બનશે.

### ડાંગનું પ્રાકૃતિક સૌંદર્ય હવે શહેરોથી દૂર નથી

ગુજરાતનો અતંરિયાળ ગણાતો આદિવાસી વસ્તી ધરાવતો ડાંગ જિલ્લો હવે દૂર નહી લાગે. તેની પ્રાકૃતિક સુંદરતા જોવા માટે થોડી જ વારમાં પહોંચી શકાશે. ડાંગમાં વઘઈથી આહવા જવાનો રાજ્ય ધોરીમાર્ગ ડાંગ જિલ્લાનાં અન્ય ગામોને જિલ્લા મથક સાથે જોડે છે અને પ્રવાસન તથા યાત્રાધામની દ્રષ્ટએ ઘણી અગત્યતા ધરાવે છે. આ રસ્તો શબરીધામ, પંપા સરોવર, અગ્નિનકુંડ, પાંડવ ગુફા, વગેરે જેવા પવિત્ર યાત્રાધામમાં તથા ડોન હિલ સ્ટેશન, મહાલ કેમ્પ સાઈટ, , દેવનીમાળ કેમ્પ સાઈટટ, સાપુતારા હીલ સ્ટેશન તેમજ સ્ટેચ્યૂ ઓફ યુનિટિ થી સાપુતારા જેવા પ્રવાસન સ્થળો માટે અત્યંત મહત્વનો રસ્તો છે. આ રસ્તો હવે ચાર-માર્ગીય થશે અને લોકો ઝડપથી અતંરિયાળ વિસ્તારમાં આવેલા પ્રવાસન સ્થળોએ ઝડપથી પહોંચી શકશે.